૧૯૨૮ ની ભેટ.   સ્વ. હરિપ્રસાદ છો. કવિ સ્મારક.

સામાજિક ટુંકી વાર્તાઓ.

ઓંમાણી ગ્રંથપ્રક કાર્યાલય.

સ્વ. હરિપ્રસાદ છોટાલાલ કવિ સ્મારક.

"શ્રીમાળી શુભેચ્છક"ની સને ૧૯૨૮ની ભેટ.

સામાજિક ટુંકી વાર્તાઓ.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ

શ્રીમાળી શુભેચ્છક કાર્યાલય તરફથી

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી.

ઢાલગરવાડ-**અમદાવાદ.**

સંવત ૧૯૮૫. ૧૦૦૦. સને ૧૯૨૯.

અમૂલ્ય.

જ્ઞાનમન્દિર મુદ્રણાલયમાં શંકરરાવ અમૃતરાયે છાપ્યું.
રાયપુર, અમદાવાદ.

પ્રસ્તાવના.

“ શ્રીમાળી શુભેચ્છક ”ના ગ્રાહકોને પ્રત્યેક વર્ષે એકાદ ઉપયોગી પુસ્તક ભેટ આપવામાં આવે છે. ૧૯૨૫ની સાલની ભેટ તરિકે **“ સસ્તુ સાહિત્ય કાર્યાલય ”** તરફથી પ્રસિદ્ધ થએલી “ સામાજિક ટુંકી વાર્તાઓ ” માંથી ત્રણ વાર્તાઓ તથા સદરહુ પુસ્તકના “નિવેદન” માંથી કેટલાક અગત્યના ભાગનું પુસ્તક આપવામાં આવ્યું હતું. તે પુસ્તક વાંચકોને બહુ ઉપયોગી અને આનંદદાયક નીવડ્યું હતું. **તેથી ૧૯૨૮ ની ભેટ** તરિકે તેજ પુસ્તકોમાંથી બીજી કેટલીક વધારે વાર્તો પસંદ કરી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક પ્રકટ કરવા માટે ભિક્ષુ અખંડાનંદજીની પરવાનગી માગવામાં આવી હતી. તે પરવાનગી તેમણે વિના સંકોચે આપતાં આ પુસ્તક છપાવી શુભેચ્છકના ગ્રાહકો આગળ રજુ કરવાની તક પ્રાપ્ત થઇ છે. અને આશા છે કે આ પુસ્તક પણ ઉપયોગી થઈ પડશે. આ વાર્તાઓ પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવા માટે ભિક્ષુ અખંડાનંદજીનો ઉપકાર માનવાની રજા લઉં છું. પ્રત્યેક વર્ષની માફક આ પુસ્તક પ્રકટ કરવાનું ખર્ચ રા. **છોટાલાલ દલપતરામ** કવિએ ઉપાડ્યું છે માટે તેમનો પણ આ સ્થળે ઉપકાર માનું છું.

શ્રીમાળી શુભેચ્છક કાર્યાલય
દોલતખાના ૪૧૦૩-૬
અમદાવાદ.

ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી

સામાજિક ટુંકી વાર્તાઓ.

આદર્શ ભાઇભોજાઈ.

૧–બંધુનો ઉપદેશ

એક દિવસે મારા બંધુએ મને બોલાવીને કહ્યું: "દીનુ! હવે તું નાનો નથી. ગૃહની કોઈ પણ વાત તારાથી છુપી નથી. કોણ જાણે કેવી રીતે કોના પુણ્યના ઉદયના લીધે કાચુંપાકું બે મુઠી અન્ન મળ્યે જાય છે. જો માતાપિતાના કહેવા પ્રમાણે હું સારી રીતે ભણ્યો હોત તો આજે ફક્ત વીસ રૂપિયાને માટે હમેશાં બેગાઉ સુધી જવું આવવું પડત નહિ; છતાં તેમની મારપીટથી હું જે કાંઇ ભણ્યો તે ભણતરનાજ પ્રતાપે આજે કાચુંપાકું ખાઇને તથા જાડું પાતળું પહેરીને આપણા દિવસો વ્યતીત કરીએ છીએ. જો એ સમયે હું આટલું પણ ન ભણ્યો હોત તો કોણ જાણે કે આજે શીએ દશા થઇ હોત!"

આટલું કહેતાં કહેતાં બંધુનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું. આજ સુધીમાં મેં માસ્તરનો ઘણો માર સહન કર્યો હતો અને આડોસીપાડોસીઓનો ઉપદેશ પણ સાંભળ્યો હતો; પરંતુ મારા ઉપર તેની કશીજ અસર થઇ ન હતી:

પણ કોણ જાણે શાથી આજે મને વડિલ ભ્રાતાનું કથન એવું લાગ્યું કે, તે મારા ચિત્તમાં પ્રવેશ કરી ગયું. મેં નીચું મોં રાખી ભાઇનો સકળ સદુપદેશ શ્રવણ કર્યો. પછી કેટલીક ક્ષણ સુધી ત્યાં આગળ બેસી રહ્યા પછી હું ઉઠીને ચાલ્યો ગયો. બીજેજ દીવસથી મેં ભણવામાં એટલું બધું લક્ષ આપવા માંડયું કે મારા ગુરુ તથા મારી સાથે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ આશ્ચર્ય પામ્યા. સોળ વર્ષની ઉંમરે મે મિડલપરીક્ષા આપી તથા તેમાં હું પસાર થયો.

૨–મારો પરિચય

મારા કમનસીબને લીધે મારી બાલ્યાવસ્થામાંજ મારા પિતાનો પરલોકવાસ થયો હતો. એ પછીથી મારી સ્નેહમયી માતાએજ મારૂં પાલન કર્યું; પરંતુ મારી બાર વર્ષની ઉંમર થતાં માતાપણ દેવલોક પામી. એ સમયે મને સમગ્ર જગત અંધકારમય દેખાવા લાગ્યું; પરંતુ ઇશ્વરની વિચિત્ર લીલા પ્રમાણે જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ માતૃ વિયોગનો શોક પણ ધીમેધીમે હલકો થવા લાગ્યો.

હવે રહ્યા હું અને મારા વડિલ બંધુ. મારી ઉંમર તે સમયે બાર વર્ષની હતી, ત્યારે મારા વડિલ બંધુની ઓગણીસ વર્ષની હતી. માતાની હયાતિમાંજ મારા મોટા ભાઇનો વિવાહ થઇ ગયો હતો. મારાં ભાભી પણ અમારે ત્યાંજ રહેતાં હતાં. તેમની ઉંમર એ સમયે પંદર વર્ષની હતી.

હવે સંસાર સંભાળવાનો સઘળો ભાર તેમના શિર ઉપર આવી પડયો. મારા ભાભીને મારી માતાએ પોતાની હયાતિમાંજ સંસારનાં સકળ કાર્યોનું શિક્ષણ ઉત્તમ પ્રકારે આપ્યું હતું, તેથી કરીને તેમણે ગૃહને એવી તો નિપુણતાથી સંભાળી લીધું કે અમને માતાના મૃત્યુનો શોક વિશેષ સમય સુધી લાગ્યા કર્યો નહિ. માતાનો મારા ઉપર જેવા પ્રકારનો સ્નેહ હતો તથા તેમણે જેવા હેતપ્રેમથી મારૂં પાલન કર્યું હતું, તે કરતાં પણ વિશેષ સ્નેહથી મારાં ભાભી મારૂં પાલન કરતાં હતાં.

મારા પિતા પોતાની પાછળ કાંઇ વિશેષ ધનદોલત મૂકી ગયા નહોતા. તેઓ જે થોડું ઘણું મૂકી ગયા હતા, તેમાંથી માતાજીએ અમારૂં પાલન કર્યું તથા મારા વડિલ ભ્રાતાને શિક્ષણ આપ્યું. મારા વડિલ ભ્રાતાને તેમણે એફ. એ. સુધી ભણાવ્યા હતા, પરંતુ આગળ અભ્યાસ કરાવવાની વ્યવસ્થા નહિ કરી શકવાથી મારી માતાએ તેમને આગળ ભણાવવાનું માંડી વાળ્યું હતું. છેવટે અનેક યત્નો કરવાથી મારા ભ્રાતાને અમારા ગામની સ્કૂલમાં હેડમાસ્તરની જગ્યા મળી હતી. આ હેડમાસ્તરની જગ્યા ઉપર તેમને વીસ રૂપિયા પગાર મળતો હતો. આ પગારમાંથી અમારી માતા અમારો ગૃહસંસાર ચલાવતી હતી. માતાના મૃત્યુ પછી જે કંઇ રકમ એકઠી થઈ હતી, તે સઘળી તેમના

ક્રિયાકર્મમાં ખરચાઇ ગઇ. ત્યાર પછી ફક્ત માસિક રૂપિયા વીસનોજ અમને આશ્રય રહ્યો. હું પણ જે નિશાળમાં ભાઈ હેડમાસ્તર હતા, તેજ નિશાળમાં ભણુવા જતો હતો; છતાં મારૂં ધ્યાન તે સમયે રમવાકૂદવા સિવાય અન્ય બાબતમાં

૩—અધ્યયનનો વિચાર

નહોતું. મને માસ્તરનો પણ ભય નહોતો; કારણુ કે મારા વડિલ ભ્રાતાજ એ નિશાળમાં હેડમાસ્તર હતા. લોકનિંદાના ભયને લીધે તેઓ મને કાંઈજ કહેતા નહિ. તેથી બાર વર્ષની ઉંમર તો મારી રમવાકૂદવામાંજ ચાલી ગઈ.

મિડલપરીક્ષા તો પાસ કરી, પરંતુ પછીથી એ ફિકર પેઠી કે પ્રવેશકનો અભ્યાસ ક્યાં કરવો તથા તેનું ખર્ચ ક્યાંથી આવશે ? ભ્રાતાને જે વીસ રૂપિયા મળે છે એટલામાં તો ગૃહખર્ચ પણ પૂરૂં થતું નહોતું, તેમજ બીજી કોઈ પ્રકારની આવક પણ નહોતી.

મને અધ્યયન કરાવવા સંબંધી ભ્રાતાને ઘણી ચિંતા થવા લાગી. જ્યારે જોઇએ ત્યારે તેમના મુખ ઉપર ઉદાસીનતા જણાતી હતી.મારી ઉંમર પણ સોળ વર્ષની થઈ ગઈ હતી, માટે વિશેષ સમય વ્યતિત કરવો પણ વ્યાજબી નહોતો. એક દિવસે હું મારા ભાઇની સાથે ભોજન કરવા બેઠો હતો ત્યારે ભાભીએ કહ્યું: “ હવે દીનુભાઇને આગળ અભ્યાસ કરાવવા સંબંધી શું નિશ્ચય કર્યો ? ”

ભાઇએ ઉત્તર આપ્યો: "હું પણ રાત્રિદિવસ એજ ચિંતા કર્યા કરૂં છું. અત્યાર સુધી તો જેમ તેમ કરીને તેમને અહિં શિક્ષણ આપ્યું, પરંતુ હવે તો પ્રવેશકનો અભ્યાસ મુંબઇ કે વડોદરા ગયા સિવાય કરાવી શકાય તેમ નથી. વળી બીજે સ્થળે મોકલવાને માટે રૂપિયાની આવશ્યક્તા પડવાનીજ; તો પછી રૂપિયા લાવવા કયાંથી ?"

ભાભીએ કહ્યું: "ત્યારે શું હવે રૂપિયાની આવશ્યક્તાને લીધે અભ્યાસ કરાવવાનું છોડાવી દેશો ? એ તો ઉલટું **"ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો"** એવું થવાનું. ગમે તેમ પણ આગળ અભ્યાસ તો કરાવવોજ જોઇએ. અરેરે! પણ દીનુભાઇને હું પરદેશ કેવી રીતે મોકલી શકીશ ? વળી તે એકલા પરદેશમાં કેવી રીતે રહી શકશે ? કોણ તેમને ભોજન કરી આપી જમાડશે ? કોની સંભાળમાં રહેશે ? હવે આગળનો અભ્યાસ અહિં કેમ નથી કરાવતા ?"

ભાઇએ કહ્યું: "અહિં જ્યાંસુધી ભણાવવામાં આવે છે ત્યાંસુધી દીનુ ભણી ચૂકયો છે. હવે આગળ અભ્યાસ કરાવવાની વ્યવસ્થા અહિં બની શકે તેમ નથી."

"ત્યારે શું અહિંના માસ્તર જેટલું એ ભણી ચૂકયા ?"

"અરે ! હું તે તને કયાંસુધી સમજાવું ? અહિંનો

અભ્યાસ પૂર્ણ થઇ ગયો. અહીંઆં એટલા સુધીજ શીખવવાનો સરકારનો હુકમ છે."

ભાભીએ ગુસ્સામાં આવી જઈ કહ્યું: "પણ એ સરકારે એટલો તો વિચાર કરવો હતો કે, જેઓ પોતાનાં બાળબચ્ચાંને વિશેષ અભ્યાસ માટે બહારગામ મોકલી શકે તેમ ન હોય, તેમણે શું કરવું?" તેણે છેવટે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી કહ્યું: "ત્યારે હવે શું થશે?"

"જો રૂપિયા હોય તો બધું બની જાય."

"ત્યારે જો એમજ હોય તો મારા બે ચાર અલંકારો છે તે વેચી નાખો અને દીનુભાઇના અભ્યાસનો પ્રબંધ કરો!"

ભાઇભોજાઈ વચ્ચે આટલી વાતચીત થઈ ત્યાંસુધી તો હું શાંતિથી બેસી રહ્યો હતો; પરંતુ ભાભીનું અંતિમ વાક્ય સાંભળી મેં મૌનનો ભંગ કરી કહ્યું—"નહિ ભાભી! તમારા અલંકારો હું વેચાવા દઇશ નહિ. તેને વેચી દેશો તો પુનઃ કેવી રીતે બનશે?"

ભાભીએ સ્મિતહાસ્ય કરી ઉત્તર આપ્યો: "કેમ? તમે કમાતા થઇને કરાવી આપજો. શું કમાઇને મને નહિ આપો? હજુ તો વહુ પણ આવી નથી!"

હું બોલીને પસ્તાયો તથા લજ્જિત થઈ જઈ ચૂપ રહ્યો.

ભાઇએ મારી ભાભીને કહ્યું: "તું તારા અલંકારો

વેચવાની વાત શા માટે કાઢે છે? શું કાંઈ બે ચાર હજારની માલમતા તો તારી પાસે નથી? વડિલોના પુણ્યપ્રતાપથીજ આ બે ચાર અલંકારો તને પ્રાપ્ત થયા છે, તે વેચી દેવા યોગ્ય નથી."

ભાભીએ ગંભીરતાથી કહ્યું: "અરે અલંકારોમાં તે શું વધારે છે? તમે બન્ને ભાઇઓ કુશળ રહો એટલે મારે કોઈ પણ વસ્તુની ન્યૂનતા નથી. વળી દશાનું ચક્ર ફરતાં વિલંબ લાગતો નથી. મનુષ્યનું નશીબ પાંદડાની પાછળ હોય છે. ઇશ્વરકૃપા હશે તો દીનુભાઇ ભણીગણીને કમાતા થઇ જશે અને પુનઃ મને બેચારને બદલે અનેક અલંકારોની પ્રાપ્તિ થશે."

ભાઇએ અલ્પ સમય સુધી વિચાર કરી કહ્યું: "ઠીક છે, જોઇ શું; કોઇ પણ પ્રકારે પૈસાની વ્યવસ્થા તો કરવીજ પડશે."

આમ કહીને ભાઈ ભોજનપરથી ઉઠી હાથ મોં ધોઈ કપડાં પહેરી નિશાળે ગયા. હું પણ ભાઈના દીવાનખાનામાં જઇને બેઠો. સંધ્યા સમયે જ્યારે ભાઇ પુનઃ ગૃહે આવ્યા ત્યારે તેમણે મને તથા મારી ભાભીને બોલાવી કહ્યું કે: "ઇશ્વરની કૃપાથી દીનુ એવો ભાગ્યવાન છે કે પ્રભુ તેને ચિરંજીવી રાખે તે આપણું દારિદ્રય દૂર કરી આપણા નામને ઉજ્જવળ કરશે."

ભાઇની કથા શ્રવણ કરી હું તો શાંતિથી બેસી રહ્યો;

પરંતુ મારી ભાભીએ પૂછ્યું: "કેમ આજે કાંઈ આમ બોલો છો? શું કોઈ સારી નોકરી મળી છે કે શું?"

"અરે! નોકરીની ક્યાં વાત છે?"

"ત્યારે છે શું?"

"દીનુભાઈના અભ્યાસની સર્વ વ્યવસ્થા થઈ ગઈ છે."

"કેવી રીતે?"

"રામપ્રસાદ શેઠનો છોકરો મારી પાસેજ અભ્યાસ કરે છે; તથા હું પણ અન્ય છોકરાઓ કરતાં એના ઉપર વિશેષ દેખરેખ રાખું છું. આથી કરીને તેના સંબંધમાં કાંઈક વાતચિત કરવાને આજે મને રામપ્રસાદ શેઠે પોતાને ત્યાં બોલાવ્યો હતો. ગાડી આવેલી હતી તેમાં બેસીને હું તેમને બંગલે ગયો. કેટલીક આમ તેમની વાતો થયા પછી તેમણે મને દીનુની હકીકત પૂછી. મેં કહ્યું કે: "એ મિડલમાં તો પાસ થઇ ગયો છે, પરંતુ હવે નીરુપાયે તેનો અભ્યાસ બંધ પડતો જોઈ મને ઘણી ચિંતા થાય છે."

તેમણે પ્રશ્ન કર્યો: "શા માટે અભ્યાસ બંધ કરવો પડે છે?"

મેં ઉત્તર આપ્યો કે: "હવે મુંબઈ યા તો વડોદરે જાય તોજ એ આગળ અભ્યાસ કરે; પરંતુ મારી એવી સ્થિતિ નથી કે હું મારા વીસ રૂપિયાના પગારમાંથી ગૃહ-ખર્ચ ચલાવી તેના અભ્યાસનો ખર્ચ કાઢી શકું."

રામપ્રસાદ શેઠના નાનાભાઇ કૃષ્ણપ્રસાદે મારાં વચનો શ્રવણ કરી કહ્યું કેઃ " મારી તો એવી સલાહ છે કે તેને પ્રવેશકનો અભ્યાસ ન કરાવતાં ડૉકટરીનો અભ્યાસ કરાવો તો વધારે સારૂં. તેને મુંબઈ મોકલો અને જો તે ત્યાંથી પાસ થઇ આવ્યો તો તેનું નસીબ સુધરી જશે; કારણ કે ડૉકટરનો ધંધો બીજા ધંધા કરતાં સારો છે. "

મેં કહ્યું: " શેઠજી ! આપની સલાહ અક્ષરશઃ સત્ય છે; પરંતુ મારે તેને મુંબઇ કેવી રીતે મોકલવો ? વળી મારી અવસ્થા અત્યારે એવી નથી કે મને કોઈ પાંચસે કે હજાર રૂપિયા ઉછીના આપે. "

કૃષ્ણપ્રસાદ શેઠે કહ્યું: " માસ્તર ! સુખેથી દીનાનાથને મુંબઇ મોકલી આપો. ત્યાં આપણી પેઢી છે, ત્યાં રહેવા વગેરેનો સર્વ બંદોબસ્ત થઇ જશે. "

ભાઇનું કહેવું સાંભળી રહ્યા પછી મારી ભાભીએ હર્ષનાં આંસુઓ વર્ષાવતાં કહ્યું: " સત્ય છે ! પ્રભુએ આપણા ઉપર કૃપા કરી કૃષ્ણપ્રસાદ શેઠના અંતરમાં વાસ કર્યો ! એ નારાયણ દરેકના ઉપર ખરે વખતે કૃપા કરે છેજ. ધન્ય છે પ્રભુ ! "

૪–મુંબઈની મુસાફરી

આજે બપોરના મારે મુંબઈની મુસાફરી કરવાની હતી. સવારથીજ ભાભી અનેક પ્રકારના સામાનને બાંધતાં

તેમજ છોડતાં હતાં. પ્રભાતકાળે તેમણે મને જાગૃત કરી નિત્યકર્માદિથી નિવૃત્ત થવાનું સૂચવ્યું. હું સ્નાનસંધ્યાદિ કરી રહી ભાભીની પાસે ગયો, ત્યારે ભાભીએ આંખોમાંથી આંસુ સારતાં ગદ્ગદ્કંઠે કહ્યું: " ત્યારે દીનુભાઇ ! શું તમે જશો કે ? જુઓ શરીરની સંભાળ રાખજો અને રાજીખુશીને કાગળ તો રોજ લખજો. "

ધીમે ધીમે ભોજનનો સમય થયો. જે જે ચીજ મને પસંદ હતી, તે સર્વ ચીજો આજે ભાભીએ થોડી થોડી બનાવી હતી; અર્થાત્ આજનું ભોજન અન્નકૂટ સમાન હતું. ભોજન કરી રહ્યા પછી તેમણે મારે માટે જે જે સામાન તૈયાર કર્યો હતો, તે ધીમે ધીમે મને સોંપવા માંડયો. ભાભીનો અપૂર્વ પ્રેમ જોઇ મારા હૃદયમાં ઘણુંજ લાગી આવ્યું કે, આવાં ભાભીથી મારે દૂર રહેવું પડશે !

થોડા સમયમાંજ મારા ભ્રાતાએ કહ્યું: " સમય થઈ ગયો છે માટે હવે વિશેષ વિલંબ ન કરો. "

ભાભીએ તરતજ ગણેશપૂજાની તૈયારી કરી. પાડોશમાંથી કુમારિકાઓને બોલાવી લાવ્યાં તથા મારા હાથે ગૌરીગણેશની પૂજા કરાવી. ત્યાર પછી કપાળે તિલક કરી મારા હાથમાં શ્રીફળ તથા એક રૂપીઓ આપી મને આશીર્વાદ દીધી. હું તેમને પ્રણામ કરીને ઉઠયો. ભ્રાતાની આગળ જઇ તેમને પણ મેં પ્રણામ કર્યા. ભાઇએ પણ મને આશીર્વાદ

દઈ મારા હાથમાં દશ રૂપિયા મૂકતાં કહ્યું: " ત્યાં જઇને કપડાં સીવડાવી લેજે. "

અમે બન્ને બંધુઓ બળદગાડીમાં બેઠા. ભાભીએ અશ્રુભર્યાં નેત્રોએ મને રજા આપી. મારાં નેત્રોમાં પણ જળ ભરાઈ આવ્યું. ધીમે ધીમે ગાડી ચાલવા લાગી. ગામથી સ્ટેશન બે ગાઉ દૂર થતું હતું. રસ્તે જતાં જતાં ભાઇએ મને જે જે ઉપદેશ આપ્યો તે મેં ધ્યાન પૂર્વક શ્રવણ કર્યો. છેવટે અમે સ્ટેશન ઉપર જઈ પહોંચ્યા. ભાઈ જઇને મુંબઈની ટીકીટ કરાવી લાવ્યા અને ગાડી પણ આવી પહોંચી. ગાડી તરતજ ઉપડી એટલે ભાઈની સાથે કાંઈ વાતચીત થઇ શકી નહિ.

૫–ડૉકટરી શિક્ષણ

મુંબઈ જઇને હું કૃષ્ણપ્રસાદ શેઠની પેઢી ઉપર ગયો. મુનીમ ભારે અનુભવી હતો તથા જાતિનો પણ બ્રાહ્મણ હતો. તેણે મને ઘણું આશ્વાસન તેમજ ઉપદેશ આપ્યો. હું નારાયણનું ધ્યાન ધરી તેને ધન્યવાદ આપતો આપતો ભોજન કરવા ગયો. બીજે દિવસે પ્રાતઃકાળે આવશ્યક કાર્યોથી પરવારી હરિનામનું સ્મરણ કરતો કરતો હું કૉલેજમાં ગયો. ત્યાં દાખલ થઈ જવામાં કાંઇ વિશેષ હરકત પડી નહિ. એક વિદ્યાર્થીદ્વારા મેં વર્ગમાં ચાલતાં પુસ્તકોની નોંધ કરી

લીધી અને મુકામપર આવ્યા પછી પુસ્તકો એકત્ર કરવાની ચિંતા કરવા લાગ્યો.

જ્યારે પ્રભુ સાનુકૂળ થાય છે, ત્યારે એક રીતે થતા નથી, પરંતુ અનેક રીતે થાય છે. મેં મુનીમ આગળ જઇને કહ્યું કેઃ " કૉલેજમાં મારૂં નામ તો દાખલ કરી દીધું છે; પરંતુ હવે આટલાં પુસ્તકો ખરીદવાં પડશે. " મુનીમે ઉત્તર આપ્યોઃ " અહિં એક મારા સ્નેહી છે. તેમનો પુત્ર હમણાંજ ડૉકટરનો અભ્યાસ કરી રહ્યો છે. માટે જો તેની પાસે તેણે પોતે અભ્યાસ કરેલાં પુસ્તકો હજુ હશે તો હું તે સઘળાં તમને મંગાવી આપીશ. એકાદ પુસ્તક ન મળે તો પછીથી ખરીદી લેજો. "

એ દિવસમાંજ મુનીમે મને ઘણાંખરાં પુસ્તકો મંગાવી આપ્યાં. બેચાર ખરીદવાં પણ પડયાં. રાત્રે હું મુનીમજીનાં બે બાળકોને તથા તેમના પરિચયવાળા બે ત્રણ ગૃહસ્થોનાં બાળકોને એકત્ર કરી ભણાવવા લાગ્યો, એટલે એ આવકમાંથી કૉલેજની ફી મળી આવતી હતી. ભોજન પેઢીમાં કરતો ખરો, પરંતુ ત્યાંનું એટલું બધું કામ કરતો હતો કે, મારા ભોજન ખર્ચ કરતાં પણ વિશેષ લાભ પેઢીનો થતો હતો. ધીમે ધીમે મારા સંબંધી સર્વ સમાચાર મુનીમે કૃષ્ણપ્રસાદ તથા રામપ્રસાદ શેઠને લખી મોકલ્યા તથા મેં પણ આ સઘળી હકીકતનો એક વિસ્તૃત પત્ર ભાઇના ઉપર લખ્યો.

તે પત્ર વાંચતાં ભાઇ તથા ભાભીને મહા હર્ષ થયો હતો. આમ છતાં ભાભીના જે જે પત્રો આવતા હતા, તેમાં પ્રત્યેક વખતે એમ લખાઈ આવતું હતું કેઃ " તમારા વિના ઘર સૂનું સૂનું લાગે છે. જો બની શકે તેમ હોય તો થોડા દિવસની રજા મેળવી ઘેર આવી જજો. "

૬—સ્વગૃહે ગમન

મુંબઇમાં મને ત્રણ વર્ષ પૂર્ણ થઇ જવા આવ્યાં. નારાયણની કૃપાથી હું પ્રતિવર્ષે પરીક્ષામાં પસારજ થયાં કરતો. ત્રીજે વર્ષે છેવટની પરીક્ષા આપી સર્ટિફિકેટ લઇ મારે ગામ ગયો. મને જોતાંની સાથેજ ભાભીનાં નેત્રોમાંથી હર્ષાશ્રુ ઉભરાઈ જવા લાગ્યાં. હું તેમના ચરણમાં ઢળી પડયો. અનેક આશીષો આપી મારો હાથ પકડી તેમણે મને ઉઠાડયો. ત્યાર પછી સંક્ષિપ્તમાં મારા પાસ થયાના સમાચાર શ્રવણ કરી તે ભોજન બનાવવાના કાર્યમાં રોકાયાં. થોડા સમયમાં ભાઇ પણ આવી પહોંચ્યા. મેં ભાઇને સવિનય પ્રણામ કર્યા તેમણે મને અત્યંત પ્રેમપૂર્વક પોતાની છાતી સરસો ચાંપ્યો. આજે ત્રણ વર્ષ પછી પુનઃ અમે બંને ભાઇઓ સાથે ભોજન કરવા બેઠા. ભોજન કરતાં કરતાં ત્રણ વર્ષમાં શું શું બન્યું તે સકળ કથા ભાભી પૂછતાં ગયાં અને હું પણ તેમને યથોચિત ઉત્તર આપતો ગયો.

ભોજન કરી રહ્યા પછીથી હું ભ્રાતાની સાથે રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠને મળવા ગયો. અમે ગયા ત્યારે ઉભય બંધુઓ ભોજનથી નિવૃત્તિ લઈ દિવાનખાનામાં બેઠા હતા. મેં જઇ બન્નેને પ્રણામ કર્યા તથા નમ્રતાપૂર્વક કહ્યું કે: "આપની દયાના પરિણામેજ હું પાસ થઇ શકયો છું." આમ કહી મેં તેમની આગળ મારૂં સર્ટિફિકેટ મૂકયું. કૃષ્ણપ્રસાદ ઇંગ્રેજી જાણુતા હોવાથી તેમણે તે લઇ વાંચ્યું તથા તેનો ભાવાર્થ પોતાના વડીલ ભ્રાતા રામપ્રસાદને સમજાવ્યો. ત્યાર પછી રામપ્રસાદ શેઠે મારા તરફ દૃષ્ટિ કરી કહ્યું: "ચાલો, ઘણું સારૂં થયું."

બીજી કેટલીક વાતચીત કર્યા પછી અમે તેમની પાસેથી વિદાયગીરી લઇ ઘેર આવ્યા. એ પછી મેં ભાભી સાથે વાતચીત કરવા માંડી. મેં કહ્યું: "પૂનામાં મને સો રૂપિયાની નોકરી મળે છે, જો તમે રજા આપતાં હો તો હું જાઉં."

ભાભીએ પ્રશ્ન કર્યો: "પૂના અહિંથી કેટલું દૂર છે?"

મેં ઉત્તર આપ્યો: "મુંબઇથી થોડેજ દૂર છે."

ભાભીએ આશ્ચર્ય પામી કહ્યું: "ના ભાઇ આપણે તો એટલે દૂર જવાની કાંઈ જરૂર નથી. ઇશ્વરની મહેરબાની હશે તો અહિં પણ કોઇ રસ્તો મળી રહેશે."

મેં કહ્યું: "ઠીક, જેવી તમારી તેમજ મારા ભ્રાતાની ઇચ્છા. તમારી આજ્ઞા પ્રમાણે વર્તવું એજ મારી ફરજ છે."

૭—મારી ડૅાકટરી

મારા ભ્રાતા તથા અન્ય લોકો તરફથી છેવટે એવી સલાહ મળી કે, આપણા ગામમાં કોઈ ડૅાકટર નથી. માટે તમે અત્રેજ દવાખાનું ઉઘાડો.

મેં પણ તેમ કરવાનું નક્કી કર્યું; પરંતુ દવાખાનું ઉઘાડવાને માટે દુકાનનો સામાન તથા રૂપિયા જોઇએ, તે ક્યાંથી લાવવા, એ બાબતની ચિંતાએ મારા મનમાં પ્રવેશ કર્યો.

આ સંસારમાં ઉપદેશકોની ખોટ નથી, પરંતુ જે ઉપદેશ આપણું મન આપે છે તેજ વાસ્તવિક હોય છે; કારણ કે બહારના લોકો આપણી સ્થિતિરીતિ જાણ્યા સિવાય જેવી ફાવે તેવી સલાહ આપે છે. આથી કરીને છેવટે હું, મારા ભાઇ તથા મારાં ભાભી, ત્રણે મળી વિચાર કરવા લાગ્યાં. છેવટે જ્યારે અન્ય કોઇ માર્ગ નજ સૂઝયો ત્યારે ભાભીએ પોતાના સર્વ અલંકારો આપી દીધાં. ધન્ય છે મારાં ભાભીને કે જેના મનમાં લેશ પણ દુઃખની છાયાએ આગમન કર્યું નહિ ! નહિ તો સ્ત્રીઓને પોતાના પ્રાણ કરતાં પણ પોતાના અલંકારો અધિક પ્રિય હોય છે.

મુંબઇ જઇ મેં એ અલંકારો વેચીને જે જે વસ્તુઓની જરૂર હતી, તે સઘળી વસ્તુઓ ખરીદ કરી અને આવી દવાખાનું ચાલુ કર્યું.

ઇશ્વરની કૃપાથી દવાખાનું સારૂં જામવા લાગ્યું અને પ્રથમ હું દીનુ હતો તે પછીથી ડૉકટર દીનાનાથ થયો.

પ્રથમ માસમાં મને પચીસ રૂપિયાની પ્રાપ્તિ થઈ, બીજા માસમાં ત્રીસ રૂપિયાની પ્રાપ્તિ થઈ તથા આ પ્રમાણે દિનપ્રતિદિન લક્ષ્મીની મારા પ્રતિ દયાદ્રષ્ટિ થતી ગઇ. હું જે કાંઈ પેદા કરતો તે સર્વ ભાભીને આપી દેતો અને જરૂર પડતી ત્યારે તેમની પાસેથી માગી લેતો. ચોથે મહિને અમારા ગામનોજ એક શેઠ તથા તેનો પુત્ર બંને ઘણા બિમાર થઇ ગયા. ઇશ્વરની કૃપાથી મારી ચિકિત્સાવડે એઓ બંને સાજા થયા. આથી કરીને એ શેઠે ઔષધખર્ચ તથા મારી હમેશની ફી ઉપરાંત મને ઇનામ તરીકે ત્રણસેં રૂપિયા તથા કેટલાંક ઉત્તમ કપડાં આપ્યાં. હવે મેં ભાભી સાથે કપટ કર્યું. મને પુરસ્કાર તરિકે પ્રાપ્ત થએલી રકમની વાત મેં તેમને કહી નહિ. મારી પાસે દવાઓના વેચાણમાંથી જે સો રૂપિયાની રકમ એકત્ર થઈ હતી, તે રકમમાં આ ત્રણસેં રૂપિયા એકત્ર કરી મેં ચારસેં રૂપિયાનું સોનું ખરીદ કર્યું અને તેમાંથી એક મોહનમાળા, હાથનાં કડા તથા બંગડીઓ વગેરે અલંકારો તૈયાર કરાવી હું ભાભી પાસે ગયો તથા તેમનાં ચરણો સમીપ એ અલંકારો મૂકી મેં તેમને પ્રણામ કર્યા.

ભાભીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યોઃ “ આ શું ? ”

મેં જે હકીકત સત્ય હતી તે કહી દીધી. આથી કરીને મારાં ભાભીનો મારા ઉપર એટલો બધો ક્રોધ ચઢી આવ્યો કે તેવો ક્રોધ કદાપિ તેમને ચડ્યો નહોતો.

તેમણે કહ્યું: "દીનુભાઇ! તમે મને પૂછ્યા વિના આ પ્રમાણે કર્યું છે તે વાસ્તવિક નથી કર્યું. હમણાં તમારો વિવાહ કરવા સંબંધીની ગોઠવણ ચાલે છે તો પછી જો એ ગોઠવણ નક્કી થઇ જશે તો બીજા અલંકારો ક્યાંથી કરાવીશું?"

મેં ઉત્તર આપ્યો: "ભાભી! વિવાહની એટલી બધી શું ઉતાવળ છે? સમયાનુસાર બધું થઇ પડશે; પરંતુ આ તૈયાર કરાવેલા અલંકારો તો તમારે પહેરવાંજ પડશે."

છેવટે કેટલોક વાદવિવાદ થયા પછી મારાં ભાભીએ એ અલંકારો પહેર્યાં. અમારા ઉભયમાં આ વાતચીત ચાલતી હતી એવામાંજ મારા ભાઇ આવી પહોંચ્યા. આવતાંની સાથેજ તેમણે પ્રશ્ન કર્યો: "આ શું? દિયરભોજાઇની લડાઇ ચાલી રહી છે કે?"

મેં તો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ; પરંતુ મારાં ભાભીએ તેમને પ્રણામ કરી કહ્યું: "આ જુઓ! દીનુભાઇ મારે માટે ચારસેં રૂપિયાના અલંકારો બનાવરાવી લાવ્યા છે!"

ભાઇએ કહ્યું: "ઠીક ત્યારે હવે તો અમારી પરવા પણ નહિ રાખો."

ભાભી સ્મિત કરી બોલ્યાં: "થવાનું હતું તે થયું. પરમેશ્વર તેમની માર્કંડેયના જેટલી ઉંમર કરે. હવે તો તેમની વહુ આવી જશે ત્યારે મારો આત્મા શાંત થશે."

આજે અનેક બાળવિધવાઓ બાળલગ્ન જેવા ઝેરી રિવાજને લીધેજ પોતાનું જીવન અતિ દુઃખમાં વ્યતિત કરે છે. એવી વિધવાઓનો સંતાપ, તેમનું રુદન તથા તેમનાં પાપોથી દેશની દિવસે દિવસે અધોગતિ થતી જાય છે.

બીજી તરફથી ભાઈ પણ કેટલાંક વર્ષથી કાયદાનો અભ્યાસ કરતા હતા. તેમની પરીક્ષાનો સમય પાસેજ આવી પહોંચેલો હોવાથી તેમને મુંબઈની મુસાફરી માટે થોરા રૂપિયાની જરૂર આવી પડી. મેં ભાઇને પ્રશ્ન કર્યો: "હવે પરીક્ષાને થોડાજ દિવસ રહ્યા છે તો પછી તમે ક્યારે જશો?"

ભાઇએ ઉત્તર આપ્યો: "હું તો એમજ વિચારૂં છું કે આજેજ ચાલ્યો જાઉં; પરંતુ ખર્ચાદિની કાંઈ વ્યવસ્થા થાય ત્યારે જવાય ને?"

મેં કહ્યું: "ખર્ચાદિ માટે તમે કોઇ પણ પ્રકારની ચિંતા રાખશો નહિ. એક બે દિવસમાં મને પચાસ રૂપિયાની પ્રાપ્તિ થનાર છે તે લઇને તમે બેલાશક મુંબઈ જજો."

મારો ઉત્તર શ્રવણ કરતાંજ ભાભી બોલી ઉઠયાં: "જો ઉતાવળ જેવું હોય તો પચાસ સાઠ રૂપિયા હું આપું. પુનઃ લાવો ત્યારે મનેજ આપજો; કારણ કે હું જે રૂપિયા આપું તે વિવાહની તૈયારીના છે."

મેં ભાભીનાં વચનોથી હાસ્ય કરી કહ્યું: "વાહ વાહ! આ તો આપણા ઘરમાંજ નાણાવટી વસે છે ને શું! હવે રૂપિયાની શું ખોટ?"

તરતજ મારાં ભાભીએ રૂપિયા કાઢી આપ્યા, જે લઇને મારા ભ્રાતાએ મુંબઇપ્રતિ પ્રયાણ કર્યું. થોડાજ દિવસમાં ઇશ્વરના અનુગ્રહથી તેઓ પાસ થઇ આવ્યા. ભાઇના પાસ થવાથી મને તથા ભાભીને ઘણોજ આનંદ થયો.

પ્રથમ તો ભાઇએ સબડિવિઝનની કચેરીમાંજ પોતાની વકીલાત શરૂ કરી. ધીમે ધીમે કેસો પણ મળતા ગયા. છ માસમાં તો ભાઈ ફોજદારી કચેરીના મુખ્ય વકીલ બની ગયા. આવક પણ સારી થવા લાગી. લોકો અમારા સંસારનું ઉદાહરણ આપવા લાગ્યા. બે માસ પછી ભાઇએ અનેક હિતૈષીઓની સલાહથી જીલ્લા કચેરીમાં જવાનું નક્કી કર્યું. ભાભીએ કહ્યું કે દીનુભાઇનો વિવાહ થઇ ગયા પછી ગયા હોત તો ઘણું સારૂં થાત; પરંતુ મારો તથા મારા ભાઇનો વિચાર એવો થયો કે છ માસ સુધી વિવાહ મુલત્વી રાખવો અને ભાઇને જીલ્લા કચેરીમાં જવા દેવા.

૮–દિવસો ફર્યા.

ધીમે ધીમે મારો વિવાહ પ્રસંગ પણ આવી પહોંચ્યો. ગૃહમાં અનેક પ્રકારની ધામધૂમ ચાલી રહી. મારાં ભાભી તો વિવાહ કાર્યમાં એટલાં બધાં ગુંથાઈ ગયાં હતાં કે ખાવાપીવાનું તથા સૂવાબેસવાનું પણ ભૂલી ગયાં હતાં. વિવાહને અંગે અનેક પ્રકારની લૌકિકક્રિયાઓ પણ કરવી પડી કે જેનું વર્ણન કરી વાંચકોનો સમય વૃથા ગુમાવવાની જરૂર નથી.

ધીમે ધીમે ઈશ્વરની કૃપાથી અમારું ઘર પણ નવું થઈ ગયું. ગૃહની આસપાસ પચીસ ત્રીસ વીઘાં જેટલી જમીનમાં એક બગીચો બનાવવામાં આવ્યો. અમારા દિવસો પણ હવે પૂર્વ કરતાં વિશેષ આનંદમાં વીતવા લાગ્યા.

ત્રણ વર્ષમાંજ મને ઇશ્વરે બે પુત્રો આપ્યા; પરંતુ ભાભીને એક પણ સંતાન થયું નહિ. તેઓ મારાં બાળકોનેજ પોતાનાં સમજી હમેશાં પ્રસન્ન રહેતાં હતાં. મારાં ભાભીથી મારી પત્ની જેટલી સુખી રહેતી, તેટલી તો મારી માતા જો જીવતી હોત તો તેમનાથી સુખી રહેત કે નહિ એ શંકાસ્પદ હતું. લોકોને અમારા ગૃહનો સલાહસંપ જોઈ ઘણુંજ આશ્ચર્ય લાગતું હતું; તથા તેઓ એમજ કહેતાં કે: 'અમુક ગૃહમાં તો સત્યુગ ચાલી રહ્યો છે!'

દિનપ્રતિદિન ભાઇની આવક વધતી જતી હતી; અને

મારી સંતતી વધતી જતી હતી, ત્યારે આવક ઘટતી જતી હતી; કારણ કે પ્રથમ તો હું એકલો ડૉકટર હતો: પરંતુ હવે તો અમારા ગામમાં છ સાત ડૉકટરો થઈ ગયા.

હવે આખા દિવસનું મારૂં કામ બાળકોને લઇને દિવાનખાનામાં બેસી રહ્યા સિવાય અન્ય એક પણ નહોતું. કોઈ સમયે બગીચામાં માળીઓની સરદારી કરતો હતો, તો કોઇ સમયે અમારા એક ખેતરમાં બાળબચ્ચાંને લઈ એકાદ કલાક ફરવા જતો હતો. સવારના સમયે જે લોકો ગૃહે આવતા, તેમને દવા આપતો. મોટાભાઇ પરગામમાંથી કમાણી કરી ઘેર ખરચની રકમ મોકલી આપતા હતા; અને હું ગૃહનો વૃદ્ધ બની સંસાર સંભાળતો હતો. મારાં ભાભી એવાં ઉદાર તથા ગુણવાન હતાં કે, મારી આવક ઓછી થએલી હોવાથી હું ભાઇનીજ કમાણીમાંથી ખાતોપીતો તથા મારાં બાળબચ્ચાંનું તેમનીજ કમાણીમાંથી પોષણ કરતો હતો; છતાં તેમના મનમાં કોઈ પણ પ્રકારની જૂદાઈ આવતી નહિ.

૯—પ્રેમમયી ભાભીનો પરલોકવાસ.

મારા મોટા પુત્રના વાળ ઉતારવાનો વખત આવી પહોંચ્યો હતો. આ પ્રસંગે ભાઇ પણ ગૃહે આવ્યા. કેટલાંક સ્વજનોને પણ આ મંગળસમયે આમંત્રિત કરવામાં આવ્યાં. કેટલાંક દિવસ સુધી આ ભીડ રહી અને એ ભીડનો સકળ

વેડ ભાભીને ઉઠાવવી પડી; કારણ કે જે ગૃહમાં ઉત્સવ થાય તો કોઇ મંગળ પ્રસંગ થાય છે, ત્યારે તે ગૃહનાં મનુષ્યોને પરિશ્રમ સહન કરવો પડે છે; તથા આનંદપ્રાપ્તિ અન્ય મનુષ્યોને થાય છે. ફક્ત માન મેળવવા સિવાયનું અન્ય એક પણ શારીરિક સુખ એવા પ્રસંગો ઉજવનારને મળતું નથી.

ધીમે ધીમે વાળ પણ ઉતરી ગયા. સકળજનો પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં. બીજે દિવસે રાત્રે હું અને મારા ભાઇ અમારા દિવાખાનામાંજ સૂતા હતા. આગલે દિવસે સતત પરિશ્રમ કરેલો હોવાથી એવી ગાઢ નિદ્રા આવી કે, રાત્રિ કેવી રીતે પસાર થઇ ગઇ તેની બિલકુલ ખબર પડી નહિ. સવારે ઉઠતાંની સાથેજ માલૂમ પડયું કે મારાં ભાભીને રાત્રિના બાર વાગ્યા પછી ઉલટી ઉપર ઉલટી થતી હતી; તથા જ્વર પણ સખ્ત આવ્યો હતો. હું તુરતજ ભાભીની પાસે ગયો તો તેમણે જળપૂર્ણ નેત્રોએ મારા પ્રતિ દૃષ્ટિ કરી ગદ્‌ગદ્‌કંઠે કહ્યું: "મારો જીવ ઘણોજ ગભરાય છે. ઉઠવા બેસવાનું સામર્થ્ય પણ મારામાં રહ્યું નથી."

ભાભીની અવસ્થા જોતાંજ મારો આત્મા ઉડી ગયો; તથા હું એવો તો ગભરાઇ ગયો કે મારી ડોકટરીનું તો થોડા સમય સુધી મને કાંઇ ભાન પણ રહ્યું નહિ. ત્યાર પછી મેં ભાઇને બોલાવ્યા. મારી તથા મારાં ભાભીની અવસ્થા જોઇને તેમણે અતિશય ગભરાઇ જઇને કહ્યું :

"હીનુ ! આ શું થઇ ગયું છે ? તારે આવા સમયે ગભરાઈ જવું ઉચિત નથી. જ્યારે આ વિકટ સમયે તુંજ આ પ્રમાણે ગભરાઈ જઇશ તો પછી આ પ્રસંગ વખત જતાં વધુ વિકટ બનતો જશે. અતિશય કામકાજ કરવાના કારણથી તથા ગરમી શરદીથી આમ થઈ ગયું હશે. કાંઇક સ્વસ્થ થઇને ચિકિત્સા તો કરીજો."

ભાઈનાં વાક્યોથી મને કાંઇક જ્ઞાન આવ્યું. હું મારાં ભાભીની ચિકિત્સા કરવા લાગ્યો તથા ભાઇને મેં એક મારા ડોકટર મિત્રને બોલાવવા મોકલ્યા. એ ડોકટર પણ ચિકિત્સક શક્તિમાં ઘણો નિપુણ હતો.

ભાઈ તો ડોકટરને બોલાવવા ગયા અને હું મારાથી બની શકે તેટલી ઔષધિનો પ્રયોગ કરવા લાગ્યો. આમ છતાં હું જે જે ઔષધિ આપતો હતો તે સઘળી પાણીની માફક વૃથા જતી હતી. અલ્પ સમયમાંજ ભાઈ મારા ડોકટર મિત્રને પોતાની સાથે તેડી લાવ્યા. આવતાંની સાથેજ મારા મિત્રે મારાં ભાભીની ચિકિત્સા કરી; અને ત્યાર પછીથી મને પ્રશ્ન કર્યો, "શું કાંઈ ચિકિત્સા કરી છે ?"

મેં જે જે કર્યું હતું તથા જે જે ઔષધિ આપી હતી, તે સઘળી કહી સંભળાવી. ત્યાર પછી તેણે અન્ય લોકોને આશ્વાસન આપ્યું પરંતુ ખાનગી રીતે મને કહ્યું કે: "ઘણીજ થોડી આશા રહે છે."

જોતજોતામાં તો ભાભીની અવસ્થા વિશેષ બગડવા લાગી.

અલ્પ સમયમાંજ ભાભીનું તેજસ્વી મોં સફેદ પુણી જેવું બની ગયું. કાન તેમજ હોઠો ઉપર લીલાશ આવી ગઈ, આંખો ઉંડી ઉતરી ગઈ. નેત્રોની નીચેની પલકો ઝુકી ગઈ; શરીર ઉપર ચીકણો પરસેવો થઇ આવ્યો, સમગ્ર શરીર ઠંડુ પડતું ચાલ્યું, નાડીની ગતીનું કાંઈ ઠેકાણું રહ્યું નહિ. આવાં અનેક અમંગળસૂચક લક્ષણો દેખાવા લાગ્યાં. છેવટે ત્રુટક સ્વરે તેમણે પ્રશ્ન કર્યો: "હી....નુ... ભા....ઈ! ....ત........મા........રા... ....ત........મા....રા.... ભા....ઈ ક્યાં....છે ?...."

મારા ભાઈ જે મારી ભાભીના ઉસીકા આગળ બેઠા હતા, તે આગળ આવીને બેઠા. તેમને જોતાંજ ભાભીના નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. તેમણે ભાઈનાં ચરણોપ્રતિ પોતાનો હાથ લંબાવ્યો. ભાઇએ પોતાનો પગ આગળ ધર્યો. ભાભીએ મારા ભાઈની ચરણરજ લઈ પોતાના શિર ઉપર મુકી તથા તે કાંઈ કહેવા ઇચ્છતાં હતાં; પરંતુ તેમનો કંઠ ભરાઇ આવ્યો. કેટલાક સમય પછી પુનઃ તેમણે ક્ષીણ કંઠે મને ઉદ્દેશીને કહ્યું: "વ....હુ....ત....થા....બા....ળ....કો.... ને....બો....લાવો...."

તે સર્વના આવ્યા પછી તેમના પતિનો હાથ પોતાના દુર્બળ હાથથી મહા મુશ્કેલીથી પકડી તેમના તરફ દૃષ્ટિ કરી પતિને એવો સંકેત સુચવ્યો કે જાણે 'હું આ સર્વને

તમને સોંપુ છું," ત્યારપછી મારા શીર ઉપર હસ્ત મુકતાંજ તેમને મૂર્છા આવી ગઇ. બે ત્રણવાર સમગ્ર શરીર કંપી ઉઠયું; અને તે સાથેજ તેમનું પ્રાણ પક્ષી ઉડી ગયું. સર્વેના રૂદનધ્વનિથી આકાશ ભેદાઇ જવા લાગ્યું. અમારા આનંદમય ગૃહમાં મહાશોક વ્યાપી રહ્યો.

૧૦-ભ્રાતા કાર્ય ઉપર ગયા.

શ્રાદ્ધાદિ ક્રિયા થઇ ગયા પછી ભાઇએ ભાભીના નામ ઉપર અમારા બગીચાની પાસેજ એક તળાવ ખોદાવ્યું અને તે તળાવનું નામ પણ મારી ભાભીના નામ પ્રમાણે '**સરયુતળાવ**' રાખ્યું હતું. આ તળાવમાં જળ પુષ્કળ નીકળ્યું; તેમજ તે જળ ઘણું મિષ્ટ હતું. આ તળાવ તૈયાર થવાથી આસપાસના લોકોને અતિશય સુખ થયું કારણ કે ગામમાં કોઈ એવું તળાવ નહોતું. બીજું એ એવા તો ઉત્તમ સ્થાનપર બનાવવામાં આવ્યું હતું કે આવતાં જતા મુસાફરોને તેનાથી અસીમ સુખ થાય. કેટલાક દિવસો રહીને ભાઇ ચાલ્યા ગયા. પરંતુ તળાવ તૈયાર થઇ ગયા પછી તેની પ્રતિષ્ઠાને માટે તેમને પાછું ઘેર આવવું પડયું. તળાવની પ્રતિષ્ઠા થઇ ગયા પછી ભાઇ ગયા તે પાછા આવ્યાજ નહિ. ચાર પાંચ માસ જેટલી મુદત વીતી ગઈ. મેં ભાઇને ગૃહે આવી જવા અનેક પત્રો લખ્યા, તો પણ તેઓ કાર્ય પ્રવૃત્તિનું કારણ દર્શાવી નજ આવ્યા.

આથી કરીને છેવટે હુંજ તેમની પાસે ગયો; મને જોતાંની સાથેજ ભાઇના મુખ ઉપર આનંદ ફેલાઇ રહ્યો. તેમણે અમારા સર્વના કુશળ વર્તમાન પુછયા તથા કુશળ વર્તમાન પૂછતાં પૂછતાં તેમનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. કેટલાક દિવસ સુધી હું ભાઇનાં સહવાસમાં રહ્યો. નવ દસ દિવસ વીતી ગયા પછી ભાઇએ કહ્યું: “ભાઈ તારાથી જુદા પડવાની મારી ઇચ્છા તો નથીજ, પરંતુ ગૃહે બાળબચ્ચાંને એકલાં મૂકી તું અહિં બેસી રહે એ યોગ્ય નથી. હવે તો તારે જેમ બને તેમ ત્વરાથી ઘેર જવું જોઇએ.”

છેવટે મેં ભાઈ પાસેથી ઘેર જવાની રજા લીધી. રજા લેતી વખતે ભાઇએ મારી પત્નીને માટે તથા મારાં બાળબચ્ચાંને માટે અનેક ભેટની ચીજો આપી. સર્વ ચીજો લઈ વિદાય થવા સમયે મેં ભ્રાતાને નમ્ર સ્વરે એકાદ માસ ઘેર આવી જવાની પ્રાર્થના કરી, તે તેમણે સ્વીકારી. જેટલા દિવસ સુધી હું ભાઈની પાસે રહ્યો તે દરેક દિવસે ભાઇને ત્યાં સ્નેહી–સંબંધીઓનું મંડળ એકઠું થઈ ભાઇને પુનર્લગ્ન કરવા માટે આગ્રહ કર્યા કરતું હતું. આ મંડળમાં કેટલાક એવા પુરૂષોનું આગમન પણ થતું હતું કે જેઓ પોતાની પુત્રી યા તો ભત્રીજી યાતો કોઈ નિકટના સગાની કન્યા સાથે સગાઇ કરવાને માટે મારા ભાઈને આગ્રહ કરતા હતા. આ સર્વના અત્યાગ્રહથી ધીમે ધીમે ભાઇનું મન પણ ચલિત થતું હોય એમ મને લાગ્યું.

૧૧–ભ્રાતાની કાકી સાસુ.

ભ્રાતાને સ્વગૃહે આવી પહોંચ્યાને એક સપ્તાહ વીતી ગયું હતું. એક દિવસ બપોરના સમયે ભોજન કરી રહ્યા પછી દિવાનખાનામાં ભાઈ તથા અન્ય બેચાર સંબંધીઓ બેઠા બેઠા શેતરંજ રમતા હતા એવામાં એકાએક કોઇનો એકકો આવ્યાનો અવાજ સંભળાયો. એક્કામાં કોઈ સ્ત્રી બેઠી હતી. ભાઇએ નોકરને પ્રશ્ન કર્યો: "જા જોઇએ કોણ આવ્યું છે ?"

નોકરે જઈ આવીને ઉત્તર આપ્યો: "આપની કાકી સાસુ આવ્યાં છે."

ભાઇએ કહ્યું: "ઠીક ત્યારે તેમને ઉતારીને માન સહ અહીં બોલાવી લાવ તથા તેમને પૂછીને એક્કાવાળાનું ભાડું ચુકવી દે."

કેટલાક સમય પછી ભાઈ પણ અંદર ગયા એમને જોતાંજ તેમનાં કાકી સાસુ કે જેનું નામ યમુના હતું, તે ઘણુંજ રૂદન કરવા લાગ્યાં. કેટલાક સમય સુધી રૂદન કર્યા પછી અંતે તેમણે કહ્યું: "જુઓ મારી નજરમાં તો તમે પ્રથમ હતા તેવાજ અત્યારે પણ છો. પ્રભુ તમને ચિરાયુ કરો. સરયૂનું સુખ વિધાતાએ મારા નસીબમાં નહિ નિર્માણ કર્યું હોય, બીજું શું ? પરંતુ તમારૂં શરીર આવું કેમ થઈ ગયું છે ? તમારૂં શરીર સૂકાઇ ગએલા કંટક સમાન થઈ

ગયું છે. અરેરે ! આ બધાનું કારણ મારી સરયુજ છે. હું તમને કેવી રીતે કહી શકું કે તમે મારી સરયુને ભૂલી જાઓ. અરેરે ! એના જેવી સુશીલ પુત્રીઓ આ સમગ્ર સંસારમાં ભાગ્યેજ હયાત હશે; પરંતુ તમે પણ અમને છેકજ વિસારી દીધાં. અમારી પુત્રીના પરલોકવાસ પછી તમે એક પત્ર સુદ્ધાં પણ ન લખ્યો, એ શું વ્યાજબી કહેવાય ? તમારો એક પણ પત્ર નહિ આવવાથી છેવટે મારે તમારી કુશળ સ્થિતિ જોવાને માટે પંડેજ આવવું પડ્યું."

ભાઇએ સંક્ષિપ્તમાં આ સકળ વચનોનો ઉત્તર આપી કુશળ સમાચાર પૂછ્યા તથા વિશેષમાં પ્રશ્ન કર્યો કે: "બીજું કોણ આવ્યું છે ?"

યમુનાબાઇએ ઉત્તર આપ્યો: "આ તમારી સાળી કિશોરીને હું મારી સાથે લાવી છું." જો કે મારે તેને સાથે લઈ આવવાની ઇચ્છા ન્હોતી: પરંતુ તેણે એવી હઠ લીધી કે: 'હું તો મારા બનેવીનાં દર્શન કરવાને આવવાનીજ.'

ભ્રાતાએ પ્રશ્ન કર્યો: "એનો વિવાહ થઈ ગયો છે ?"

તેમણે એક દિર્ઘ નિશ્વાસ નાખીને કહ્યું: "અરે ! જો એમ થઈ ગયું હોતતો પછી મારે ચિંતાજ શી રહેત ! તમે ક્યાં નથી જાણતા કે હવે અમારા માથા ઉપર કોઇ છત્ર રહ્યું નથી. હવે તો કોઇ પણ પ્રકારે એના હાથ પીળા થઇ જાય અને તમારા જેવા ચાર સંબંધીઓ મને પહોં-

ચાડી આવે એટલે ગંગા નાહ્યા. (મારી સ્રીના પ્રતિ સંકેત કરીને) તમારે ત્યાં નાની વહુ પણ સાક્ષાત દેવી સ્વરૂપ છે. જ્યારથી હું આવી છું ત્યારથી તે મારા પ્રતિ સ્નેહદષ્ટિથી જોઈ રહી છે. પ્રભુ તેને અખંડ સૌભાગ્યવતી કરો. તેનાં બાળબચ્ચાંઓને ચિરાયુ કરો મારે મન તો એ મારી સર ચૂના સમાન છે. એ બિચારી આજકાલની છોકરીઓ જેવી ઉચ્છૃંખલ નથી. તેનાં નેત્રોમાં કેટલી બધી શરમ અને પવિત્રતા સમાયલી છે! તમે પોતે તો હવે પરદેશમાંજ રહેતા હશો?"

ભ્રાતાએ ઉત્તર આપ્યોઃ "એક વર્ષ પછી આજે પંદર દિવસ થયાં અત્રે આવ્યો છું. મારી તો હમણાં પણ આવવાની ઇચ્છા નહોતી, પણ દીનુભાઇએ ઘણોજ આગ્રહ કર્યો એટલે મારે આવવું પડયું."

"ત્યારે અહિંનું ખરચ વગેરે તો ત્યાંથીજ મોકલતા હશો."

"હા, મારાથી જે કંઈ થોડું ઘણું બની શકે છે તે હું મોકલી આપું છું. હવે ભાઇ ગણું તો પણ એમના સિવાય અન્ય કોણ છે? હવે મારે સંપત્તિને શું કરવી છે? હવે તો જો ઇશ્વરની કૃપા હોય તો સકળ પ્રવૃત્તિનો ત્યાગ કરી તેનાજ ભજનમાં દિવસો ગાળવાની અભિલાષા છે."

યમુનાબાઇ બોલી ઉઠયાં: "ના, ના, હજુ તમારે એવું કરવું તો શું પણ બોલવું સુદ્ધાં પણ ઉચિત નથી. મારી દષ્ટિમાં તો તમે હજુ બાળક જેવા છો. બિચારી તમારી માતા જ્યારે સુખના દિવસો આવ્યા ત્યારે ન રહ્યાં, અરેરે! તેમણે કેટલું બધું કષ્ટ સહન કરી તમારૂં પ્રતિપાલન કર્યું હતું! જો તેઓ જીવતાં હોત તો આજ સુધી તમને આવી રીતે પત્ની વિનાના રાખત કે? મારી ભત્રીજીના નસીબમાં મૃત્યુજ નિર્માણ થયું હશે. અથવા તો તે મને દુ:ખાગારમાં ડુબાવી મૂકવાને માટેજ જન્મી હશે. આમ છતાં હું મારા આત્મા ઉપર પથ્થર મૂકીને પણ તમારો વિવાહ કરીશ."

આ વાતો ચાલી રહી હતી એવામાં નોકરે આવીને કહ્યું: "રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠ પધાર્યા છે તે બહાર ઉભા છે." નોકરનું વાકય શ્રવણ કરતાંની સાથેજ ભાઈ બહાર ચાલ્યા ગયા.

૧૨—સંબંધ.

એક અંગ્રેજી કહેવત છે કે: "ગુજરી ગએલાં પ્રત્યે વફાદાર રહેવું એ જનસ્વભાવ નથી."

જે દિવસે યમુનાબાઇ આવ્યાં તેના બીજા દિવસથીજ તેમણે બન્ને સમય ભોજન તૈયાર કરવા માંડયું. ભોજન

બનાવવા ઉપરાંત પણ અનેક ગૃહકાર્યાદિ તેઓએ જાણે પોતાનુંજ ઘર હોય એમ દર્શાવી કરવા માંડયાં. આટલુંજ નહિ પણ તેઓ મારી અર્ધાંગના તથા બાળબચ્ચાંઓ ઉપર પણ એટલું બધું હેત રાખવા લાગ્યાં કે, તેમણે ફક્ત એકજ સપ્તાહમાં અમારા પ્રત્યેકના મનને વશ કરી લીધું. મેં પણ એમજ વિચાર્યું કે એમનો સ્વભાવ ઘણોજ મળતાવડો છે. ભાભીના મૃત્યુથી હૃદય ઉપર થએલો સખ્ત આઘાત કે જે રૂઝાતો નહોતો તે યમુનાબાઇના મળતાવડા સ્વભાવથી ધીમે ધીમે રૂઝાતો ચાલ્યો. એક દિવસે મારી પત્નીએ મને કહ્યું: “ યમુનાબાઇનો વિચાર પોતાની પુત્રી કિશોરીને તમારા બંધુને દાન કરવાનો છે. ”

મેં મારી પત્નીને પ્રશ્ન કર્યો: “ એ સંબંધે તારો શું મત છે ? ”

મારી પત્નીએ નિખાલસ હૃદયે ઉત્તર આપ્યો: “ મારો તો એવો મત છે કે, વિવાહ થઇ જાય તો ઘણું સારૂં. પાત્ર જે પ્રમાણમાં સુંદર છે તે કરતાં અધિક ગરીબ છે. વળી મોટાભાઇનું ઘર મંડાય તો તેમના આત્માને પણ શાંતિ થાય. જે દિવસથી તમારી ભાભીનો પરલોકવાસ થયો છે, તે દિવસથી તો તેમને સંસાર ઉપરથી ધીમે ધીમે આસ્થા છુટવા લાગી છે; અને અંતે આવા વૈરાગ્ય સૂચક વિચારોનું શું પરિણામ આવશે તે કાંઈ કલ્પી શકાતું નથી !

મારે વિવાહ થઈ જાય તો એના જેવી સારી વાતો બીજી નથી. ”

મેં ઠાવકું મોં રાખી કહ્યું: “ તારા વિચારો તો યથાર્થ છે; પરંતુ કોઇ પણ કાર્ય કરતાં પહેલાં તેના પરિણામનો પણ વિચાર કરવો આવશ્યક છે. કદાચિત ભાઈને સંસારી બનાવવા જતાં તારેજ વૈરાગ્ય લેવાનો વખત ન આવે ! ”

“ તમે આમ કેમ બોલો છો ? મોટાભાઈ સંસારી થાય એથી તો ઉલટું મને આનંદ થાય. ”

“ હજુ ઘણીજ ભોળી છે. આજકાલ અનેક ગૃહોમાં દેરાણી જેઠાણી વચ્ચે કલહ કંકાસ જોવામાં આવે છે. ”

“ અરે નારાયણ, નારાયણ કરો ! જે બાલિકા આટલી બધી સરલ હૃદયા, સુશીલા તેમજ સુંદર જણાય છે, તે ભવિષ્યમાં એવી કલહકારિણી બને એ સર્વથા અસંભવિત છે. ”

“ ત્યારે શું યમુનાબાઇએ આ સંબંધી કાંઇ વાતચીત કરી છે. ”

“ ના સ્પષ્ટતાથી કાંઇ પણ કહ્યું નથી; પરંતુ પડદે પડદે કહે છે. ”

“ ત્યારે હવે તેમને સ્પષ્ટ પૂછી જોજે; હું પણ મોટા ભાઇનો વિચાર જાણી લઇશ. ”

એ દિવસે આટલીજ વાતચીત થઈ. પરંતુ બીજા બે ત્રણ દિવસો પસાર થયા પછી પ્રસંગવશાત્ મેં ભાઈને પુનર્વિવાહ માટે પૂછયું તો તેમણે કહ્યું કે: "હવે આ જન્મમાં વિવાહ કરીને મારે શું કરવું છે? ઇશ્વરે તમને જે બાળબચ્ચાં આપેલાં છે તેમને હું મારાં પોતાનાંજ સમજું છું."

ભાઈનાં આ વચનો પ્રતિ લક્ષ નહિ આપતાં પુનર્વિવાહ કરવાને માટે મેં તેમને ઘણું કહ્યું. મારા મતને અન્ય કેટલાક સંબંધીઓએ પણ પુષ્ટિ આપી. બે દિવસ પૂર્વે રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠ આવ્યા હતા, તેમણે પણ જ્યારે મારા ભાઈનાં કાકી સાસુ તથા સાળી આવ્યાના સમાચાર જાણ્યા ત્યારે ભ્રાતાને એવી સલાહ આપી કે: "તમારી સાળી કુમારિકા છે તો પછી તમે શા માટે તેની સાથે પુનર્વિવાહ નથી કરતા? લક્ષ્મી ઘેર બેઠાં ચાંલ્લો કરવા આવે અને મોં ધોવા જવું એ યોગ્ય નથી. કુમારિકા ઘણીજ સુંદર જણાય છે."

અન્ય બાજુએ મારી પત્નીએ યમુનાબાઈ આગળ જ્યારે પ્રથમ વિવાહ સંબંધીની વાત કાઢી ત્યારે તો તેઓ પુષ્કળ રુદન કરવા લાગ્યાં. પરંતુ થોડા સમય પછી ઉભયની અરસપરસ અનેક પ્રકારની વાતોચીતો થઇ ગયા પછી તે પણ કાંઈક રાજી થયાં. અર્થાત્ આ તરફ ભ્રાતા અને

ચેષ્ટી તરફ યમુનાબાઈ બન્ને રાજી થઇ ગયાં. અમને પણ ઉભયનાં રાજી થવાથી અપૂર્વ આનંદ થયો તથા મારી પત્નીને તો લહાવો લેવાનો અવસર પ્રાપ્ત થએલો જણાવાથી તેના આનંદની સીમાજ રહી નહિ.

સત્યજ છે કે સ્ત્રીઓ વિવાહમાં અનેક પ્રકારનું કષ્ટ સહન કરે છે, છતાં તેમના મનમાં ઘણોજ આનંદ તથા ઉત્સાહ હોય છે.

આ સ્થળે મારે જણાવવું જોઈએ કે અમારા ઘરમાં એક વૃદ્ધ ચાકરડી હતી તેને આ વાત ન રુચી. તેણે મારી પત્નીને કહ્યું: “ બહેન ! જેઠનો વિવાહ કરવાને આટલાં બધાં ઉત્સુક તો થઈ રહ્યાં છો પરંતુ વિવાહ થઈ ગયા પછી ખબર પડશે. વહુરાણીજી આવીને ગૃહને સંભાળશે ત્યારેજ તમને મારાં વચનો બરાબર યાદ આવશે; બધીજ સ્ત્રીઓ કંઈ તમારી જેઠાણીના જેવી ગુણવાન હોતી નથી. હું તો અનેક દેરાણી જેઠાણીઓને જોતી જોતી વૃદ્ધ થઇ છું. ”

૧૩-વિવાહ તથા વિવાદ.

એક અંગ્રેજ ગ્રંથકાર કહે છે કે “ લગ્ન થયું કે ફાંસી મળી એ તો ભાગ્ય ઉપરજ છે. યોગ્ય જોડાં તો વિશેષ કરીને સ્વર્ગમાંજ મળી આવે તેમ છે. ”

ભાઇની ઇચ્છા એવી હતી કે અમારે ત્યાંજ વિવાહ થઇ જાય ત્યારે યમુનાબાઇની ઇચ્છા એથી વિરુદ્ધ અર્થાત પોતાને ઘેર વિવાહ કરવાની હતી. આમ હોવાથી સર્વ પ્રકારની વાતચીત નક્કી થયા પછી તેઓ સ્વગૃહે ગયાં; પરંતુ ઉછીના કહીને કેટલાક રૂપિયા લઇ ગયાં. મુહૂર્ત પ્રમાણે વિવાહ પણ થઈ ગયો. અમારી સર્વેની ઇચ્છા એવી હતી કે વહુને વિદાય કરાવી લાવવી પરંતુ એ સંબંધી યમુનાબાઇએ નાખુશી દર્શાવ્યાથી અમે કોઇએ વિશેષ આગ્રહ કર્યો નહિ.

વિવાહ થઈ ગયા પછી ભાઈ પણ પોતાના કામ ઉપર ચાલ્યા ગયા; તથા બીજે ત્રીજે મહીને સાસરીયામાં પણ જવા આવવા માંડયું. ત્રણ વર્ષ નિર્વિઘ્ને પસાર થઇ ગયાં ત્યાર પછી ભાઇને એક પુત્રની પ્રાપ્તિ થઈ. અમે સર્વે જઇને ભાઇ ભત્રીજાને ઘેર તેડી લાવ્યાં તથા મારાં નવાં ભાભી પણ સાથે સાથે આવ્યાં. કેટલાક દિવસો આનંદમાં વીતી ગયા. ત્યાર પછી ભાઈ પણ ચાલ્યા જવાની ઉતાવળ કરવા લાગ્યા. છતાં અમારા કહેવાથી અને વિશેષતઃ એમની સાસુના આગ્રહથી એક સપ્તાહ વધારે રહીને તેઓ ચાલ્યા ગયા. બીજી બાજુએ એમની સાસુએ પણ જવાની તૈયારી કરી. જતી વખતે તેમણે મને તથા મારી પત્નીને કહ્યું: "જુઓ આ મારી પુત્રી હવે તમારા ભરોસા ઉપર છે. કોઈ પણ પ્રકારની જૂદાઈ જાણશો નહિ ! મારે મન તો કિશોરી

ને તમારી પત્ની ઉભય સરખાંજ છે. હજુ ગમે તેમ તો પણ એ બાળક છે; સાંસારિક કાર્યોથી અજ્ઞાત છે, માટે તેનાથી કાંઇ ભૂલચૂક થાય તો ક્રોધ નહિ કરતાં તેને સમજાવજો. તમે બન્ને સમજુ અને શાણાં છો એટલે મારે અધિક કહેવું ઉચિત નથી. ”

ઇત્યાદીક અનેક શિષ્ટાચારની વાતચીત કરી તેઓ પોતાને ગામ ચાલ્યાં ગયાં. આ તરફ મારાં નવાં ભાભીજીએ પણ પૂર્વની પોતાની શુશિલતાને દેશવટો આપી, લજ્જાને ઉંચે મૂકી દઈ દિવસે દિવસે નવા નવા રંગઢંગ દર્શાવવાની શરૂઆત કરી. મારી સાથે વાતચીત સુદ્ધાં કરવી બંધ કરી. ગૃહમાંનું કામકાજ કરવાનું બિલકુલ બંધ કરી દીધું. મારી સ્ત્રીજ બન્ને સમયે રસોઇ બનાવતી, બાળબચ્ચાંની સંભાળ રાખતી અને મારાં નવાં ભાભી સાહેબ ગૃહભંડારનાં ધણિયાણીપણાનું કામ કરતાં હતાં. રસોઈ બનાવતી સમયે તે પોતાનેજ હાથે મારી પત્નીને ઘી, તેલ, મીઠું, મરચું, લોટ, દાળ, ચોખા વગેરે સામાન કાઢી આપતાં હતાં.

કેટલાક દિવસો આ પ્રમાણે ચાલ્યા ગયા. ધીમે ધીમે મારાં ભાભી પોતાની સત્તા અધિક જમાવતાં જઈ અમને તુચ્છ સમજવા લાગ્યાં. કોઈ કોઈ સમયે તેલ તથા શાકના ખર્ચ ઉપર તકરાર ચલાવતાં, તો કોઇ વખત અન્ય કોઇ ખર્ચ ઉપર તકરાર ચલાવતાં. આ તકરાર કરતી વખતે

તેમના મુખમાંથી જે જે મહાવાકયો નીકળતાં હતાં, તે આ જગ્યાએ દર્શાવવાની મારી ઇચ્છા નથી. મારી પત્ની જો કોઇ ભિખારી યા તો સાધુ સન્યાસીને એકાદ મુઠી ચોખા દાળ આપતી તો એટલું સુદ્ધાં તેમનાથી સહન કરી શકાતું નહોતું. એક દિવસે મારી પત્નીએ એક સન્યાસિનીને કે જે ખાસ કરીને એકાદશી દ્વાદશીને દિવસેજ આવતી તેને બે મુઠી અન્ન આપ્યું. આ બાબતની મારાં નવાં ભાભી સાહેબને ખબર પડતાંજ તેઓ ક્રોધપૂર્ણ સ્વરે બોલી ઉઠયાં: "જયારે જોઇએ ત્યારે બસ આપવા આપવાનીજ વાત! કમાવું એક પૈસો પણ નહિ અને આપી દેવું હોય તો આખું ઘર આપી દેવાને તૈયાર."

આવાં આવાં અનેક પ્રકારનાં વાકયો વારંવાર તેમના મુખમાંથી બહાર પડતાં હતાં. હવે એવો એક દિવસ ભાગ્યેજ પસાર થતો કે જે દિવસે મારી પત્નીનાં નેત્રોમાં પાણી આવ્યા સિવાય રહે. હું તો એમના ગૃહકલહ પ્રત્યે ધ્યાનજ આપતો નહોતો.

એક દિવસે મેં એક મજુરને કે જે બગીચામાં કામ કરતો હતો, તેને કહ્યું કે આજે તારે વિશેષ કામ કરવાનું હોવાથી જમવાને માટે તું ઘેર જઇશ નહિ. આપણે ત્યાં ભોજન કરી આવ.

મારા કહેવાથી તે બિચારો ઘેર ગયો તથા મારૂં નામ

દઈ તેણે પોતાને ભોજન કરાવવાની પ્રાર્થના કરી. અન્નભંડારનાં સત્તાધિકારિણી તો મારાં નવાં ભાભી સાહેબ હતાં. તેમણે હાથ તથા મોંને આશ્ચર્ય પમાડે તેવી રીતે મરડી, આંખો લાલચોળ કરીને કહ્યું: " ભાઈ તમારે ઘેર જબરી લૂંટ ચાલી રહી છે. વળી બગીચામાં એવા નોકરો રખાતા હશે કે જેને ઘરધણી ખવરાવે ? એમને શું લેવાદેવા છે ? **' પારકો ખડીઓ, પારકી શાહી, મતું કરે મારા માવજીભાઈ ! '** એ વાળો ઘાટ છે. "

મારી પત્ની ઉપર્યુક્ત વાક્યો સહન કરી શકી નહિ; કારણ દિવસે દિવસે થતા કલહકંકાસોથી ધીમે ધીમે તેની સહનશીલતા દૂર થતી જતી હતી; છતાં તે કોઇ પણ દિવસે પોતાના મુખમાંથી અપશબ્દ કાઢતી નહિ, જેઠાણીજીની ક્રોધરૂપી આગનો ભોગ બિચારો મજુર થઈ પડવાથી મારી પત્ની બોલી ઉઠી: " કેમ તમે આમ શા માટે બોલો છો ? શું જે કોઈ મજુર મજુરી કરવા આવશે તેને ખાવાનું આપ્યા સિવાય ચાલી શકશે કે ? અને વળી આ બિચારો કંઈ પોતાની જાતે આંહીંજ આવ્યો છે ? તેને મોકલ્યો ત્યારે તે આવ્યો. તમારે લડવું હોય તો તમારા દિયરજી આવે તેમની સાથે લડજો. મજુર બિચારાને શું કહો છો ? "

મારી પત્નીનાં વચનોથી તો ઉલટું મારાં નવાં ભાભીના ક્રોધરૂપી અગ્નિમાં ઘૃતનું સિંચન થયું. તે ભયંકર

સ્વરે બોલી ઉઠયાં: "મેં કહ્યું તે તમને ખોટું લાગ્યું કેમ? હું શું અસત્ય કહું છું? અને જો કહું તો તમારે તે સાંભળવુંજ પડશે. તમારે નાના મુખે આવાં વચનો ઉચ્ચારવાં એ ઠીક ન કહેવાય."

મારી પત્નીએ ગંભીરતાપૂર્વક કહ્યું: "બસ કરો, અમારાથી તમારાં એવાં અયોગ્ય વચનો સહન કરી શકાશે નહિ. આખો દિવસ મજુરી કરી કરીને મરી જઈએ તો પણ અંતે તેનો બદલો આજ કે?"

"મજુરી કરો છો તે કાંઇ મારે માટે તો નથી કરતાંને? તમારા પોતાના પેટના માટે કરો છો. અહિં કંઈ અન્નના ભંડાર નથી ભરી મૂકયા કે તમને બેઠે બેઠે ખવરાવીએ. બહુ બોલશો તો પછી પસ્તાશો અને ઘરમાં રહેવું પણ મુશ્કેલ થઈ પડશે."

"વારૂ, ત્યારે તમે આવ્યાં છો તો પછી અમને કાઢી મૂકવાનું પરાક્રમ નહિ કરો તો બીજું શું કરવાનાં છો?"

આટલું કહીને મારી સ્ત્રી ત્યાંથી અન્ય કામે ચાલી ગઇ; પરંતુ ભાભીનો ક્રોધ શાંત થયો નહિ. ઉલટું ઉપલા પ્રસંગ પછી દિવસે દિવસે તેમનો કંકાશ વધતોજ ચાલ્યો. આમ છતાં મેં મારી પત્નીને કહી રાખ્યું હતું કે: "ભાઇના આવી પહોંચ્યા અગાઉ તું કાંઇ પણ બોલીશ નહિ."

૧૪–જુદાં થયાં.

ત્રણ ચાર દિવસથી ભાઈ ઘેર આવ્યા છે; પરંતુ તેમના પૂર્વના સ્વભાવમાં ફેરફાર જણાતો હતો. તેના મુખ ઉપર ઉદાસીનતા છવાઈ રહેલી જણાતી હતી અને વાતવાતમાં અકળાઈ જતા હતા. આવાં લક્ષણો જોઈ મને ઘણું આશ્ચર્ય લાગ્યું. છેવટે મને સમજાયું કે નવાં ભાભીએ તેમના કાન ભંભેર્યા છે.

એક દિવસ ભાઈએ મને કહ્યું: "હવે મારી ઇચ્છા કુટુંબને સાથે લઈ જવાની છે; કારણ કે હવે દિવસે દિવસે મારી પ્રકૃતિ બગડતી જાય છે. આ સિવાય ભોજનાદિની પણ મને ઘણી હરકત પડે છે."

મેં ઉત્તર આપ્યો: "આપની ઇચ્છામાં આવે તેમ કરો. હું તો આપની આજ્ઞાને આધીન છું. ફક્ત મારે પૂછવા જેવું એટલુંજ છે કે, આપ અમારા કોઈ પણ પ્રકારના દોષને લીધે તો આમ કરતા નથીને ?"

ભાઈએ કહ્યું: "દોષ બોષ તો શું હોય ! તું તારા પોતાના જેવી કોની કોની બુદ્ધિ કરીશ ? તારી સ્ત્રી સર્વને આજ્ઞાધિન બનાવવા ઇચ્છે છે. સમય એવો છે કે કોઈ કોઈનાથી દબાઈને રહેવા ઇચ્છતું નથી. આજ સુધી મેં તમારાથી જુદાઈ જાણી નથી, તમારી આગળ પૈસાનો સ્વાર્થ

પણ રાખ્યો નથી. જો કાંઇ સમજવા જેવું હોય તો તે તમારે પોતાનેજ છે.”

ભાઇનાં હૃદયભેદક વચનો શ્રવણ કરતાં મારાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. હું શાંતતાથી નીચી ગરદન કરી બેસીજ રહ્યો. મારી અવસ્થા જોઈ ભાઇએ કહ્યું: “તું આમ ઉદાશ શા માટે થઈ જાય છે? મેં એમ તો નથી કહ્યું કે, એ લોકોને સાથે લઈ જઈ હું તમારો ત્યાગ કરીશ. જ્યાં સુધી બની શકશે ત્યાં સુધી તમને તમારૂં ખર્ચ મોકલતો રહીશ.”

૧૫-હું ભાઇને ત્યાં ગયો.

ખરાબ દિવસો આવે છે, ત્યારે એક સાથેજ આવે છે.

ભાઈ બાળબચ્ચાંને લઇને ચાલ્યા ગયા તેથી મને તથા મારી પત્નીને ઘણુંજ દુઃખ થયું; કારણ કે જે દિવસથી હું સમજુ થયો ત્યારથી તે આજ સુધી કદાપિ એ પ્રમાણે બન્યું ન્હોતું. અમે સદા સર્વદા મોટાભાઈ તથા પરલોકગત ભોજાઈનાજ હેતપ્રેમમાં પ્રતિપાલિત થયાં હતાં. જ્યારે જે કોઈ કાંઈ કમાઈ લાવતા તે ભાભીના હાથમાંજ મૂકતા. અને જ્યારે કોઈ વસ્તુની આવશ્યક્તા આવી પડતી તો ભાભી પાસેથીજ માગી લેતા. ભાભીના પરલોકવાસ પછી પણ ગૃહસંસારનો કારભાર હુંજ કરતો હતો; પરંતુ મને તે

સંબંધી કોઈ પણ પ્રકારની ચિંતા ન્હોતી. જે કંઇ થતું તે ભાઈ સંભાળી લેતા હતા; પરંતુ હવે હું નિરાશ્રય થઈ ગયો. આવા સમયે રોગે પણ એકાએક મારા ઉપર આક્રમણ કર્યું. દસ્તદ્વારા લોહી વહી જવા લાગ્યું; અને જ્વરે પણ પોતાની સત્તા પૂર્ણ જોસમાં જમાવી. દિનપ્રતિદિન મારૂં શરીર વિશેષ દુર્બળ થતું ચાલ્યું. છેવટે અનેક પ્રકારના ઔષધોપચારથી બે અઢી મહિને રોગે મને મુક્ત કર્યો. બીજી બાજુએ ભાઇએ રૂપીઆ મોકલવાનું તો શું પરંતુ પત્ર લખવાનું સુદ્ધાં બંધજ કરી દીધું હતું. અમારા એક ક્ષેત્રમાં જે કાંઇ અન્ન પાકયું હતું તે ભાઇએ મંગાવ્યું. લોકો મને એમ સલાહ આપવા લાગ્યા કેઃ– "એ અનાજ તમે મોકલી આપશો નહિ; કારણ કે તેમાંથી યોગ્ય રીતે તમારો અર્ધોભાગ તમોને મળવો જોઇએ." આમ છતાં મેં ભાઈ સાથે વિરોધ કરવો એ મહાપાપ કરવા સમાન વિચારી ક્ષેત્રમાં જે કાંઈ અન્ન ઉત્પન્ન થયું હતું તે સઘળું તેમને પહોંચાડી દીધું તથા જે માણસ સાથે અન્ન પહોંચાડી દીધું તેની સાથે એક પત્ર લખી મોકલી મારી બિમારીના સમાચાર પણ મોકલ્યા. છેવટે ઉત્તરમાં ભાઇએ અન્ન પહોંચ્યાનો ઉત્તર લખ્યો તથા મારી બીમારી સંબંધે લખ્યું કેઃ "તું જાતેજ ડોકટર છે એટલે પછી હું વિશેષ શું લખું? જ્યાં સુધી બને ત્યાં સુધી પરહેજીપર રહેજે તથા દવાનું સેવન કરવા ચૂકીશ નહિ."

ભાઇનું ગમે તેવું મન હોય તો પણ તેમને જોયાને ઘણા દિવસ થઈ ગયાથી મારો આત્મા આકુળવ્યાકુળ બની ગયો હતો. આમ હોવાથી મારી તેમને જઇને મળી આવવાની ઉત્કટ ઇચ્છા થઈ. મારી પત્ની તથા અન્ય લોકોને મેં એવું કહ્યું કે, "મારી પ્રકૃતિ ઘણી અસ્વસ્થ થઇ ગઇ છે, તેટલા માટે થોડા દિવસ હું હવાફેર કરી આવું." આથી કરીને સર્વેએ મને જવાને માટે સંમતિ આપી.

હું ગૃહેથી નીકળી વડીલબંધુને ત્યાં ગયો. જે સમયે હું ત્યાં જઇ પહોંચ્યો તે સમયે ભાઇ કચેરીથી ઘેર આવીને કપડાં ઉતારતા હતા. તરતજ મેં ભાઇ પાસે જઈ તેમના ચરણોમાં ઢળી પડી નમસ્કાર કર્યા. તેમણે મારી પ્રત્યે દૃષ્ટિ કરી કહ્યું: "દીનું, ઘણોજ દુર્બળ થઇ ગયો છે ! હવે પ્રકૃતિ કેવી છે ? "

કોણ જાણે શાથી ભાઈનાં દર્શન થતાં મારૂં હૃદય ભરાઈ આવ્યું; તો પણ મેં મહામુશીબતે હૃદયના આવેગને રોકી રાખી એટલુંજ કહ્યું કે: "હમણાં તો આપની કૃપાથી સ્વસ્થ છું; બાકી જીવન ટકવાની આશા ન્હોતી."

કપડાં કાઢતાં કાઢતાં ભાઈએ કહ્યું: "ત્યારે તેં તારી એવી ભયંકર અવસ્થાના સમાચાર મને કેમ જણાવ્યા નહિ ?"

મેં ઉત્તર આપ્યો: "જ્યાં સુધી મારામાં લખવાનું

સામર્થ્ય હતું, ત્યાં સુધી તો મેં મારી સ્થિતિના સમાચાર લખી જણાવ્યા હતા. ”

આ પ્રમાણે અમારી ઉભયની વાતચીત ચાલતી હતી તે સમયે બેચાર ગ્રહસ્થો ભાઇના દિવાનખાનામાં બેઠા બેઠા વાતચીત કરતા હતા. થોડા સમય પછી અન્ય પણ બેએક ગ્રહસ્થો આવી પહોંચ્યા. આથી કરીને ભાઇ દિવાનખાનામાં ગયા અને હું શાંતિથી બેસી રહ્યો.

કેટલોક સમય પસાર થઈ ગયા પછી ભાઈ ઘરમાં મોં ધોવા ગયા. આ અરસામાં એક દાસી રકાબીમાં બે ચાર જલેબી તથા એક બે કળીના લાડુ લઇ આવી ને તે રકાબી નોકરના હાથમાં મૂકીને ચાલી ગઈ.

તરતજ નોકર મને એક ઓરડીમાં બોલાવી ગયો. જ્યાં આગળ એક ટેબલ એક બે બેંચો તથા ત્રણ ચાર ખુરશીઓ પડી હતી. નોકરે ટેબલ ઉપર રકાબી મૂકીને મને કહ્યું: “ ભાઈ મોં ધોઇ નાસ્તો કરી લ્યો. ”

ઇચ્છા તો નહોતી છતાં હું નાસ્તો કરવા બેઠો; કારણ કે મેં વિચાર્યું કે જો નાસ્તો કરવા નહિ બેસું તો ભાઇને ખોટું લાગશે. છતાં મારા મનમાં એટલું તો ઓછું લાગ્યા સિવાય રહ્યું નહિ કે “શું મારા ભાઈજી મને પારકો ગણવા લાગ્યા છે કે નાસ્તો પણ બહાર મોકલી આપ્યો ! ”

નાસ્તો કરી હાથ મોં ધોઈ ભાઇને હું પાસેના દિવાન

ખાનામાં જઇને બેઠા. ભાઇ તો પોતાના અસીલોની સાથે વાતચીત કરવામાંજ નિમગ્ન હતા.

સંધ્યા થતાંજ બહારવાળા ગ્રહસ્થો એક પછી એક વેરાવા લાગ્યા. નોકરે આવીને ભાઈને ભોજન કરવાને માટે પૂછ્યું, તો ઉત્તરમાં તેમણે કહ્યું કેઃ “ આજે અમે અંદર જમવા બેસવાના નથી. બે થાળીઓ બહારજ લઇ આવ.”

ભાઈનાં આ વાકયોથી તો મને અતિ આશ્ચર્ય લાગ્યું. મેં વિચાર્યું કેઃ ‘ શું નવાં ભાભી મારૂં મોં જોવા પણ ઇચ્છતાં નથી ? મારાથી આટલો બધો પડદો રાખવાનું કાંઇ પ્રયોજન ? ’

ભોજન કરતી વખતે મેં ભાઇને મારાં નવાં ભાભી તથા ભત્રિજાના કુશળવર્તમાન પૂછયા તો ઉત્તરમાં ભાઇએ કહ્યું કેઃ “ હરિહર (મારો ભત્રીજો) તો કુશળ છે; પરંતુ તેની માતા હમેશાં બિમારજ રહ્યા કરે છે. વળી બીમાર તે એટલી બધી છે કે એનાથી રસોઈ પણ તૈયાર કરી શકાતી નથી. આમ હોવાથી સાસુજીને બોલાવ્યાં હતાં, પરંતુ બે દિવસથી તેઓ પણ ચાલ્યાં ગયાં છે. હમણાં એક બ્રાહ્મણીને રાખી છે. હવે સંસારસુખ ભોગવવાનું લલાટે લખેલું લાગતું નથી. સંસારનું સુખ તો તારી પૂર્વની ભાભીના સાથેજ ચાલ્યું ગયું. ”

ભોજન કરી રહ્યા પછી કેટલાક સમય સુધી અમે

દિવાનખાનામાં બેસી રહ્યા તથા મળવા આવેલા મનુષ્યોની સાથે વાતચીત કર્યા કરી. ત્યારપછી ભાઇએ કહ્યું: "ચાલો હવે અંદર જઇને આપણે શયન કરીએ."

હું ભાઇની સાથે મેડે ચડવા લાગ્યો પરંતુ જાણી જોઇને તેમનાથી ઘણો પાછળ રહ્યો.

ભાઇએ ગૃહમાં પ્રવેશ કરતાંની સાથેજ ભાભીએ પ્રશ્ન કર્યો.

"બીજું કોણ છે ?"

"દીનુ છે."

ભાભીએ પ્રશ્ન કર્યો: "શું એ પણ અહિં સૂઇ રહેનાર છે ?"

"અહિં નહિં તો બીજે કયાં સૂઇ રહેશે ?"

"દિવાનખાનામાં જગ્યા નથી ?"

"યોગ્ય જગ્યા નથી."

"ઠીક ત્યારે તમે બન્ને અહિં સૂઇ રહો અને હું મારા બાળકને લઇને ચોકમાં જઈ પડી રહીશ."

એટલામાં ભાઇએ મને બોલાવ્યો. હું તેમની પાસે ગયો. અંદર જઈ મેં મારાં ભાભીને પ્રણામ કર્યા. તેમણે શું આશિષ આપી તે હું સાંભળી શકયો નહિ. મેં એક પોટલી કે જે ગૃહેથી નીકળતી વખતે મારી પત્નીએ મને આપી હતી તથા જેમાં થોડો ઘણો મેવો મીઠાઇ અને

બાળકનાં કપડાં હતાં તે ભાભીના હાથમાં મૂકી. પોટલી પોતાના હાથમાં લીધા પછી ભાભીએ પ્રશ્ન કર્યો: "આ શું છે ?"

મેં ઉત્તર આપ્યો: "તમારી દેરાણીએ જે કાંઇ બાંધ્યું હોય તે છે; હું કાંઇ જાણતો નથી."

ભાભીએ હાવકું મોં કરી વ્યંગ વચનોએ કહ્યું: "ઓહો ! ધન્યભાગ્ય !"

આમ કહી હાથમાંની પોટલી બાળકના મોં આગળ લઈ જઈ બોલી: "લે આ તારી કાકીએ મોકલ્યું છે, આજે તો તું કાંઇ સારાનું મોં જોઈ ઉઠ્યો હોઇશ." આ પ્રમાણે બોલી બાળકને લઈ તેઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. હું અને ભાઈ જઇને સૂઈ રહ્યા. અનેક પ્રકારની વાતોચીતો થયા પછી ભાઇએ કહ્યું: "આજકાલ હું એક મોટા કેસમાં ફસાયો છું; રાત્રિદિવસ એ કેસનીજ ચિંતા થયા કરે છે."

મેં પ્રશ્ન કર્યો: "શું બાબતનો કેસ છે ? મને કહેવાને કાંઈ હરકત છે ?"

ભાઇએ કહ્યું: "તું કયાં બહારનો માણસ છે કે તને કહેવાને હરકત હોય ? અહિંના એક અસીલનો કેસ લડું છું."

મેં પુનઃ પ્રશ્ન કર્યો: "પણ એ કેસ છે શું બાબતનો ?"

"એક વસિયતનો કેસ છે. હાલમાં સકળ ખર્ચ

હુંજ કરૂં છું. જો જીતીશ તો થએલા ખર્ચ કરતાં ત્રણ-ગણી યાતો ચાર ગણી રકમ મળે તેમ છે; પરંતુ ન કરે નારાયણ ને જો નાસીપાસ થવાનો પ્રસંગ આવે તો તો મહાદુર્ભાગ્યજ સમજવું."

"એમ કેમ બને? હજી સુધીમાં કેટલું ખર્ચ થયું છે.?"

"લગભગ પચીસ હજાર રૂપીઆ."

"ખર્ચ થએલા રૂપીઆ તો આપણા પોતાનાજ છે ને?"

એટલા બધા રૂપીઆ આપણા પોતાના ક્યાંથી હોઈ શકે? ઉછીના લીધા છે. ઘરમાં તો તારી ભોજાઈના અલંકારો સિવાય બીજું કાંઇ શિલિક નથી."

ભાઇની કથા સાંભળી મને ઘણું લાગી આવ્યું. આ સંબંધી વાતચીત કરતાં કરતાં અર્ધરાત્રિ વીતી ગયા પછી અમે ઉભય નિદ્રાદેવીને આધિન થયા.

૧૬–હું પુનઃ સ્વગૃહે આવ્યો.

મને ભાઇને ત્યાં આવ્યાને ફક્ત પાંચ સાત દીવસજ થયા હતા; પરંતુ એ સમય દરમ્યાન હું સ્પષ્ટ સમજી ગયો કે, મારાં ભાભીને મારા આગમનથી ઘણુંજ દુઃખ લાગ્યું છે. હરહમેશ બેચાર એવાં વચનો મારા સાંભળવામાં

આવતાં કે, જેથી કરીને મને એમ થઇ આવતું કે હમણાં ને હમણાં અહિંથી વિદાય થઈ જાઉં ! આમ છતાં ભાઇની ઇચ્છાને લીધેજ મારે રોકાઈ રહેવું પડયું. પરિણામ એ આવ્યું કે ભાઇના કહેવાથી હું ભોજન કરવા માટે એક દિવસ ગૃહમાં ગયો એ ગુન્હા બદલ ભાભી મારા ભાઈ સાથે તકરાર કરતાં હતાં. જોકે રસોઇ તો બ્રાહ્મણી બનાવતી હતી; પરંતુ મારા માટે ભાભીને વિશેષ શાક સુધારવું પડતું હતું. એ દિવસે ભોજન કરતી વખતે રસોઇયણે કહ્યું કે: “ અથાણું કાઢી આપો. ”

આના ઉત્તરમાં ભાભીએ કહ્યું: “ હું ડાકણ છું તે વખત છે ને કદાચિત એમના ભાઈ ઉપર જાદુબાદુ કરી નાખીશ. હું તો કાંઈ કાઢી આપતી નથી, જોઇતું હોય તો લઇ લે–”

આ શબ્દો સાંભળતાંજ મારો નિશ્ચય થઈ ગયો કે મારે માટેજ કાંઈ તકરાર ઉભી થઇ છે. ભોજન કરતી વખતે ભાઇના ક્રોધની પણ સીમા રહી નહિ, છતાં ક્રોધને રોકી થોડું ઘણું ખાઇને તેઓ ઉઠી ઉભા થયા. મારે પણ ભાઇની સાથે ઉઠી જવું પડયું. એ દિવસે રવિવાર હોવાથી ભાઇને કચેરીમાં જવાનું નહોતું.

હું ભોજન કરીને જે સમયે નીચે ઉતર્યો તે સમયે મારા કાન ઉપર નીચેનાં વાકયો પડયાં: “ જો સુભદ્રા !

એમના ભાઈ આવ્યા છે. તેમને જોતાંજ હું તો બળી જઉં છું. તેમની સાથે રહીને મેં જે જે દુઃખો સહન કર્યાં છે, તે હજુ સુધી હું ભુલી નથી. એ દુઃખમાંથી મુક્ત થવાને માટે તો હું અત્રે આવી; તો પણ હજુ પણ મારો પીછો ક્યાં મૂકે છે ? ”

મારી ભાભીનાં એવાં વચનોથી મને ઘણું દુઃખ થયું. આમ છતાં મારી તે અવસ્થા મેં કોઇને જણાવી નહિ. દિવસ તો જેમ તેમ કરીને પૂરો કર્યો. રાત્રે ભાઇને કહ્યું કેઃ “ ગૃહે કોઈ નથી. હું ફક્ત એજ દિવસનો વાયદો કરીને આવ્યો હતો; તેથી જો હવે ઘેર નહિ જાઉં તો તો તેમનો જીવ ગભરાશે. વળી સમય એવો છે કે ઘરને સુનું રાખવું ઠીક નથી. ”

આ પ્રમાણે કહી મેં ભાઈની પાસે રજા માગી. ભાઈ મનમાં તો બધું સમજી ગયા; પરંતુ તેમણે પણ મારાં ભાભીના ભયથી વિશેષ રહેવાનો આગ્રહ ન કર્યો; અર્થાત્ મળસ્કે મારે વિદાય થવાનું નક્કી થયું.

પ્રાતઃકાળે ઉઠીને મેં ઉપડી જવા:ની તૈયારી કરી. ભાભી પાસે જઇને હાથ જોડીને મેં રજા માગી તથા વિશેષમાં કહ્યું કેઃ “ મારાથી કાંઇ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો. તમારાં સર્વેનાં દર્શન કરવાની ઇચ્છા થવાથીજ હું અત્રે આવ્યો હતો. ”

ભાભીએ ઠાવકું મોં કરી ઉત્તર આપ્યો: “ આવ્યા તો ભલે આવ્યા, કયાં કોઈ પારકાને ઘેર આવ્યા છો ? તમે જવાની તૈયારી તો કરી, પરંતુ હજુ સુધી બાળબચ્ચાંનાં કપડાં શીવવા આપ્યાં છે તે તૈયાર થઈને આવ્યાં નથી ! ”

મેં કહ્યું: “ ભાભી ! કપડાંથી શું વધારે ! એ જે કાંઇ પહેરે છે, ખાય છે, પીએ છે, તે બધું તમારૂંજ છેને ! ”

આમ કહી હું ભાભી પાસેથી ચાલ્યો આવ્યો. વિદાય થતી વખતે ભાઈએ નેત્રોમાં આંસુ લાવી કહ્યું: “ ભાઇ મેં તને જે કેસ સંબંધી વાત કરી હતી તેનું પરિણામ તો હવે ઇશ્વર જાણે, કદાચિત્ કોઇ અનિષ્ટ પ્રસંગ આવી પહોંચે તો કોઇ પણ પ્રકારનો ભિન્નભાવ તારા મનમાં રાખીશ નહિ. કોઇ ગમે તેમ ધારે, પરંતુ મારે મનતો તું પૂર્વે જેવો હતો તેવો અત્યારે પણ છે. તારા સિવાય આ સમગ્ર સંસારમાં મારૂં કોઇ સ્વજન નથી. ”

ઉત્તરમાં મેં કહ્યું: “ ભાઈ ! આપ ઉદાસ શા માટે થાઓ છે ? જો આપ હયાત છો તો મારે મન સંસારમાં સઘળુંજ છે. ”

આટલું બોલતાં બોલતાં તો મારો કંઠ ભરાઈ આવ્યો. હું વિશેષ કાંઇ બોલી શકયો નહિં. હું ભાઇને નમસ્કાર કરી ચાલી નીકળ્યો.

૧૭–મારી નોકરી.

ઇશ્વરની લીલા વિચિત્રજ છે. તેને લુંટી લેતાંએ વાર લાગતી નથી અને આપી દેતાં પણ વાર લાગતી નથી. તે પરમકૃપાળુનો મહિમા આપણે તુચ્છ પ્રાણીઓ કેવી રીતે સમજી શકીએ ?

જે સમયે હું સ્ટેશન ઉપર જઈ પહોંચ્યો તે સમયે ગાડી આવવાને થોડો વિલંબ હતો; આથી કરીને મારે સ્ટેશન ઉપર બેસી રહેવું પડયું. રેલ્વે સ્ટેશન એક વિચિત્રજ સ્થાન છે !

આજકાલના ઇંગ્રેજી ભણેલા ડાકટરો જેવા પ્રકારના ઠાઠમાં રહે છે તેવાજ પ્રકારના ઠાઠમાં હું રહેતો હતો. ટીકીટ લેવાનો વખત થતાંજ મેં સેકંડ કલાસની ટીકીટ લીધી. ટીકીટ લીધા પછી હું ફરતો ફરતો વેઇટિંગ રૂમમાં આગળ જઈ પહોંચ્યો; તો અંદર એક ઠાકોરને તથા તેમની સાથે બીજાં દસ બાર મનુષ્યોને અંદર બેઠેલાં જોયાં. સ્વાભાવિક રીતેજ મને નવીન માણસોના પરિચયમાં આવવાની એક પ્રકારની ટેવ પડી ગઈ હતી. આથી તરતજ મેં વેઈટિંગ રૂમમાં પ્રવેશ કરી ઠાકોરની સાથે શેકહેન્ડ કરી.

તરતજ તેમણે મને પોતાની પાસે બેસવાને માટે સ્થાન આપ્યું. “ક્યાં જાઓ છો ?” “કયાંથી આવો

છો ?” ઇત્યાદિ અનેક પ્રશ્નો પરસ્પર પૂછાઇ ગયા. પછી જ્યારે તેમને એમ માલુમ પડ્યું કે હું અમુક વકીલનો ભાઈ છું તથા ડોકટરીની પરીક્ષામાં પસાર થએલો છું ત્યારે તેમણે પોતાના અભિપ્રાયને અનેક અલંકારોથી વિભુષિત કરીને એમ દર્શાવ્યું કે જો હું કદાચ તેમની સાથે જાઉં તો મહિને મને પચાસ રૂપીઆના પગારની પ્રાપ્તિ થાય. તદુપરાંત નગરમાંના અન્ય લોકોની ચિકિત્સા કરવામાંથી પણ થોડી ઘણી પ્રાપ્તિ થાય. છેવટે આ સંબંધી મેં મારા મન સાથે વિચાર કરી જોયો તો હાથમાં આવેલા પ્રસંગનો લાભ ગુમાવી દેવાનું મને યોગ્ય લાગ્યું નહિ. વળી મને એમ પણ લાગી આવ્યું કે નવાં ભાભીનું અભિમાન ઉતારવા માટેજ આ પ્રસંગ નારાયણે ઉપસ્થિત કરી આપ્યો છે. આમ વિચારી છેવટે મેં નમ્રતા પૂર્વક ઠાકોર સાહેબને કહ્યું: “હાલતો હું ઘેર જાઉં છું. ત્યાં ગયા પછી જો આપશ્રી યાદ કરશો તો હું અવશ્ય આપની સેવામાં હાજર થઇશ.”

ઠાકોર સાહેબે મારી વિનંતિનો સ્વીકાર કર્યો. તેમણે મારૂં શિરનામું લખી લીધું; તથા મને પોતાનું લખી આપ્યું. એટલામાં ગાડી પણ આવી પહોંચી. હું ઠાકોર સાહેબ પાસેથી રજા લઇ ગાડીમાં ચડી બેઠો.

૧૮–ઇશ્વરની કૃપા.

ઘર પહોંચ્યા પછી લગભગ પંદરેક દિવસ પછી મારી નોકરી સંબંધીનો પત્ર આવી પહોંચ્યો. ઈશ્વરને ધન્યવાદ આપી બાળબચ્ચાંની વિદાય લઈ હું મારી નવી નોકરી ઉપર જઇ પહોંચ્યો. ઠાકોર ઘણાજ સજ્જન, મિલનસાર, ગુણગ્રાહી તથા ઉદાર હતા. દિનપ્રતિદિન તેમનો મારા ઉપરનો પ્રેમ વૃદ્ધિંગત થતો ચાલ્યો. વળી તે સાથે ઈશ્વરના અનુગ્રહથી મારી મારા ધંધાસંબંધી પ્રશંસા આખા ગામમાં થવા લાગી. આ પ્રશંસાના પરિણામે મારી આવક પણ વધી પડી. લગભગ માસિક સો રૂપિયા મને મળવા લાગ્યા.

પગારના પચાસ રૂપિયા તો હું ઘેરજ મોકલી આપતો: તથા ખાનગી આવકમાંથી હું માનમર્યાદાપૂર્વક મારા ખર્ચનો નિર્વાહ કરી બચતી રકમ એકઠી કરી રાખતો. હું ડૉકટરી પરીક્ષામાં પાસ થયો તે સમયે લક્ષ્મીજીએ કૃપાદૃષ્ટિ કરી હતી, તેથી અધિકતર કૃપાદૃષ્ટિ લક્ષ્મીજીએ હમણાં મારા ઉપર કરી. ધીમે ધીમે એવો સમય પણ આવી પહોંચ્યો કે મારી આવક ત્રણસેંથી ચારસેંની હદે પહોંચી ગઇ. મારા ભાઈની તેમજ ઘરની સ્થિતિનો વિચાર કરી મેં કેટલીક જમીન વેચાણ રાખી લીધી. ધીમે ધીમે મેં એક સુંદર પાકું મકાન પણ બંધાવ્યું તથા મારાં બાલબચ્ચાંને

મેં મારી પાસે બોલાવી લીધાં. મારા ભાઇ સાથેનો મારો સર્વ સંબંધ હવે છુટી ગયા જેવુંજ થયું. આમ થવા છતાં હું મારા હૃદયમાંથી એક ક્ષણને માટે પણ ભાઇને ભૂલી શકતો નહોતો ! ઇશ્વરની કૃપાથી આ સમયે હું સર્વે પ્રકારે સુખી હતો; પરંતુ ભાઇની યાદ આવતાં મારૂં હૃદય વ્યાકુળ બની જતું હતું. ભાઇને મળ્યાને આજકાલ કરતાં નવ માસ થઈ ગયા હતા. આ સમય દરમિયાન ભાઇના ચાર પાંચજ પત્ર આવ્યા હતા. તે ઉપરથી એમજ માલૂમ પડી આવતું હતું કે ભાઇએ મારી સાથે જે કેસ સંબંધી વાતચીત કરી હતી, તે કેસનું ભવિષ્ય સારૂં નિવડે એવાં લક્ષણો જણાતાં નહોતાં. વળી હવે એ કેસમાંથી છુટી પણ શકાય તેમ નહોતું. મારા મનમાં એક બે વખત ભાઇને મળી આવવાનો વિચાર થયો, પરંતુ ભાભીનાં કઠોર વચનો યાદ આવતાં તે વિચાર દૂર થઈ જતો; અર્થાત ભાભી પાસે જવાનું સાહસ મારાથી બની શકયું નહિ.

૧૯—ભાઈ કારાગૃહમાં.

એક દીવસે સાંજરે ત્રણ ચાર સ્નેહીઓ સાથે હું વાતચીત કરતો હતો, એવામાં ઘરમાંના નોકરે એક સરકારી તાર લાવીને મારા હાથમાં મૂકયો. સહી કરી આપીને તાર વાંચતાંજ મારાં નેત્રોએ અંધારાં આવ્યાં, મનમાં એમ

ચ્યું કે, રડીને હૃદયનો ભાર ઓછો કરૂં; પરંતુ મસ્તક ભમવા લાગ્યું. જે સ્નેહીઓ મારી પાસે બેઠા હતા તેઓ મારી આવી દશા જોઇ ગભરાઇ ગયા તથા પૂછવા લાગ્યા કેઃ "શું બન્યું?" જેમ તેમ કરીને તેમને સર્વ વાત કહી સંભળાવી.

મારા મોટા ભાઇના એક પરિચિત શ્યામચંદ્રે લખ્યું હતું કેઃ 'તમારા ભાઈ પ્રિયનાથને આજે કારાગૃહમાં લઇ ગયા છે. જેમ બને તેમ જલદીથી આવો.'

જેમ તેમ કરીને રાત પૂરી કરી. સવાર થતાંજ હું ડાકોર સાહેબની રજા લઇને સ્ટેશને પહોંચી ગયો અને ગાડી આવતાં તેમાં બેસીને ભાઇને ત્યાં જઇ પહોંચ્યો. પહોંચતાંજ માલૂમ પડ્યું કે, નવાં ભાભી સાહેબ, ભાઇની સાથે તુમુલ યુદ્ધ કરી પોતાનાં અલંકર આભૂષણો લઇ પોતાની માતાની પાસે ચાલ્યાં ગયાં છે. ભાઇ પણ પોતાનો કેસ હાઇકોર્ટમાં હારી ગયા હતા. અન્ય બાજુએ જે જે લોકોએ ઉછીના રૂપિયા આપ્યા હતા, તેમણે અરજી કરીને પોતાના રૂપિયાને માટે ભાઇને કેદ કરાવ્યા હતા. ત્રણ દિવસથી ભાઈ કેદખાનામાં પડયા હતા; સમય આવ્યે કોઇ પણ તેમની સંભાળ લેવા આવ્યું નહિ. આ સમયે કોઇ કદાચ એવો પ્રશ્ન કરશે કે શું મારા ભાઇને જામીન ઉપર છોડાવવાને માટે પણ કોઇ આવ્યું નહિ? તો આના ઉત્ત-

રમાં સત્યતા સાથે મારે જણાવવું જોઇએ કે, જ્યારથી મારા ભાઈએ પુનર્વિવાહ કર્યો અને મારાં કુળતારિણી ભાભી-સાહેબ અમારા ઘરમાં આવ્યાં, ત્યારથી ભાઇનો સ્વભાવ પણ કાંઈક બદલાઇ ગયો હતો; જો કોઇ બેચાર ગૃહસ્થો આવી ભાઇને ત્યાં ફક્ત પાનતમાકુ ખાતા, તોપણ તે મારાં નવાં ભાભીથી સહન થઇ શકતું નહોતું. જો કોઇ બે દિવસ અતિથિતરીકે જાય તો તેના તો પૂરેપૂરા ભોગજ મળ્યા સમજવા. આ સંબંધી ઉદાહરણ લેવા જવાની જરૂર હોય એમ તો છેજ નહિ; કારણ મને વીતેલી વિડંબના હજુસુધી પાઠકોના લક્ષ બહાર તો નહિજ ગઈ હોય. વળી આ જગતમાં એવા મિત્ર તો વિરલજ હોય છે, કે જેઓ નિઃસ્વાર્થપણે મિત્રતાનો નિર્વાહ કરે. આજકાલ તો જ્યાં જોઇએ ત્યાં સ્વાર્થી સ્નેહીઓજ જણાય છે; અર્થાત્ ભાઇનો કોઈ પણ સ્નેહીસંબંધી એવો નહોતો કે જે આ સંકટ-સમયે તેમને માટે લેશમાત્ર પણ ચિંતાતુર થાય. આમ છતાં મારા ભાઈ જે ગૃહસ્થના મકાનમાં રહેતા હતા, તે ગૃહસ્થ ઘણા દયાળુ હતા. ભાઇને મુક્ત કરાવવાની તેમને ઉત્કટ ઇચ્છા હતી. એમણેજ મને તારદ્વારા સમાચાર પહોંચાડયા હતા. પ્રથમ મેં તેમને મળી સર્વ હકીકત પૂછી લીધી. ત્યાર પછી મેં શ્યામચંદ્રને પ્રશ્ન કર્યો કે: “ આ સમયે મારાં ભાભી પણ ભાઇનો ત્યાગ કરી શા માટે ચાલ્યાં ગયાં ? ”

શ્યામચંદ્રે ઉત્તર આપ્યો: “ મને નોકર તથા તેમને ત્યાં કામ કરનારી દાસી મારફત એવા સમાચાર મળ્યા છે કે તમારા બંધુએ પોતાની વિપત્તિ તમારાં ભાભીને જણાવીને કહ્યું: “ આ સમયે મારી સાથે એક કોડી પણ નથી; તથા હોય પણ કયાંથી ? જે દિવસથી તું અહીં આવી છું, તે દિવસથી હું જે કાંઈ કમાઇને લાવું છું તે સર્વ તુંજ લઈ લે છે અને તે એટલેસુધી કે હજામ, ધોબી, તેલી અને તંબોળીને આપવાના પૈસા પણ તું મારી પાસે રહેવા દેતી નથી. હવે જ્યારે આવા સંકટસમયે તું મને સહાય નહિ કરે તો હું પૈસાની વ્યવસ્થા કયાંથી કરીશ ? ”

આના ઉત્તરમાં તમારાં ભાભીએ એવું કહ્યું કે: “ જેમ થવાનું હોય તેમ થાઓ. હું તો એક પૈસો પણ આપનાર નથી. ભાઇભોજાઇને જન્મપર્યંત ખવડાવ્યું છે તો પછી તેમનીજ પાસે શામાટે નથી માગતા ? ” તમારા ભાઇએ અનેક રીતે તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે સઘળું નકામું ગયું. ઘણા દિવસસુધી વિવાદ ચાલ્યા પછી તે પોતાના જે કાંઈ અલંકારો, આભૂષણો વગેરે હતું તે લઇને તેની મા પાસે ચાલી ગઈ. તેના ચાલ્યા ગયા પછી ચોથેજ દિવસે તમારા ભાઇને વૉરંટ ઉપર પકડવામાં આવ્યા. જે દિવસે તેમને પકડવામાં આવ્યા તેજ

દિવસે મેં તમને તારદ્વારા આ સમાચાર પહોંચાડ્યા.” આ સર્વ શ્રવણ કરી રહ્યા પછી મેં શ્યામચંદ્રને પ્રશ્ન કર્યો: “ડિક્રિ કેટલા માણસોની છે તથા તેમના કેટકેટલા રૂપિયા છે ?”

શ્યામચંદ્રે ઉત્તર આપ્યો: “બે મનુષ્યોની ડિક્રે છે તથા બન્નેના મળી દશ હજાર રૂપિયા છે.”

“ઠીક ત્યારે મને કોઇ સારા વકીલ પાસે લઇ ચાલો.”

“હમણાં આપ સ્નાન કરી થોડું ભોજન કરી લ્યો. પછીથી આપણે બન્ને જઇશું.”

“મારે હમણાં કાંઈ ખાવુંપીવું નથી. જ્યાંસુધી ભાઈનું મુખ જોઈશ નહિ ત્યાંસુધી હું અન્નજળ લઈશ નહિ.”

શ્યામચંદ્રે અતિશય આગ્રહ કર્યાથી મેં સ્નાન કરી થોડું દૂધ પી લીધું તથા તેમની સાથે સાથે હું કચેરી પ્રતિ જવા લાગ્યો. ત્યાં જઇને એક પ્રખ્યાત વકીલ કર્યો.

મેં તે વકીલને કહ્યું: “દશ હજારનું દેવું એકદમ મારાથી આપી શકાય તેમ નથી. આપ જેણે ભાઇના ઉપર દાવો માંડ્યો છે, તેમને સમજાવીને જો હાલ અર્ધી રકમ લેવાને માટે રાજી કરતા હો, તો હું તેમને તેટલી રકમ આપીશ; તેમજ આપનો પ્રયત્ન પણ વૃથા નહિજ જવા દઉં.”

વકીલે ગંભીરતાથી કહ્યું: " તમે ગભરાશો નહિ. હું આપના બંધુને મુક્ત કરવા માટે મારાથી બનતો પ્રત્યેક પ્રયત્ન કરીશ. આજેજ હું બન્ને લેણદારોને બોલાવું છું. આપ નિશ્ચિંત રહો. હવે તમે મને પરમ દિવસે મળજો.

૨૦—કર્મનું ફળ.

મારાં ભાભી પોતાના પુત્રને સાથે લઈ મારા ભાઈને આવા દુ:ખપૂર્ણ પ્રસંગે ત્યાગ કરી પોતાનાં અલંકારઆભૂષણોને સાથે લઈ પોતાની માતાને ત્યાં ચાલ્યાં ગયાં. તેમની સાથે જવા સમયે એક દાસી તથા એક નોકર હતો. તેમની માતાને ત્યાં જવાને માટે બે પ્રકારના માર્ગ હતા. એક જમીનમાર્ગ અને બીજો જળમાર્ગ. મારાં ભાભીએ એક હોડી ભાડે કરી પોતાનો સઘળો સરસામાન તેમાં ગોઠવી જળમાર્ગે પ્રયાણ કરવા માંડ્યું.

સંધ્યાના લગભગ છ વાગ્યા હતા. હવે ફક્ત છ સાત ગાઉનો રસ્તોજ બાકી રહ્યો હતો. આકાશ ધીમે ધીમે વાદળાંઓથી છવાઈ ગયું. રાત્રી પણ અંધારી હોવાથી માછી લોકોએ આગળ વધવાનું ઉચિત ધાર્યું નહિ. થોડે દૂર જતાં માછીઓએ બીજી બે હોડીઓને લંગર નાંખેલી જોઈ. આથી તેમણે પણ એ હોડીઓ આગળ જઈ લંગર નાંખ્યું. માછીઓએ લંગર નાખ્યું તે સમયે મારી ભાભીએ તેમને કહ્યું

હતું કે: “ આવા વેરાન સ્થળે અટકવું યોગ્ય નથી. આના કરતાં તો થોડેક દૂર જઈ કોઈ વસ્તીવાળી જગા પાસે રાત્રી કહાડવાનો નિશ્ચય કર્યો હોત તો વધારે સારૂં. ” પરંતુ આકાશનાં તથા વાયુનાં ચિન્હો સારાં નહિ જણાવાથી માછીઓએ તે વાત તરફ લક્ષ આપ્યું નહિ.

હોડીને લંગર નાંખી માછી લોકો પોતાનો આહાર તૈયાર કરવાની ખટપટમાં પડયા તથા મારાં ભાભીને કહેવા લાગ્યા: “ આ જગ્યા સારી છે. તમે પણ તમારા ભોજનાદિની તૈયારી કરો. ”

આઠ નવ વાગતા સુધીમાં તેઓ સર્વ ખાઈપીને નિશ્ચિંત થયા તથા હોડી ઉપર જઇને વિશ્રામ કર્યો.

એકાએક મધ્યરાત્રિના સમયે મહાકોલાહલ થઇ ઉઠયો. મારાં ભાભીએ જાગૃત થઇને જોયું તો પંદરવીસ લૂંટારૂઓને પોતાની હોડી ઉપર ચડી આવેલા તેમણે જોયા. તેઓ પૈકી ચાર જણની હાથમાં સળગતી મસાલો હતી. હોડીના માછીઓ પણ પોતાનું રક્ષણ કરવાને માટે પલાયન કરી ગયા હતા, મારા ભાભીએ અનેક બૂમો પાડી; પરંતુ નિર્જન પ્રદેશમાં કોણ સાંભળે ? સંધ્યાસમયે જે બે હોડીઓ જોઇને માછી લોકોએ એ સ્થળે મુકામ કર્યો હતો તે બન્ને હોડીઓ લૂંટારૂઓનીજ હતી.

લૂંટ કર્યો પછી લૂંટારૂલોકો અલ્પ સમયમાંજ અદૃશ્ય

થઈ ગયા. સવારે માછી લોકો રુદન કરતા કરતા હોડી પાસે આવી પહોંચ્યા અને હોડીને આગળ ચલાવી. બપોરે ભાભીજી ઘેર પહોંચી ગયાં.

શ્યામચંદ્રે જે દિવસે મને તાર કર્યો હતો, તેજ દિવસે તેમણે મારા ભાઈની સાસુને તાર કર્યો હતો; પરંતુ ગામથી સ્ટેશન ઘણે દૂર હોવાને કારણે ત્રીજે દિવસે તેમને ખબર મળી; અર્થાત્ પ્રથમ તારની ખબર પહોંચી અને ત્યાર પછી રસ્તે લૂંટાએલી પુત્રી પહોંચી. એ સમયની માતા-પુત્રીની અવસ્થા જોતાં કઠોર જનોનું હૃદય પણ દ્રવિભૂત થઈ જાય.

૨૧—સૌ સારૂં જેનું છેવટ સારૂં

વકીલ તથા નગરના કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોના કહેવાથી લહેણદારોએ પાંચ હજાર રૂપિયા પ્રથમ લેવાની હા પાડી અને કોર્ટમાં રાજીનામું આપી દીધું. બીજેજ દીવસે ભાઈ કારાગૃહમાંથી મુક્ત થઈ ગયા. તેમને જોતાંજ હું તેમને ભેટી પડયો. અમારાં ઉભયનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. કેટલાક સમય સુધી કોઈના મુખમાંથી એક અક્ષર સુદ્ધાં નીકળ્યો નહિ. છેવટે ભાઈએ કહ્યું: “ દીનુ ! મારા જેવા દુષ્ટ સ્વભાવવાળા બંધુ સાથે તેં જે ભલાઈ કરી છે, તેનો બદલો હું તને આ ક્ષુદ્ર જીવનમાં કેવી રીતે

આપી શકું ? હુંજ એવો નિર્લજ્જ છું કે મારૂં કાળુ મોં તને બતાવું છું ! હાય ! હું એ દુષ્ટા રાક્ષસીની મોહજાળમાં ફસાઇ જઇ તારાથી અલગ થઇ ગયો ! અરેરે ! ભાઇ ! એ સમયે એ દુષ્ટાએ કોણ જાણે મારાં નેત્રોમાં એવી મોહિનીનું અંજન કર્યું હતું કે જેથી કરીને હું તદ્દન અંધ બની ગયો હતો. મારી વિચારશક્તિ ચાલી ગઇ હતી. ભાઈ ! મને આશા છે કે તું આ પાપાત્માને ક્ષમા આપીશ."

મેં કહ્યું: "ભાઇ ! આવાં વચનો ઉચ્ચારી મને પાપમાં ન નાખો. હું આપનો કનિષ્ઠ ભ્રાતા આપને ક્ષમા આપવા જેવી યોગ્યતાવાળો ક્યાંથી હોઇ શકું ? આ સંસારમાં ઉભા રહેવાને માટે મને શક્તિમાન બનાવનાર આપજ છો. મારૂં પ્રતિપાલન કરનાર પણ આપજ છો. આપના મારા ઉપર અનેક ઉપકારો થએલા છે. બાકી મારાં ભાભીના કટુ સ્વભાવને લીધે તમને દોષ દેવો એ ઉચિત નથી. **આજકાલ આપણા હિંદવાસીઓના ગૃહે ગૃહે સ્ત્રીઓના એવાજ કલહકંકાસો થયા કરે છે; અને તેથીજ આપણા દેશની આટલી બધી અધોગતી થઇ છે.** જે થવાનું હતું તે થઈ ગયું. હવે થોડા દિવસ ઘેર ચાલો. પાછા કોઈ શુભ મુહૂર્ત જોઇને આવજો."

મારાં આ વચનોથી ભાઈનો આત્મા કાંઇક શાંત

થયો તથા અમે બન્ને ભાઇ ઘેર આવી પહોંચ્યા. મારૂં કુટુંબ પણ અગાઉથી સૂચના આપ્યા પ્રમાણે બે દિવસથીજ અમારા જૂના ગ્રહે આવી પહોંચ્યું હતું. જે દિવસે અમે બન્ને ભાઈઓ સ્વગ્રહે પહોંચ્યા તેજ દિવસે ભાઇના શ્વસુર-પક્ષમાંથી એક મનુષ્ય આવ્યો; તેણે મારાં ભાભીના લૂંટાયાના સર્વ સમાચાર કહી સંભળાવ્યા. વિશેષમાં તેણે કહ્યું કે: “ આપની સાસુ ઘણાં બિમાર છે, તેમના જીવનની બિલકુલ આશા નથી. તમારાં બાળબચ્ચાંની પણ એવી અવસ્થા થઇ ગઇ છે કે ખાનપાનનું પણ ઠેકાણું નથી. એ લોકોની કરુણાજનક સ્થિતિ જોઇનેજ હું અત્રે આવ્યો છું. માટે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. ”

આ સમાચારથી અમો સર્વેને બહુ સંતાપ થયો. સત્યજ છે કે: “ धर्मो जय अने पापे क्षय ”

જો કે ભાઇની તો પુનઃ મારાં ભાભીને બોલાવવાની બિલકુલ ઇચ્છાજ ન હતી; પરંતુ જ્યારે મેં તેમને ઘણું સમજાવ્યા ત્યારે છેવટે તેમણે મારાં ભાભીભત્રિજા વગેરેને બોલાવી મંગાવવાની અનુમતિ આપી. તરતજ આવેલા માણુસ સાથે એક બીજું માણુસ મોકલી તેમને બોલાવી લીધાં.

જે દિવસથી ભાઇ ઘેર આવ્યા છે, તેજ દિવસથી તેમની ગતિમતિમાં પરિવર્તન થઈ ગયું છે. હવે કોણ જાણે

સંસાર ઉપર તેમને એવો કંટાળો આવ્યો છે કે સાધુસંતની સોબત, હરિભજન અને તીર્થપર્યટન સિવાય તે અન્ય કાર્યમાં પ્રવૃત્ત થતા નથી; ભાભી સાહેબ પૂર્વે પૃથ્વી ઉપર પગ પણ નહોતાં મૂકતાં તે પણ હવે ઘણાં શાંત અને સુશીલ થઇ ગયાં છે. તેમને પોતાના પતિની સેવા કરવાની હવે ઉત્કટ ઇચ્છા થઇ આવી છે; પરંતુ મારા ભાઇને હવે તેમની સેવાની ઇચ્છા નથી. ભાઇભાભીના પુણ્ય પ્રતાપે હું જે કાંઇ ઉપાર્જન કરૂં છું, તેમાંથી સર્વ પ્રકારના ખર્ચનો નિર્વાહ થાય છે અને અમારા સર્વેના દિવસો આનંદમાં જાય છે.

કોઈ ભૂખ્યાને ખવડાવો

ઉચિત દાનનો મહિમા

(૧)

"પ્રિયે ! જે મૂર્ખ છે તેનું હૃદય શૂન્ય છે અને જે પુત્રહીન છે તેનું ઘર સૂનું છે. જો એક કાણી દીકરી પણ આપણને હોત–"

નગરશેઠ રત્નચંદે એટલું કહેતામાંજ તેમના પત્ની હીરાબાઈએ વાત ઉપાડી લીધીઃ–"હા ! કદાચ થઈને મરી જાય તોએ ઠીક; પણ વાંઝીઆ મ્હેણું તો ન રહે."

રત્નચંદ ઉંડો નિઃશ્વાસ નાખી બોલ્યાઃ "હાય ! સંતાનને માટે શું શું નથી કર્યું ? કેટલો પૈસો ખરચ્યો ! પરંતુ સઘળુંજ વ્યર્થ ! !"

હીરા સજળનયને બોલીઃ–"હજી પણ કોઈ એક પુત્ર અમને અપાવી દે તો મોંમાગ્યા પૈસા લઈ જાય. હાય દેવ ! મારૂં આ જીવન શા કામનું ? જ્યારે હું કોઈનું બાળક હસતું–રમતું જોઉં છું ત્યારે મારી છાતી ફાટી જાય છે અને જ્યારે કોઈ સોહાગણ મારો વન્ધ્યા સમજીને તિરસ્કાર કરે છે ત્યારે તો મને રડવુંજ આવી જાય છે."

શેઠજી:-"પ્રિયે ! કોઇના સેંથામાં સિંદૂર દેખીને પોતાનું માથું ફોડવાથી શો લાભ ?"

હીરાઃ-"પ્રાણનાથ ! મેં તમને કેટલીએ વાર કહ્યું છે કે તમે એક દિવસ બાબા હરનામદાસ પાસે જાઓ અને તેમને હાથ બતાવો; પણ તમે માન્યું નહિ."

રત્નચંદઃ—"પ્રિયે ! ઘણુંએ બતાવ્યું, સંભળાવ્યું, હોમ, યજ્ઞ, દાન-પુણ્ય કર્યાં, પરંતુ કંઈ લાભ થયો નહિ."

હીરાઃ—"કાલે આપણા પાડોશવાળી ગંગા બાબાજી પાસે ગઈ હતી, તેણે પોતાની જન્મપત્રી બતાવતાં બાબાજીએ કહ્યું કે તેં પેલા જન્મમાં કોઇનું સોનું ચોર્યું હતું, તેથી તારાં સંતાન જીવતાં નથી. સ્વામી ! હું પ્રાર્થના કરૂં છું કે તમે કાલે જઇને તેમને કોઈ ઉપાય પૂછો કે જેથી આપણે ઘેર પણ પુત્ર-પુત્રી થાય."

ધનવાન રત્નચંદજી પુત્રની લાલસામાં બીજે દિવસે સ્નાનસન્ધ્યા કરીને એક થાળમાં મેવા-મિઠાઇ ભરીને "સિદ્ધિદાતા ગણેશ" બોલતા બોલતા બાબા હરનામદાસજીના સ્થાનકે ગયા.

બાબા હરનામદાસ એક સાચા, નિષ્કામ, સિદ્ધ સાધુ હતા. થોડા સમયમાં શેઠ રત્નચંદ તેમના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં મોટી ભીડ મચી રહી હતી. શેઠજીએ ભેટનો થાળ આગળ ધર્યો; પરંતુ બાબાજીએ તેની કંઈ પરવા

કરી નહિ. એક ચેલાએ થાળ ઉઠાવી લીધો અને અંદર લઈ ગયો. એટલામાં એક યુવતીએ હાથ જોડીને બાબાજીને કહ્યું: "સ્વામીજી ! મારી એવી મનોવાંચ્છના છે કે મારા પતિ મારી આજ્ઞા પ્રમાણે ચાલે. હું ઉઠ કહું તો ઉઠે અને બેસ કહું તો બેસે."

બાબાજી હસીને બોલ્યા: "માઇ! જા તું એવું ઇચ્છે છે તો જા, તારા પતિની નિશ-દિન સાચા મનથી સેવા કર, તેનાપર સાચો પ્રેમ રાખ અને પતિવૃતાના ધર્મ પાળ એટલે તારો પતિ જરૂર તારે આધીન બની રહેશે."

કેટલાંય માણસોની વાતો પૂરી થયા પછી શેઠજીએ પોતાની મનોકામના પ્રગટ કરી અને એક પુત્રની પ્રાપ્તી માટે ઇચ્છા બતાવી. બાબાજી બોલ્યા: "શેઠજી! જાઓ, **કોઇ ભૂખ્યાને ખવડાવો,** ઈશ્વર તમને પુત્ર આપશે."

શેઠજી બોલ્યા: "કોઇ ભૂખ્યાને ? મહારાજ ! મેં આ મનોવાંચ્છનાની તૃપ્તિમાટે એક તો શું પણ હજારો સાધુ, બ્રાહ્મણ, ભિખારી વિગેરેને ખવડાવ્યું, [illegible] ચલા-વ્યાં; પરંતુ મારો હેતુ પાર પડયો નહિ."

બાબાજી: "તમે જેમને ખવડાવ્યું હતું તેઓ ભૂખ્યા ન હતા. જાઓ, કોઈ ભૂખ્યાને ખવડાવો."

શેઠજીએ કહ્યું: "મહારાજ! કોઇનું પેટ ચીરીને તો

ભૂખ્યા ધરાયા જોઇ શકાય નહિ; પણ જેઓ ભોજનને માટે આવતા તેમને મેં અનેક વાર જમાડયા છે.”

પરંતુ બાબાજીએ પુનઃ એમજ કહ્યું કેઃ “શેઠજી ! જાઓ, કોઈ ભૂખ્યાને ખવડાવો.”

શેઠજી ત્યાંથી નિરાશ અને ઉદાસ થઇને પાછા ફર્યા અને મનમાંજ કહેવા લાગ્યા કેઃ “બાબાજીની આ બધી વાતોજ છે, કોણ જાણે કેટલાએ ભૂખ્યા ખાઇ ગયા, શું કોઇનો પણ આશીર્વાદ નહિ ફળ્યો ? શેઠજીએ જઇને બધો વૃત્તાન્ત શેઠાણીને કહ્યો અને ભૂખ્યાની તલાશ કરવા લાગ્યા.

(૨)

રામલાલ અને શ્યામલાલ

શ્યામલાલઃ—રામલાલ ! કાલે તું બજારમાંથી એક **દોઢ રૂપીઆની** નવી ધોતલી લાવ્યો ?

રામલાલઃ—હા ભાઇ ! શું કરૂં ? મારી ધોતી એવી છિન્ન-ભિન્ન થઈ ગઈ હતી કે હવે જરા પણ પહેરવાલાયક રહી નહોતી.

શ્યામલાલઃ—એ સાચું છે, પરંતુ ભાન છે કે “ભેખથી ભિખ મળે છે ?” જો તું તારા દેશથી ભિખ માગવા આવ્યો છે તો તને આવાં ઉજળાં કપડાં પહેરવાનું શું પ્રયોજન ? “દેશમાં ચોરી પરદેશમાં ભીખ.” જ્યારે

આપણે દેશ જઈએ ત્યારે સારી પેઠે ખાવું પહેરવું પણ હમણાં તો માગી-ત્યાગીને કરો એકઠું. ”

રામલાલઃ—આપ મારા મુરબ્બી છો. જે કહો તે મને માન્ય છે.

શ્યામલાલઃ—ભાઈ રામલાલ! જ્યાંસુધી ભિખ માગવી છે ત્યાં સુધી દરિદ્ર અને દુઃખી બની રહેવું. જો કોઈ સારી ચીજ ખાવાનું મન થાય તો રાત્રે બારણાં બંધ કરીને કોઈ જાણે નહિ તેમ ચોરીથી ખાવું. હા ભલા એ તો કહો કે કાલે એકઠા થયેલા રૂપીઆ આપણે ગણ્યા હતા તે કેટલા હતા. ?

રામ૦—એકસો ને એક.

શ્યામ૦—અને જમીનમાં દાટી દીધા ?

રામ૦—હાજી.

શ્યામ૦—તમે કાંઈ ખાધું ?

રામ૦—હાજી, આજે તો બાસુંદીપુરી લાવીને સંતાઈને ભોગ લગાવ્યો.

શ્યામ૦—અરે ! તમે તો વ્યર્થ પૈસા ઉડાવો છો. ઠીક, લ્યો ચાલો હવે શરીરે ભભુત લગાવી દો અને ફાટયાંતૂટયાં કપડાં પહેરી માગવા નીકળો.

બન્ને વેશધારી શિયાળ આ પ્રમાણે વાતો કરી રહ્યા હતા, એટલામાં દૂરથી શેઠ રત્નચંદના માણસને આવતો

જોયો. શ્યામલાલે તેને સંભળાવી સંભળાવીને રામલાલને કહેવું શરૂ કર્યું: "ભાઈ! એ દિવસથી એક કોડી પણ કહીંએથી મળી નહિ. હવે ભૂખે રહી શકાતું નથી, ચાલો કોઈ ઠેકાણે માગવા જઈએ."

શેઠના માણસે પાસે આવીને કહ્યું: "નહિ, નહિ; કહીંએ ન જશો, મારી સાથે આવો. અમારા શેઠ તમને બોલાવે છે. તમારા જેવા ભૂખ્યાને ખવડાવવાને માટે તે આતુર થઈ રહ્યા છે."

એ સાંભળી બન્ને બોલ્યા:-" ખરેખર અમે ભૂખ્યાજ છીએ. ચાલો શેઠજીની જય થાઓ." બન્ને ભાઈ રૂપિયા દાટવા છતાં ભૂખ્યા બનીને મફતનો માલ ખાવા ગયા!

શેઠ રત્નચંદે રામલાલ, શ્યામલાલ અને એના જેવા બીજા કેટલાકોને એક વરસ સુધી જમાડયા. સઘળા ખાઈ-પીને અલમસ્ત થયા પરંતુ શેઠજીને કંઈ પણ ફળ મળ્યું નહિ. લાચાર થઈને શેઠજી બાબા હરનામદાસ પાસે ફરીથી ગયા. બધી હકીકત કહી, પરંતુ બાબાજીએ તો ફરીથી એમજ કહ્યું કે: "શેઠજી! જ્યાંસુધી તમે ભૂખ્યાને નહિ ખવડાવો ત્યાંસુધી સંતાન પામશો નહિ." આથી શેઠજી બોલ્યા: "હું હમણા પણ અનેક ભૂખ્યાને ખવડાવી ચુકયો છું."

બાબાજી:—તેઓ ખરા ભૂખ્યા ન હતા.

શેઠજી:—ત્યારે હવે હું ખરો ભૂખ્યો ક્યાંથી લાવું ? શું નગરમાં ઢંઢેરો પિટાવું ?

બાબાજી:— એથી પણ કાંઈ વળશે નહિ, ખરો ભૂખ્યો તો શરમાશે અને તમારે ત્યાં કદિ પણ ખાવા આવશે નહિ.

શેઠજી:—તો પછી ?

બાબાજી:—આપ અક્કલથીજ તેને ઓળખો અને પ્રેમપૂર્વક સમજાવી, લઈ જઇને તેને સંતુષ્ટ કરો.

શેઠજી ત્યાંથી પાછા ફર્યા અને રસ્તામાં વિચાર કરવા લાગ્યા.

(૩)

લાચાર લાલાજી

"હાય ! રામ ! આજે પણ કંઇ કોઇ ધંધો મળ્યો નહિ ! અરે ! શું મારા દુર્ભાગ્યથી આ નગર કંગાલ થઇ ગયું છે ? હવે હું કયાં જાઉં ? કોને કહું ! શું હું કોઈ પાસે ભિખ માગું ? કોઈની આગળ હાથ લાંબો કરૂં ? નહિ, નહિ; એ તો મારાથી કદિ પણ બનશે નહિ. હાય ! તો પછી આ પાપી પેટને કેવી રીતે પાળું ? એક દહાડો એવો હતો કે જ્યારે હું ચાર જણને જમાડીને જમતો અને આજે મારેજ ખાવાનું ઠેકાણું નહિ !"

ફાટયાંતૂટયાં જૂનાં મેલાં કપડાં પહેરીને હેરાન થયેલો, ત્રાસ પામેલો, દુર્બળ અને દુઃખી લાલાજી નદીને કિનારે બેસી આ પ્રમાણે નિસાસા મૂકી રહ્યો હતો. તેના ચહેરા અને દેખાવ ઉપરથી સાફ માલૂમ પડતું હતું કે તે સાચો નિષ્કપટી ક્ષુધાતુર છે. !

લાલાજીએ દીર્ઘશ્વાસ લઈ કહ્યું: "હવે તો ભૂખના માર્યા રહી શકાતું નથી; પણ શું કરૂં ? ખેર ચાલ થોડું પાણી તો પી લઉં !"

એમ કહીને લાલાજી ઉઠયો અને નદીતટ તરફ ચાલતો હતો એટલામાં તેને પાછળથી કોઇએ પકડી લીધો "નહિ નહિ, શોભો ભૂખ્યા પેટે પાણી ન પીશો."

એ કોણ ? આ તેજ શેઠ રત્નચંદ હતા, જેમણે ભૂખ્યાની શોધ ખોળમાં આવીને પાછળ ઉભા રહો લાલાજીની સઘળી વાતો સાંભળી લીધી હતી.

શેઠજીએ કહ્યું:—ખાલી પેટે પાણી ન પીઓ, ચાલો મારે ત્યાં ભોજન કરો.

લાલા:—હું કોઇ બ્રાહ્મણ નથી, ભિખારી નથી !

શેઠ:—પણ આપ ભૂખ્યા છો અને ભોજન ભૂખ્યાનેજ માટે છે.

લાલા:—"હાં. હું-હું-હું ભૂખ્યો છું." એટલું કહીને લાલાજી લજ્જિત થઇ નીચું જોઈ રહ્યો.

શેઠ:—ચિંતા નહિ; આપ ચાલો. મારા ઘરને આપનું પોતાનુંજ સમજો.

લાલા:—હું ચાલું ખરો; પરંતુ મને કંઈ પણ કામ સોંપો તો. મફત આપનું અનાજ નહિ ખાઉં, હું હરામખોર નથી.

શેઠ:—હું આપને જમાડીને તેનો બદલો લઇ શકું એમ નથી તેથી કંઈ કામ તો સોંપી શકીશ નહિ !

લાલા:—શું આપ નોકર–ચાકર નથી રાખતા ?

શેઠ:—રાખું છું, પણ આમાં કંઇક ભેદ છે. આપ કેટલાક દિવસ મારા મહેમાન બનીને રહો, એવું હું હાથ જોડીને આપની પાસે માગું છું. મારી પ્રાર્થના માની ઉપકારી કરશો.

આવા સમયમાં જ્યારે કોઈ કોઇને પાણીના ભાવ પણ પૂછતું નથી, ત્યારે શેઠજીની આવી વાત સાંભળીને લાલાજી જરા ગભરામણમાં પડ્યો. તેણે સંકુચિત મને કહ્યું: “ આપની સાથે મારો પરિચય નથી તોપણ—”

શેઠ:—ચિંતા નહિ; આપ શરમાશો નહિ, મારી સાથે પધારો. લાલા:—“ ઠીક, ચાલો. કોઇનું દિલ દુભાવવું એ પણ મહાપાપ છે; પરંતુ જ્યારે હું કંઇ કામ મેળવી શકીશ ત્યારે પછી આપને ત્યાં જમવા નહિ આવું–મંજુર છે ? ”

“ હા, કબૂલ ! ” કહીને શેઠજી લાલાજીને ઘેર લઇ

ગયા અને આદર-માનથી કેટલાક દિવસ સુધી તેને પોતાને ત્યાં રાખ્યો. મહિના પછી વિદિત થયું કે શેઠજીની આશા કંઈક ફળીભૂત થતી લાગે છે ?"

યોગ્ય સમયે શેઠજીને ત્યાં ચંદ્ર જેવો પુત્ર જન્મ્યો. શેઠજીના આનંદનો પાર રહ્યો નહિ. તે બાબા હરનામદાસ પાસે ગયા. તેમને પગે પડયા અને પુત્રજન્મની વધાઈ કહી.

બાબાજીએ હસીને કહ્યું: "જુઓ શેઠજી ! છેવટે તમને એક ખરો ભૂખ્યો મળી ગયો અને તમ્હારો અર્થ સિદ્ધ થયો. યોગ્ય દાનનું ફળ આવું છે. શેઠજી ! શરીરની શોભા સ્નાનથી, મનુષ્યની શોભા જ્ઞાનથી અને હાથની શોભા દાનથી છે: પરંતુ આપણા દેશમાં ઉચિત દાન-સુપાત્રે દાન નથી થતું. માલમતાદાર પુરોહિતને કુમાર્ગે ધન, ઉડાવનારા મહન્તોને અને નામનાજ ગુરુજી કહેવડાવનારા દંભીઓને દાન આપવામાં આવે છે; જ્યારે વિદ્યાર્થીઓ, બિચારાં આંધળાં, લૂલાં, લંગડાં, ઘરડાં-ખોખરાં, અશક્ત, રોગી, દુઃખી અને લાચારની કોઈ પણ ખબર લેતું નથી. યાદ કરો ભગવાન શ્રીકૃષ્ણનું વચનઃ -

"दरिद्रान्भर कौंतेय मा प्रयच्छेश्वरे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं निरुजस्य किमौषधैः ॥

હે કૌન્તેય-અર્જુન ! દરિદ્રોને આપ. શક્તિવાળાઓને આપીશ નહિ. રોગીઓને ઔષધ હિતકારક છે, પણ તંદુરસ્તને શું ?

ખરી પ્રભુસેવા

—:૦:—

"તેઓએ એક મહાત્માને પ્રશ્ન કર્યો, પ્રભુપ્રાપ્તિમાટે કેટલા માર્ગ છે? તેમણે જવાબ આપ્યો: "સૃષ્ટિમાં જેટલાં અણુઓ છે તેટલા માર્ગ છે. પણ તે સર્વમાં 'સેવા' એ સર્વોત્તમ અને ટુંકામા ટુંકો માર્ગ છે."

'સરવીટસ'

ચોમાસાનો દિવસ હતો, વિજળીઓ અને કડાકા સાથે મુશળધાર વરસાદ પડી રહ્યો હતો, ચોતરફ જ્યાં જુઓ ત્યાં પાણી ઉછાળા મારતું દોડી રહ્યું હતું. અંધકાર પણ એવો વ્યાપી ગયો હતો કે કશુંય નજરે પડી શકતું નહિ એવે વખતે એક પગપાળો માણસ જગન્નાથજીના રસ્તાપર ચાલી રહ્યો હતો. તે એક પરમ શ્રદ્ધાળુ ભક્તજન છે અને "આજે જગન્નાથજીનાં દર્શન કરી કૃતાર્થ થવાશે" એવા વિચારમાં ને વિચારમાં બાહ્યસૃષ્ટિ તરફ જરા પણ લક્ષ્ય આપ્યા વિના પ્રેમમસ્ત થઇને જગન્નાથજીના મંદિર તરફ પ્રયાણ કરી રહ્યો છે. તેણે ઠરાવ કર્યો હતો કે આજે સાંજની આરતિ વખતે ત્યાં પહોંચીજ જવું જોઇએ.

તે અર્ધેક રસ્તે પહોંચ્યો હશે, એટલામાં બાજુપર આવેલા એક ભાગ્યા તૂટ્યા ઝુંપડામાંથી દુઃખભર્યો અવાજ સંભળાયો. એકાએક તેના પગ ત્યાંજ સ્થંભી ગયા અને

તે ઝુંપડા તરફ વળ્યો. ત્યાં એક સંધિવાથી પીડાતો અશક્ત વૃદ્ધ માણુસ ટાઢથી ધ્રુજતો એક સાદડીપર પડયો હતો અને વરસાદનું પાણી તેના ઉપર ચૂઈ રહ્યું હતું.

પેલા વટેમાર્ગુના હૃદયમાં તેની એવી દશા જોઈને દયા ઉભરાઈ આવી અને કોઈ પણ પ્રકારે તેને મદદ કરવાની લાગણી થઇ આવી. પ્રથમ તો તેણે આજુબાજુમાંથી ઝાડનાં એક બે ડાળાં ભાગી આણ્યાં અને રસાની દોરડી બનાવી ઝુંપડાંને ઠીક કર્યું. પાણી ગળતું બંધ થયું એટલે તેના જીવને જરા સંતોષ થયો. હવે તે તેની વેદના મટાડવાના વિચારમાં પડયો.

પોતાની સાથે જગન્નાથજીની મૂર્તિને સ્નાન કરાવવા સુગંધી અત્તર અને તેલની એક એક શીશી લીધી હતી, તેનું તેને સ્મરણ થઇ આવ્યું. તેણે તે તેલ અને અત્તરનું પેલાના શરીર ઉપર ઘણા પ્રેમપૂર્વક મર્દન કર્યું. જ્યારે તેના શરીરમાં ગરમી આવી તથા તે દુઃખી જીવ પ્રફુલ્લિત થયો. ત્યારે એ ભક્તહૃદયના આનંદનો પાર રહ્યો નહિ ! પણ હવે તેના શરીરની ગરમી ટકાવી શી રીતે રાખવી ? તેનાં બે ફાટયા તૂટયાં કપડાં તો ભીંજાઇને તરબોળ થઈ ગયાં હતાં; જગન્નાથજીને પહેરાવવા પોતે એક નવુંજ શેલું સાથે લીધું હતું તે તરતજ તેને ઓઢાડી દીધું અને તેની આશીષ લઈ તે વટેમાર્ગુ ચાલતો થયો.

હવે તેને યાદ આવ્યું કે હું શા કામે જતો હતો અને ક્યાં રોકાઇ ગયો ? વળી પેલાં તેલ, અત્તર શેલાંનું પણ સ્મરણ થઈ આવ્યું કે: “ અરે તે તો જગન્નાથજીને માટે લીધાં હતાં, તેને મેં ક્યાં વાપરી નાખ્યાં ?’ પણ હવે આપ્યું કંઈ પાછું લેવાય છે, એમ ધારીને અને મોડું થયું છે તેટલો વખત તો જરા વધારે ઉતાવળો ચાલીને પણ મેળવી લઇશ, એમ મન વાળીને તે કંઇક શોકગ્રસ્ત ચિત્તે ચાલવા મંડયો.

જરાવાર પછી વરસાદ બંધ પડી ગયો. હવે તે ઝપાટાબંધ આગળ વધ્યો જતો હતો; પણ વળી એટલામાં તેને એક બીજો પ્રસંગ મળી આવ્યો અને તેને રોકાવુંજ પડ્યું.

ભૂખથી અશક્ત થઈ જમીનપર ઢળી પડેલો નિરાશ જેવો દેખાતો એક માણસ તેના જોવામાં આવ્યો. હવે શું કરવું ? વિચારોની કેટલીક ઘડમથલ ચાલ્યા પછી અંતે હૃદયનો વિજય થયો. તેણે દેવને ભોગ ધરાવવા પોતાની પાસે કેટલીક ખાદ્ય સામગ્રી લીધી હતી તે તેને ખવડાવી દીધી ! અને પછી ત્યાંથી ઝટ નીકળી નાઠો. “અરે ! મેં દેવને ધરાવવાનો ભોગ કોને ધરાવી દીધો ? આ વખતે પણ મને કેમ ભાન ન રહ્યું ? ” એવા વિચારમાં ને વિચારમાં તે આગળ ચાલવા લાગ્યો.

થોડે દૂર ગયા પછી તેને એક માણસનો સંઘાત થઈ ગયો. સાદું ધોતીયું, સફેદ ડગલો, ધોળો ફેંટો અને સાદો દુપટ્ટો એ તેનો પોશાક હતો. કેટલીક વાર સાથે સાથે ચાલ્યા પછી પેલા ભક્તજને પોતાના નવા સોબતીને પૂછયું:—

"આપ કયાંના રહીશ છો, શો ધંધો કરો છો અને હાલ કયાં જાઓ છો?"

પેલા ગૃહસ્થે જવાબ દીધો: "આખો 'હિન્દુસ્તાન મારૂં ઘર છે, હું 'હિન્દસેવકસમાજ' માહેલો એક સેવક છું અને તમે કદાચ જાણતા પણ હશો કે અહીં આટલો વરસાદ છે, પણ દેશના કેટલાક ભાગો જેવા કે બંગાળા રાજપુતાના અને ગુજરાત-કાઠીયાવાડમાં આખું ચોમાસું પસાર થઇ જવા છતાં કેટલાએ દહાડાથી વરસાદનો છાંટો સરખો પડયો નથી અને દુકાળના રાક્ષસી જડબામાં સપડાતાં કચરાતાં આપણાં કરોડો ભાઈબહેનોના તથા અસંખ્ય ગાયમાતાઓના અને બીજાં પશુઓના આર્તનાદો ચોતરફથી આપણાં હૃદય ભેદી રહ્યા છે. તેમાંએ બિચારા ખેડુતોના દુઃખનો તો પારજ રહ્યો નથી. અમારા સમાજના માણસોએ જીંદગી સુધીનું દેશસેવાનું વ્રત લીધેલું છે અને અમે તેનું યથાશક્તિ પાલન કરીએ છીએ. આવા સખત દુકાળને અમે સંપૂર્ણ રીતે તો કયાંથીજ પહોંચી વળીએ?

પણ તેના હજારમાં કે લાખમા ભાગનો પણ ફેર ઓછો થઈ શકે તે માટે અમે પ્રયત્ન કરીએ છીએ અને તે માટેજ હું હમણાં આ તરફ કંઈક મદદને માટે આવ્યો છું."

આ સાંભળીને પેલા માણસની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં અને તે એકદમ બોલી ઉઠયોઃ "ભાઈ! તમે આપણા દેશની સેવાને માટે જાત અર્પણ કરી છે! તમને ધન્ય છે! પ્રભુ તમારા પ્રયત્નમાં વિજય અપાવો અને તમો ભાઈઓના હાથે આપણા દેશનો ઉદ્ધાર કરાવો! ભાઇ! હું આજસુધી આપણા દેશને માટે કશું પણ કરી શકયો નથી તેથી મને ઘણું લાગી આવે છે. આજે તો મારી પાસે કેવળ આટલું એક નંગજ બાકી રહેલું છે, તેનો આપ દુષ્કાળપીડિત ભાઇ—બ્હેનો માટે સ્વીકાર કરશો તો મારાપર આપનો ઉપકાર થયેલો માનીશ."

પેલા દેશસેવકે તે નંગનો ધન્યવાદ સાથે સ્વીકાર કર્યો.

બન્ને જણ છૂટા પડયા પછી પેલો ભક્તાત્મા બહુજ મોડો અને તદ્દન ખાલી હાથે જગન્નાથજીના મંદિરમાં આવી પહોંચ્યો. પોતે જગન્નાથજીને માટે કશું પણ લાવી નહિ શકવાથી સજળનયને પોતાના ખાલી બે હાથ લાંબા કરી તે જગન્નાથજીની મૂર્તિને પગે પડયો.

જગન્નાથજીની સેવામાં કાંઇ પણ ભેટ ધરી નહિ શકવાના ખેદને લીધે રાત્રે તેને બરાબર ઉંઘ પણ આવી

નહિ. છેક મોડી રાત્રે તેની આંખો જરા મળી અને તે એક દિવ્ય સ્વપ્ન અનુભવવા લાગ્યો. પોતે સુધારેલી ઝુંપડી હમણાં એની નજરે પડે છે. પેલો રોગી, પેલો ક્ષુધાતુર અને અસંખ્ય દુકાળીઆંઓ સાથે પેલો દેશસેવક—એ સઘળાં તેના તરફ આભારની લાગણીથી જોઇ રહ્યાં છે તથા પેલી ઝુંપડીમાં તો સાક્ષાત્ જગન્નાથજીજ વિરાજમાન થઈ રહ્યા છે ! જગન્નાથજીએ પેલું શેલું ઓઢેલું છે અને આંગળીમાં પહેરેલી સુવર્ણમુદ્રામાં પેલું તેજસ્વી નંગ પણ ઝળકી રહ્યું છે ! જરા બારીકીથી જોતાં તે નંગ પેલા દેશસેવકને આપેલું તેજ જણાઈ આવ્યું. હવે તેના આનંદનો પાર રહ્યો નહિ. તેણે અત્યંત ભક્તિપૂર્ણહૃદયે જગન્નાથજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. જગન્નાથજી તેના તરફ જોઈ પ્રસન્ન-મુખથી બોલ્યાઃ "વત્સ ! તારી સેવા—ભક્તિથી હું પરમ સંતોષ પામ્યો છું, તારી સઘળી ભેટો મને પહોંચી ચુકી છે. **જેઓ મારાં સંતાનોની સેવા માટે જે કંઈ ખરચે છે તે મને તરતજ મળી ચૂકે છે.**" મારાં હજારો અને લાખો બાળકોને અન્ન અને જળવિના ટળવળતાં જોયા—જાણ્યા છતાં પણ મારા નામપર મેળવેલા લાખો રૂપિયાનો ઉપયોગ પોતાની મોજમજાહ પાછળ કરનારા અને મને ભોગ ધરાવવાને બહાને રોજના હજારો રૂપિયા ભોળા લોકો પાસે ખર્ચાવીને તે વડે તૈયાર થયેલાં મિષ્ટાંન જાતે ખાઇ જનારા અથવા વેચી દેનારાઓ તો ખરેખર

મને અને જગત્‌ને બન્નેને ઠગે છે ! આ બિચારાઓને એટલી પણ ખબર નથી કે ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् અર્થાત્—જે માણસ જે પ્રકારે મને ભજે છે તેજ પ્રકારે હું પણ તેને ભજું છું. પુત્ર ! મારાં સંતાનોદ્વારા તારી જે ભેટ આજે મને મળી છે, તેથી હું તારાપર અત્યંત પ્રસન્ન થયો છું અને તેથી હવે મારા દર્શન માટે તારે વખતો વખત આટલું દૂર આવવું નહિ પડતાં તારા હૃદયમાંજ જ્યારે જ્યારે ઇચ્છીશ ત્યારે ત્યારે મારી મૂર્તિ તને દર્શન આપશે; પરંતુ વત્સ ! એ મૂર્તિ જેવોજ અને જેટલોજ કાંઇ હું નથી, એ વાત સ્મરણમાં રાખજે અને મારા સત્યસ્વરૂપને પ્રાપ્ત કરવામાં તારૂં મન પરોવજે."

ભક્તે કહ્યું: "પ્રભો ! આ ઘોર કળિકાળમાં આપનામાં ચિત્ત પરોવવાનું મારાથી કેમ કરીને બનશે ?"

ત્યારે જગન્નાથજીએ કહ્યું કે: "મારા સત્ય સ્વરૂપની પ્રાપ્તિ સિવાયની અન્ય સર્વ કામનાઓ તજીને મારાં દીન–દુઃખી સંતાનોની સેવા સરળભાવે અને નિરાભિમાનપણે કરવાથી તું અને અન્ય જે જે પ્રાણીઓ આ પ્રકારનું અવલંબન કરશે તેઓનાં ચિત્ત બીજાં કર્મો કર્યા સિવાય પણ અવશ્ય વિશુદ્ધ તથા વિશાળ બનીને તેમાં જેમ શુદ્ધ જળ ભરેલા નાના કટોરામાં પણ મહાન સૂર્યદેવનાં દર્શન થાય છે તેમ મારૂં અમાપ, અલક્ષ્ય, નિરૂપમ, ચૈતન્યાનંદમય સત્યસ્વરૂપ પ્રકટ થઈ તેને પોતાના જેવોજ કરી મુકશે."

૮૩

એક પત્નીવ્રત.

ગોપાળદાસની પત્ની શ્યામકોર પથારીવશ છે. કંઠે પ્રાણ આવી રહ્યા છે. ડોકટર, હકીમ, વૈદ્ય વગેરે બધાએ સાફ જવાબ દઈ દીધા છે. હવે ફક્ત તે બે ત્રણ કલાકની મ્હેમાન છે. કુટુંબપરિવારના લોકો તેની મૃત્યુશય્યાને ચારે પાસેથી ઘેરીને રોઇ રહ્યાં છે. તે બિચારી ઘડીએ ઘડીએ નેત્ર ખોલીને બધાની તરફ જુએ છે અને પાછી દૃષ્ટિ ફેરવી લે છે. ગોપાળદાસના અનુભવી પિતા ગળે પ્રાણ આવેલી આ સ્ત્રીની વ્યાકુળતા તથા મનની અભિલાષા સમજી ગયા. તરતજ તેમણે પુત્રને બોલાવી કહ્યું: 'ગોપાળ! અમે લોકો જરા બહાર જઇએ છીએ. તું થોડીવાર અહિં બેસજે.' એટલું કહી તે બહાર નીકળી ગયા.

પતિપરાયણા, કંઠસ્થપ્રાણા શ્યામકોર પતિની તરફ એકીટશે જોવા લાગી. થોડીકવાર પછી ગોપાળદાસે પૂછ્યું: 'તારે કાંઇ કહેવું છે?' શ્યામકોરે ધીમે સ્વરે કહ્યું: "હા વ્હાલા! મારા મરી ગયા પછી તમે લગ્ન કરજો, એજ માત્ર કહેવું છે.' ગોપાળદાસના ગાલ ઉપર અશ્રુની ધારા વહી રહી હતી. તેમણે કહ્યું: 'ના એમ નહિ બને, હું હવે ફરીથી લગ્ન નહિ કરૂં.' તેમની સ્ત્રી બોલી: 'ના, એમ ન થાય. તમને અડચણ પડશે, તમે જરૂર પરણજો.' શ્યામકોરના સૂકા પડેલા ઓષ્ઠ ઉપર દવાનાં બેચાર ટીપાં રેડીને ગોપાળદાસ કહેવા લાગ્યા: "તું મને બીજી કોઈ વાત માટે આગ્રહ કર. જીવને જોખમે પણ તારી ઇચ્છા હું પૂરી કરવા તૈયાર છું; પરંતુ આ વાતની તું હઠ ન કરીશ."

જરાક મોં મલકાવીને શ્યામકોર પાછી ધીરે સ્વરે કહેવા લાગી: 'પણ શા માટે ના કહો છો ? મરી ગયા પછી મનુષ્યમાં ક્રોધ કે ઈર્ષ્યા કરવાની શક્તિ રહેતી હોય તો હું કહું છું કે આપના નવા લગ્નથી મને જરા પણ અસંતોષ નહિ થાય. તમે ખુશીની સાથે વિવાહ કરજો.'

ઉભરાઈ જતા સ્નેહથી શ્યામકોરના હાથ પકડીને ગોપાળદાસ કહેવા લાગ્યા: 'તું વારંવાર શા માટે એવો આગ્રહ કરે છે ? હું કદાપિ લગ્ન નહિ કરૂં.' શ્યામકોરના હોઠ ઉપર મૃદુ હાસ્ય છવાઈ રહ્યું. ટમટમતો થએલો દીપક એક ક્ષણને માટે જરાક પ્રજ્વલિત થઈને પાછો બુઝાઈ ગયો. એ હસવું અવિશ્વાસજનિત વ્યંગનું હતું કે સંતોષનું તે બરાબર સમજવામાં ન આવ્યું.

× × × ×

ગોપાળદાસ આજથી એક જમાના પહેલાંનું ઉચ્ચ શિક્ષણ પામેલા, બી. એ. ની પદવી ધરાવનારા એક વિચારશીલ યુવક હતા. એ વખતમાં ગ્રેજ્યુએટોના સંબંધમાં આજકાલના જેવી દુર્દશા શરૂ થઈ ન હતી. શ્યામકોરની શ્રાદ્ધક્રિયા સમાપ્ત થતાં અગાઉજ તેમના વિવાહની ચર્ચા લોકોમાં થવા લાગી. અનેક જગ્યાએથી માગાં આવવાં શરૂ થયાં. ગોપળદાસ બધાને મીઠી મીઠી વાતોથી સંતુષ્ટ કરીને પાછા વાળતા રહ્યા. શ્રાદ્ધ થઈ ગયા પછી તે કન્યાઓના ભારથી પીડાતા (?) પીતાઓની એક મંડળીએ ગોપાળદાસના પિતાજીને જઈ ઘેર્યા. ગોપાળદાસના પિતાએ કહ્યું "ગોપાળના વિવાહ સબંધી મને કાંઈ ફીકર નથી. છોકરો હવે સમજદાર અને ઉમરલાયક છે; માટે જે વિચાર એનો હોય તેજ મારો માની લેજો. જો તમે બધા મળીને એને મનાવી શકો તો પછી વિવાહ જેવું રૂડું શું ?" ગામના બધા

ડોસાઓ ગોપાળદાસના પિતાની આજ્ઞા પ્રમાણે તેમને સમજાવવા માટે તેમની પાસે ગયા. ગોપાળદાસ સાથે વાદવિવાદ કરીને આખરે પોતાની વાત તેમને ગળે ઉતારવાનો આ બુઢ્ઢાઓએ નિશ્ચય કર્યો હતો. તેમણે પહેલો પ્રશ્ન આ કર્યો: 'તમે વિવાહ કેમ નથી કરતા?' ગોપાળદાસે હસીને જવાબ આપ્યો: 'આ કેમ' નો તો ઉત્તરજ નથી. આપણે જેટલાં કામો કરીએ છીએ તેટલા બધાનો કાંઈ ને કાંઇ ઉદ્દેશ તો અવશ્ય હોય છે; છતાં ધારવા પ્રમાણે વગર કારણનાં પણ કોઈ કાર્ય હોય તો આ મારા એક કામની ગણના એમાં કરી લેજો. આ વાક્ય સાંભળીને તે આવેલા વૃદ્ધ પુરુષો ક્રોધથી બળીને ખાક થઇ ગયા; અને ગોપાલદાસ તથા તેમના પિતાને આડીઅવળી ચોપડવા લાગ્યા. જે સમયમાં પિતાની આજ્ઞા મુજબ ચાલવું એજ શાસ્ત્ર મનાતું હતું. તે સમયમાં ગોપાળદાસના બાપે પુત્રને આવી રીતે મોંઢે ચઢાવવો અને તેની મારફત ગામના વૃદ્ધ પુરુષોનું અપમાન કરાવવું, એ ગ્રામનિવાસીઓને અત્યંત અસહ્ય માલૂમ પડ્યું. એ લોકો ગોપાળદાસના પિતા આગળ જઇ ગર્જના કરી કહેવા લાગ્યા: 'અંગ્રેજી ભણાવી તમે છોકરાને ઘણો શાણો અને કુળદીપક બનાવ્યો! બસ! હવે દેશ અને નાતજાત બધું નષ્ટ થઇ જવાનું એ નક્કી સમજી લેજો. નાના મોટાની કાંઇ મર્યાદાજ ન રહી. આ પેલો મોતીચંદનો પુત્ર રામદાસ પણ મુંબઈ જઇને અંગ્રેજી ભણી આવ્યો છેરતો; પણ એણે તો કુળની લાજ મરજાદા બીલકુલ છોડી નથી. પોતાના કુળવાનપણાને માટે તે કેટલું બધું અભિમાન ધરાવે છે! ગોપાળના જેવો તો મિથ્યાભિમાની છોકરો અમે ક્યાંય ન દીઠો. તેણે તો વડીલોની પ્રતિષ્ઠાનો કાંઈ પણ ખ્યાલ ન કરતાં અમારા બધાની વાતજ એકદમ ઉડાવી દીધી.' આ વગેરે અનેક કટાક્ષો સાંભળીને ગોપાળ-

દાસના પિતાએ ઘણા પ્રસન્ન થઇ કહ્યું: 'આજે તમો લોકોએ મને અનહદ આનંદ ઉપજાવ્યો છે. આજ મારી ખાત્રી થઇ છે કે મારા પુત્રે ખરેખરી કેળવણી મેળવી છે, એક પગ સ્વર્ગમાં અને બીજો મૃત્યુલોકમાં હતો: એવી તેની સ્ત્રી. પૂજનીય અને માનનીય દેવી-સમાન શ્યામકોર આગળ મારા પુત્રે જે પ્રતિજ્ઞા લીધી હતી તેનું જીવતાં સુધી પાલન કરવાનો તેણે જે પ્રયત્ન કર્યો છે, તેથી આજે હું ઘણોજ ખુશી થયો છું. તેની આ પ્રતિજ્ઞા નભશે કે નહિ, તે હું કહી શકતો નથી; પણ તેને પાળવાના ગોપાળના યત્નેજ મને યથેષ્ટ આનંદિત કરી દીધો છે. તમે બધા જરા વાર બેસો. આવા શુભ સમાચાર આપ્યા પછી ગળ્યું મોં કરાવ્યા વગર હું તમને જવા નહિ દઉં.' ગામના વૃદ્ધ પુરુષો આશ્ચર્ય યુક્ત નેત્રે એક બીજાના સામુ જોવા લાગ્યા. ગોપાળદાસનો એક ટીખળી મિત્ર કંદોઇની દુકાન તરફ દોડ્યો.

× × × ×

બે વર્ષ વહી ગયાં છે. મરણશય્યા ઉપર પડેલા પિતાજીની પાસે ગોપાળદાસ બેઠા છે. ડોસાએ ગોપાળદાસના માથે હાથ મુકી કહ્યું: 'મારી છેલ્લી આશીષ અને મંગળ વાસના તારૂં રક્ષણ કરજો. મરતી વખતે મારે તને બે બોલ કહેવા છે. ધર્મશીલ અને ઇશ્વર-પરાયણ બનજે. આપણા દેશમાં પિતૃભક્તિનાં ઘણાં દૃષ્ટાંત છે. તું પણ સુશીલ અને પિતૃભક્ત થજે. મારી કોઇ અધૂરી વાસના પૂરી કરવાની નથી. તું બધું જાણે છે. તારાથી જ્યાંસુધી બનશે ત્યાંસુધી વગર કહેજ તું એ બધું તો કરીશ. મારે ફક્ત એક વાત તને કહેવી છે. તેં સ્વર્ગગામી શ્યામકોરની આગળ દૃઢ પ્રતિજ્ઞા કરી છે તેને દેહ સુધી પાળજે. આપણા દેશમાં 'પતિવ્રતા' નામનો શબ્દ છે; પરંતુ

'પત્નીવ્રત' નામનો શબ્દ નથી. તું પોતાના ઉજ્જ્વલ દૃષ્ટાન્તથી 'પત્નીવ્રત' ધર્મ સાર્થક કરીને એ શબ્દની સૃષ્ટિ રચજે. વધારે શું કહું ? તારૂં કલ્યાણ થાઓ બેટા ! "

× × × ×

ગોપાળદાસ પણ હવે વૃદ્ધ થયા છે, પણ પિતાની આજ્ઞાને અનુસરી આજદિનપર્યંત કઠોર બ્રહ્મચર્યવ્રત પાલન કરી, જગતને પત્નીવ્રતનો મહિમા દર્શાવી શાન્તપણે પરમેશ્વરના દિવ્ય ધામમાં જવાની રાહ જોઈ રહ્યા છે.

•

મોટી વહુની મોટાઇ.

(૧)

કૃષ્ણદાસ એક પ્રસિદ્ધ ઝવેરી હતા. તેમણે હજારો રૂપિયા પેદા કર્યા હતા; પરંતુ એક મોટા ઝવેરાતમાં તેમને ત્રણ લાખ રૂપિયાની ખોટ જવાથી તેમની આખી જીંદગીની કમાણી એ ખોટમાં ચાલી ગઇ. પોતાની વૃદ્ધાવસ્થામાં આ નુકશાન તેમને અસહ્ય થઇ પડ્યું અને તેઓ શોકની અતિશય વ્યથાથી અલ્પ કાળમાંજ મરણને શરણ થયા.

કૃષ્ણદાસ શેઠની પત્ની સુખદેવી ઘણીજ બુદ્ધિમતી હતી. જ્યારે તેના પતિનો પરલોકવાસ થયો ત્યારે તેના બંને પુત્ર શાળામાં અભ્યાસ કરતા હતા. સુખદેવીને પતિવિયોગ અને નિર્ધનતા આ બે પ્રકારનું મોટું દુઃખ હતું. તેણે પોતાનાં આભૂષણો વેચીને પણ મોટા પુત્ર દામોદરને બી. એ. માં પાસ કરાવ્યો; પરંતુ દામોદર સરળ પ્રકૃતિનો યુવક હતો. વળી તે થોડાબોલો પણ હતો. આથી કરીને તેણે ન્યાયખાતામાં માસિક પચાસ રૂપિયાની નોકરીનો સ્વીકાર કર્યો. આ જગ્યા આપતાં પહેલાં ન્યાયાધીશ સાહેબે તેને થોડાજ સમયમાં સો રૂપિયાનો પગાર કરી આપવાનું જણાવ્યું હતું. દામોદરે ઘરની આર્થિક સ્થિતિ છેકજ કનિષ્ટ જોઇને આ જગ્યાનો સ્વિકાર કર્યો હતો.

દામોદરે પોતાના કનિષ્ટ બંધુ મનોહરદાસને પણ પોતાના જેટલું ભણાવવાની ઇચ્છા રાખી હતી; પરંતુ તેણે વચમાંથીજ

પોતાનો અભ્યાસ છોડી દીધો. તેની વ્યાપાર કરવાની અભિલાષા વધારે હતી. તેમાં તેને મુખ્ય લાભ એ જણાતો હતો કે, સ્વતંત્રતાથી આજીવિકા મેળવી શકાય અને કોઇની તાબેદારી ઉઠાવવી પડે નહિ. વળી એન્ટ્રન્સ પાસ કરનારને પણ માસિક પંદર વીસથી વિશેષ પગારની નોકરી મળી શકતી નથી તો પછી '**व्यापारे वसति लक्ष्मी**' એ વાકયનો અનુભવ શા માટે ન કરવો ? મનોહરદાસના વિચારો આવા હતા અને આજકાલ અનેક યુવકોના વિચારો આવાજ હોય છે. કિન્તુ તેમને મોટી અડચણ પૈસા સંબંધી આવી પડે છે. આ અડચણ મનોહરદાસના વિચારોની આડે પણ આવતી હતી. જેણે પોતાના છેલ્લા ઇજનેરામાં ત્રણ લાખ રૂપિયા નુકશાન વેઠયું, તેના પુત્રને વ્યાપાર માટે ફક્ત ત્રણ હજાર રૂપિયા મળવા કઠિન થઇ પડયા. છેવટે નિરુપાયે તેણે પોતાના એક સગાની ભલામણથી એક મોટા સ્વદેશી કારખાનાની કમિશન એજન્સી લીધી. આથી કરીને મનોહરદાસને માસિક સો રૂપિયા સુધીની આવક થવા લાગી. મોટા ભાઇને એક વર્ષની આખરે રૂપિયા દશ પ્રમોશન મળવાથી સાઠ રૂપિયા પગાર મળતો હતો. આથી કરીને અનેક લોકો કહ્યા કરતા હતા કે: " મોટોભાઇ બી. એ. પાસ કરીને પણ મહિને ફકત સાઠ કમાય છે. ત્યારે નાનોભાઇ એન્ટ્રન્સ પાસ થઇને માસિક સો દોઢસો રૂપિયા કમાય છે. ભણવા લખવાથી કાંઇ થતું નથી. જે કાંઇ થાય છે તે બધું ભાગ્યને લીધેજ થાય છે." આવી આવી વાતો શ્રવણ કરવાથી મનોહરદાસનો વ્યાપારિક ઉત્સાહ ઘણો વધી જતો હતો; તથા દામોદરદાસ લોકોની આવી આવી વાતો શ્રવણ કરી હસ્યા કરતો હતો તેમજ કનિષ્ટ ભ્રાતાની પ્રશંસા સાંભળીને તેને આનંદ પણ થતો હતો.

દામોદરદાસનો વિવાહ તેના પિતાના જીવતાં થયો હતો. તેની પત્ની ઘણીજ સુશીલ હતી. આમ છતાં જ્યારે દેરાણીના મુખે તે એમ વારંવાર સાંભળતી કે:—"મારા પતિ તેમના વડિલ બંધુ કરતાં બમણા ત્રમણા પૈસા પેદા કરે છે તથા ગૃહખર્ચ તેમની પેદાશથીજ ચાલે છે: બાકી મોટાભાઇની પેદાશમાંથી તો ભાખરીનું પણ ઠેકાણું પડે તેમ નથી" ત્યારે તેની દશા ઘણીજ અસહ્ય થઇ પડતી હતી. દામોદરદાસની ધર્મપત્ની કોઇ સમયે એકાંતમાં આ હકીકત અતિશય દુઃખને લીધે પોતાના પતિને કહી સંભળાવતી તો પતિ તરફથી બહુધા એજ ઉત્તર મળતો કે: "આજ કાલની સ્ત્રીઓ મૂર્ખ તેમજ અવિચારશીલ હોય છે. તેમની વાતો ઉપર લક્ષ્ય આપવું જોઇએ નહિ."

એક વર્ષ પશ્ચાત્ મનોહરદાસની પેદાશ લગભગ માસિક બસેં રૂપિયા સુધીની થઇ ગઇ. આ સમયે તેની સ્ત્રી કે જે સંકુચિત સ્વભાવની હતી, તેણે વિચાર્યું કે: "જો હું કોઈ પણ રીતે પતિને સાથે લઇને જૂદી થઇ જાઉં તો મારા પતિની સઘળી પેદાશ મારા હાથમાં આવે. એકઠાં રહેવામાં તો મોટાભાઇના ભાગમાં મફતના રૂપિયા જાય છે. આવા વિચારથી તેણે નવી નવી વાતો કહાડીને જેઠાણીથી કલહકંકાસ કરવાનું તેમજ લડવાનું શરૂ કર્યું. જેઠાણીનો પુત્ર મદન કે જે તેના ઉપર ઘણો પ્રેમ રાખતો હતો, તેને પણ તેણે પોતાની પાસે આવવાની મના કરી. તે બિચારો કાકીના હૃદયના ભેદોને જાણી શકતો નહોતો અને તેથી કરીને પોતાની માએ પણ કાકી પાસે જવાની ના પાડયા છતાં તે કાકી પાસે ગયા સિવાય રહેતો નહિ. પૂર્વે તો તે વારંવાર પૈસો બે પૈસા પોતાની કાકી પાસેથી લેતો હતો, પરંતુ હવે જ્યારે તે તેની પાસે પૈસા બે પૈસા

લેવા જતો તો બદલામાં થપ્પડ પડતી હતી. આથી હવે તેણે કાકી પાસે માગવાનું છોડી દીધું. છેલ્લી વખત જ્યારે મદને તેની પાસે પૈસો માગ્યો ત્યારે તે પોતાની જેઠાણી સાંભળી શકે એવા મોટા સ્વરથી બોલી ઉઠી: " તારા કાકાની બધી પેદાશ તો તમારા ઘરમાં આવે છે તો પણ તમારૂં પૂરૂં થતું નથી ! તેમની કમાઇ જો તમારા ઘરમાં ના આવતી હોત તો કોણ જાણે તમારી કેવીએ દશા થઇહોત ! "

બિચારો મદન તો કાકીનાં આ હૃદયભેદક વાક્યોને સમજી શક્યો નહિ, પરંતુ જેઠાણીએ આવાં વચનોથી દૃઢ પ્રતિજ્ઞા કરી કે: " હવે તો અમારે જૂદાં થઇ ગયા સિવાય ઉપાયજ નથી. "

દામોદરદાસની માતા તો મોટે ભાગે માળા લઇને નારાયણના નામનું રટણ કર્યા કરતી હતી. તે સંસારના કોઇ પણ કાર્ય તરફ હવે લેશ પણ લક્ષ્ય રાખતી નહિ. આથી કરીને તેમના ઘરમા કર્તાહર્તા તરિકે દામોદરદાસની પત્ની હતી. આ પ્રકાર પણ મનોહરદાસની દ્વેષી સ્ત્રીથી જોઇ શકાયો નહિ. તે અનેક પ્રકારના દોષારોપ પોતાની જેઠાણી ઉપર મૂક્યા કરતી. દામોદરદાસની પત્ની આજસુધી દેરાણીનાં વચનબાણો ધીરજપૂર્વક સહન કરી રહી હતી; પરંતુ સહન કરવાની પણ સીમા હોય છે. છેવટે વિશેષ સહન નહિ કરી શકાયાથી તેણે એક દિવસ સકળકથા વિસ્તારપૂર્વક પોતાના પતિદેવને નિવેદન કરી તથા અંતમાં કહી દીધું કે: " મેં અદ્યાપિપર્યંત એ સર્વ સહન કર્યા કર્યું, પરંતુ હવે હું સહન કરી શકું તેમ નથી. હું ખાત્રીપૂર્વક જાણું છું કે તેઓ હવે જૂદાં થવાનું ચહાય છે. આજે જે વાક્યો એ મને સંભળાવે છે તે કદાચિત કાલે તમને સંભળાવશે તો ! શું તમારા પગારમાંથી આપણો નિર્વાહ ચાલી

શકશે નહિ ! જેને તેવું હશે તો હું મારે પિયેર ચાલી જઇશ; પરંતુ હવેથી તમારા ભાઇનો ટુકડો હું ખાનાર નથી તેમજ તેમની પત્નીનો પણ એક અક્ષર સાંભળનાર નથી."

(૨)

દામોદરદાસે ઘણા દિવસ સુધી પત્નીનું સમાધાન કર્યું હતું. પરંતુ આજે તેનું સમાધાન કરવાનું મુશ્કેલ જણાયું. છેવટે તેણે કહ્યું: "પ્રિયે ! આમ શોકાકુળ થઇશ નહિ. આવતી કાલે આપણે અવશ્ય જૂદાં થઇ જઇશું. અદ્યાપિપર્યંત મેં અને તારા પિતાએ એક વાત તારાથી ગુપ્ત રાખી હતી. આજે મનોહર જે કમાય છે તે તારા પિતાના લીધેજ કમાય છે. તેમની ખાસ ભલામણથીજ મનોહરને કમિશન એજન્સી મળી છે. પચીસ હજાર સુધીનો માલ ધીરવાની જ્યારે તારા પિતાએ ભલામણ કરી છે ત્યારેજ અત્યારે મનોહર વ્યાપારી બન્યો છે. કાલે ઉઠીને જો તારા પિતાએ સ્વદેશી કારખાનાના માલિકને એમ લખે કે હું હવે મારી ભલામણ પાછી ખેંચી લઉં છું તો મનોહર અને તેની પત્નીને બરોબર ખબર પડે."

દામોદરદાસની પત્નીએ કહ્યું કે: "આપે આ વાત મારાથી ગુપ્ત શા માટે રાખી ?"

દામોદરદાસે ઉત્તર આપ્યો: "સ્ત્રીઓને આવી વાતો કહેવામાં સાર નથી. સંભવ હતો કે જેવી રીતે મનોહરની પત્ની અજ્ઞાનતાથી પોતાના પતિની પેદાશપર અભિમાન ધરાવે છે તેમ તું પણ તારા પિતાના કરેલા ઉપકાર ઉપર તેમનો તિરસ્કાર કરે !"

દામોદરદાસની પત્ની સમજુ હોવાથી આ ઉત્તર સાંભળીને શાંત થઇ ગઇ. બીજે દીવસે જૂદાં થવાનો બન્નેએ નિશ્ચય કર્યો. પ્રાતઃકાળે

દામોદરદાસ એવી ચિંતામાં પડી ગયો કે: "કેવી રીતે ભાઇને જૂદા થવાની વાત કરવી? અદ્યાપિપર્યંત મેં તેને એક પણ શબ્દ ક્રોધથી કહ્યો નથી. વળી આમાં જે કંઇ દોષ છે તે પણ એની પત્નીનોજ છે. કદાચિત્ એને પોતાની પત્નીની ધૃષ્ટતાની ખબર ન પણ હોય. જે હોય તે ખરૂં, પરંતુ હવે જૂદાજ થવું છે તો પછી સ્પષ્ટરીતે શા માટે ન કહેવું?"

આ પ્રમાણે વિચાર કરી દામોદરદાસે અતિશય હિંમત ધારણ કરીને પોતાના કનિષ્ટ બંધુને પોતાની પાસે બોલાવીને કહ્યું: "ભાઇ! હવે અમારો અને તમારો એકત્ર નિર્વાહ થઇ શકે તેમ નથી, માટે તમે ખુશીથી જુદા રહી તમારી પેદાશ આવે તે તમારી પાસેજ રાખો."

મનોહરદાસે ચિંતાતુર થઇને આશ્ચર્યદર્શક સ્વરે કહ્યું: "હેં! હેં! ભાઈ તમે આ શું કહો છો! મારો કાંઇ ગુન્હો હોય તો બતાવો. હું જે થોડું ઘણું પેદા કરૂં છું તે તમારી તથા મારાં ભાભીની કૃપાને લીધેજ કરૂં છું."

દામોદરદાસે કહ્યું: "તમારી સ્ત્રીનું એમ કહેવું છે કે અમારા ગૃહનો નિર્વાહ તમારી કમાઇથી થાય છે. રોજ ઉઠીને અમે આવું અપમાન કેટલુંક સહન કરીએ?"

મનોહરદાસે મોટાભાઇને શાંત કરવા માટે કહ્યું: "આપ વિદ્વાન અને વિચારવાન છો. આપે મારી મૂર્ખ પત્નીનાં વચનો ઉપર લક્ષ્ય આપવું જોઇએ નહિ."

"ત્યારે પછી એને આટલી બધી મોં ઉપર ચડાવવી એ વ્યાજબી નહોતું, જ્યારે ત્યારે મનમાં આવે તેવાં વચનો ઉચ્ચારવાં એ તે શું યોગ્ય કહેવાય?!"

"હું સદૈવ તેની અયોગ્યતાની વાતોથી અપ્રસન્ન રહું છું તથા તેણે મારાં ભાભીને તથા આપને શું કહ્યું છે તે પણ જાણતો નથી."

"હા, હા, ભાઈ તમને ક્યાંથી માલૂમ હોય ! થયું, હવે વિશેષ કહેવા સાંભળવાની આવશ્યકતા નથી. આપણા ગૃહમાં બે સ્ત્રીઓનો નિર્વાહ થઇ શકે તેમ નથી. મને હંમેશાં તેમના કલહકંકાસો જોવા સાંભળવાની ઇચ્છા નથી. તમે બન્ને પતિ-પત્નિ રાજીખુશીથી આ ઘરમાં રહો અમે આજથીજ એક જૂદું મકાન ભાડે રાખી તેમાં રહેવા જઇશું. અત્યારસુધીમાં તમારી દુકાનેથી જેટલા રૂપિયા આવ્યા છે તે સઘળાનો મેં જૂદો હીસાબ રાખેલો છે. એ પૈસામાંથી અમારે માટે એક પાઈ પણ ખર્ચાઇ નથી. તમારી સ્ત્રીના હાથખર્ચને માટે જે રૂપિયા આપવામાં આવ્યા છે તેજ એમાંથી આપ્યા છે. બાકી રહેલા બચતના ત્રણ હજાર રૂપિયા બેંકમાં તમારા નામ ઉપર જમા છે. આ લ્યો એ રૂપિયાની 'પાસ બૂક'.

આમ કહી દામોદરદાસ ત્વરાથી બહાર ચાલ્યો ગયો. મનોહરદાસ મોટાભાઇનાં વચનોથી ઘણો શોકાતુર થઇ ગયો અને તેથી કાંઇ પણ બોલી શક્યો નહિ. તેની છૂપી પત્નીએ પણ ગુપ્ત રીતે સર્વ વાતચીત સાંભળી હતી અને તેથી તે બહુ રાજી થઇ હતી તેને એમ લાગ્યું હતું કે, પોતે હવે સ્વતંત્ર ઘરની ધણિયાણી બનશે.

દામોદરદાસના ચાલ્યા ગયા પછી મનોહરદાસ અનેક પ્રકારના વિચારોમાં પડી ગયો. આ સમયે એના શોક તથા ચિંતાની સીમા ન્હોતી.

પતિને વિચારમાં પડેલા જોઇ પત્ની તેની પાસે આવીને બોલી ઉઠી: "આમ ગભરાઓ છો શા માટે? શું તમે પણ ચાર પૈસા

પેદા નથી કરી શકતા ? શું તમે ભાઇ તથા ભાભીના પગ નીચેજ હમેશાં પડી રહેવા ઇચ્છો છો ?"

મનોહરે ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું: "તેંજ ચાંડાલિનીએ આજે મારા સર્વસ્વનો નાશ કરી દીધો છે. હું જે કાંઇ કમાઉં છું તે ભાઇ તથા ભાભીની કૃપાને લીધેજ કમાઉં છું. બાકી મારા જેટલું ભણેલાના નસીબમાં માસીક દશ પંદરથી વધારે રૂપિયા લખ્યા હોતા નથી. આ શહેરમાં હું આટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી મહીને બસેં રૂપિયા પેદા કરૂં છું તે ભાઇનોજ પ્રતાપ છે."

મનોહરની સ્ત્રીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો: "તેમની નોકરીમાં તેમનુંજ પૂરૂં નથી થતું તો પછી તમને એ શું મદદ કરે છે!"

મનોહરે ઉત્તર આપ્યો: "એ મદદ નથી કરી શકતા તો એમના સસરા તો કરે છે ને! ભાઇના કહેવાથીજ તેમણે પોતાના મુંબઇના મુનીમને લખી દીધું હતું કે, મુંબઇની અમુક સ્વદેશી મીલમાંથી પચાસ હજાર રૂપીયાનો માલ તે પોતાની જોખમદારી ઉપર આપણને મોકલી આપવાની વ્યવસ્થા કરે. આ વ્યવસ્થા થવાથીજ આપણો વ્યાપાર ધમધોકાર ચાલતો હતો અને આપણને સારો નફો પ્રાપ્ત થતો હતો. જો હવે તેઓ પોતાની જોખમદારી પાછી ખેંચી લે તો આપણો વ્યાપાર ભાગી પડે. તેં આગળ પાછળનો વિચાર કર્યા વિના જે વર્તણુંક ચલાવી છે તેથી મારી સાથે તારૂં ભાગ્ય પણ ધૂળમાં મળી જશે"

હવે મનોહરની પત્નીના પશ્ચાતાપની સીમા રહી નહિ. તે પોતાની જેઠાણીનું હવે કેવા પ્રકારે સમાધાન કરવું તેનોજ વિચાર કરવા લાગી. આ સમયે દામોદરદાસની પત્ની પોતાના પુત્રને પોતાના

ઓરડામાં કાંઈ ખાવાનું આપતી હતી અને તેની પાસે એ વખતે બીજું કોઇ નહોતું. આ સમયનો લાભ લઈ મનોહરની પત્ની તેની પાસે ગઈ તથા તેના ચરણોમાં પોતાનું શીર નમાવ્યું. તેની જેઠાણીને આવો વિલક્ષણ પ્રકાર જોઇ ઘણું આશ્ચર્ય લાગ્યું. તેણે તરતજ દેરાણીને તેનો હાથ પકડી ઉભી કરી. મનોહરની પત્નીએ મનોબળને એકત્ર કરી ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું: "બ્હેન! તમે દરેક રીતે મારાથી મોટાં છો, તો મારા અપરાધની મને ક્ષમા નહી કરો? તમે હવે મારા માથામાં ખાસડું મારશો તો પણ હું કાંઈ બોલીશ નહિ."

દામોદરદાસની પત્ની ઉચ્ચ કુળની દીકરી હતી. તેણે મનોહરની પત્નીને છાતી સરસી ચાંપી કહ્યું: "બ્હેન! જે થવાનું હતું તે થયું હવે મને તારા ઉપર કોઈ પણ પ્રકારનો રોષ નથી."

દામોદરદાસ પોતાને રહેવાને માટે પોતાના એક સ્નેહીનું ખાલી પડેલું મકાન એક માસ માટે ભાડે રાખી પોતાને ઘેર આવ્યો ત્યારે તેણે પોતાની પત્નીને કહ્યું: "હમણાં તો મારે કચેરીમાં જવાનો સમય થઈ ગયો છે. તું બધો સરસામાન વ્યવસ્થિત કરી રાખજે. સંધ્યા સમયે આપણે સરસામાન લઇને એ મકાનમાં ચાલ્યાં જઇશું."

દામોદરદાસની પત્નીએ સ્મિત કરી કહ્યું: "કદાચ નહિ પણ જવું પડે."

"કેમ?"

"સાંજે સર્વ વાતો વિસ્તારથી કહી સંભળાવીશ."

"સારૂં." આમ કહી તે કચેરીમાં ચાલ્યો ગયો.

(૩)

દામોદરદાસ કચેરીમાં તો ગયો, પરંતુ એ દિવસે તેનું ચિત્ત કામમાં લાગ્યું નહિ. તેને કામ કરતાં કરતાં ગૃહની સકળ ઘટના યાદ આવ્યા કરતી હતી. તે વિચાર કર્યા કરતો હતો કે: " ભાઈ-નાથી હવે જૂદું થવું પડશે. તે બિચારાનો તો કાંઇ દોષ નથી. તેની સ્ત્રીનોજ સઘળો અપરાધ છે. મનોહર તો બિચારો મારી આગળ એક શબ્દ શુદ્ધાં બોલી શકયો નથી. શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણજી મૂર્છિત થયા તે સમયે કહ્યું હતું કે " દુનિયામાં સર્વ વસ્તુઓ યા તો સ્વજન પરિજનો મળી આવે છે, પરંતુ સહોદરભાઇ મળી આવતો નથી." અરેરે ! શું એવા સહોદરભાઇનાથી આજે મારે જૂદું થવું પડશે."

આવા આવા અનેક ચિંતાપૂર્ણ વિચારોમાં દામોદરદાસનો આખો દિવસ વીતી ગયો.

આ તરફ સ્વગૃહે એક ઘણી સારી વાત બની. જ્યારે મનોહર-દાસે જાણ્યું કે પોતાની પત્ની ભાભી પાસે માફી માગી આવી છે તથા ભાભીએ તેના અપરાધોની ક્ષમા કરી છે ત્યારે તે અત્યંત પ્રસન્ન થયો ને પોતાની સ્ત્રીની ચતુરાઈ સબંધી મનમાં વિચાર કરવા લાગ્યો. તથા છેવટે પત્ની ઉપર જે કાંઈ રોષ થઇ આવ્યો હતો તે ઉતરી ગયો. છેવટે તે પોતે પણ પોતાની ભાભી પાસે ગયો તથા અંતઃકરણપૂર્વક તેની ક્ષમા માગી. તેની ભાભીને આ ઉપરથી એટલો બધો આનંદ થયો કે તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ વહન થવા લાગ્યો. સ્ત્રીઓનું હૃદય સ્વાભાવિક રીતેજ ઘણુંજ કોમળ અને દયાળુ હોય છે.

આજે મનોહરદાસ દુકાન ઉપર ગયો નહિં, કારણ તેને એવો ડર હતો કેઃ ' વખત છે ને ભાઈ ગૃહે આવી જુદા રહેવાને ચાલ્યા જાય. ' તે આખો દિવસ ઘણોજ ચિંતાતુર રહ્યો. તેણે વિચાર્યું કેઃ " ભાભીને તો મનાવ્યાં, પણ ભાઇ એટલા બધા નારાજ થયા છે કે કદાચ તેઓ મારી પ્રાર્થના ઉપર લક્ષ આપશે નહિ." આમ વિચારી તે પોતાની પાડોશમાં રહેતા લાલા સોભાગમલ કે જેઓ એક વયોવૃદ્ધ અને પ્રભાવશાળી પુરૂષ હતા, તેમની પાસે ગયો. સોભાગમલ જૂના જમાનાના પુરૂષ છતાં આજકાલની સર્વ વાતો સારી રીતે સમજતા હતા. તેમનામાં એક મોટો ગુણ એ હતો કે તેઓ પોતાના મોંમાંથી જે વચન બહાર કાઢતા, તે વચન પ્રાણાંતે પણ મિથ્યા કરતા નહોતા. એક વખતે તેમણે પોતાના એક વચનને ખાતર રૂા. પાંચ હજારનું નુકશાન વેઠયું હતું; પરંતુ આ નુકશાન વેઠવાથી બજારમાં તેમની પ્રતિષ્ટા અતિશય વધી ગઇ હતી. લાલા સોભાગમલે મનોહરની સર્વ વાત સાંભળી કહ્યુંઃ " બન્ને વધૂઓ ઘણી સમજુ અને શાણી હોવાથી તેમણે અરસપરસ જે સમાધાન કરી દીધું છે તે પ્રશંસાયોગ્ય છે. "

આજે દામોદરદાસ પોતાના મુખ્ય અધિકારી પાસેથી બે કલાકની રજા મેળવી વહેલો ઘેર આવ્યો. તેણે આવતાંની સાથેજ પોતાના દિવાનખાનામાં મનોહર તથા સોભાગમલને બેઠેલા જોયા. દામોદર જ્યારે છેકજ નિકટ ગયો ત્યારે લાલાજીએ તેની સાથે રામરામ કર્યા તથા ત્યારપછી પૂર્વાનુસાર શાન્ત રીતે બેસી રહ્યા. લાલાજીએ વિચાર્યું હતું કે દામોદર યુવાન માણસ છે તેથી કદાચિત પોતાનું કહેવું માન્ય ન કરે. એ હેતુથી તેમણે પ્રથમ દામોદરની પત્ની સાથે એવી વ્યવસ્થા કરી રાખી હતી કે, તે પોતાનો પતિ કચેરીમાંથી

ગૃહે આવે ત્યારે વિભક્ત ન થવા માટે તેને સમજાવે. આથી કરીને દામોદરદાસની પત્નીએ એક બાળકને તેને પોતાની પાસે બોલાવી લાવવા મોકલ્યો. બાળકે આવી દામોદરદાસને ખબર આપી તો તે લાલાજીને "આપ બેસો હું હમણાં આવું છું" કહી તેની પાસે ગયો.

દામોદરદાસની પત્નીએ અથથી ઇતિપર્યંત સકળ કથા પતિને નિવેદન કરી તથા પોતાની દેરાણીએ પોતાની પાસે માગેલી ક્ષમાની વાત પણ કહી સંભળાવવા ઉપરાંત તેણે મનોહરની ઘણી પ્રશંસા કરી. છેવટે તેણે નમ્રતાપૂર્વક કહ્યું કેઃ "જે થયું તે થયું, હવે આપ એ સકળ ઘટનાને ભૂલી જાઓ."

દામોદરદાસે પત્નીને ઉત્તર આપ્યો કેઃ "હું તો સકળ કથા ભૂલી જઈશ, કિન્તુ તું પણ તારી દેરાણીનાં વચનો ભૂલી જજે. તમારૂં આ પ્રેમમિલન કૃત્રિમ નહિ કિન્તુ સ્વાભાવિક હોવું જોઇએ."

સમુદ્રમાં એકજ દિવસમાં જેવી રીતે કોઈ મોટું તોફાન ઉપસ્થિત થઇને શાન્ત થઇ જાય છે, તેમ ઘણા ગૃહકંકાસો પણ અતિ પ્રચંડ સ્વરૂપમાં ઉપસ્થિત થઇ શાન્ત પડી જાય છે.

દામોદરદાસ પત્ની પાસેથી જ્યારે લાલાજી પાસે ગયો, ત્યારે લાલાજીને પણ તેને સમજાવતાં વિશેષ વિલંબ થયો નહિ. તેમણે પણ કહ્યું કેઃ "ભાઇ દામોદર! નાનાઓને ક્ષમા કરવી એ મોટાં-ઓનો ધર્મ છે. વળી જેવી રીતે એક લાકડી જૂદી હોય તો તે કેવી સહેલાઇથી ભાગી શકાય છે! પણ વધારે લાકડીઓ ભેગી હોય તો ભાગી શકાતી નથી તેવીજ રીતે કુટુંબનાં સર્વ મનુષ્યો એકત્ર હોય તો ભાગ્યેજ તેમની દુર્દશા થાય; માટે સલાહસંપથી એકત્ર રહેવામાં જે સુખ તથા આનંદ છે તે જૂદા પડવામાં નથી, એ નિશ્ચયપૂર્વક સમજજો."

દામોદરદાસે ઉત્તર આપ્યો: " લાલાજી ! જો મારી કાંઇ ભૂલ માલૂમ પડી હોય તો આપની ક્ષમા ઇચ્છું છું. હવે મને આપનાં વાક્યોથી કૃપા કરીને વિશેષ લજ્જિત ન કરો. મનોહરનો પણ દોષ નથી. એની સ્ત્રીનાં અવિચારપૂર્ણ વચનોથીજ હું અપ્રસન્ન થઈ ગયો હતો. હવે હું મનોહરથી કદાપિ વિભક્ત નહિજ થાઉં. દુનિયામાં થોડા દિવસનું જીવન છે; સુખદુ:ખમાં પોતાના સહોદર સિવાય અન્ય કોઈ કામ આવતું નથી. અમારા બન્નેના ઉપર આપ વડીલશ્રીની હમેશાં આવીજ કૃપા રહે એવું અમે અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ."

લાલાજી દામોદરદાસનાં પ્રેમપૂર્ણ વચનોથી ઘણાજ પ્રસન્ન થયા તથા કહ્યું: " નારાયણની કૃપાથી પુનઃ તમારા ગૃહમાં સુખ તથા શાન્તિનો વાસ થશે. **વળી સુમતી જે ગૃહમાં પ્રવેશે છે તે ગૃહમાં સંપત્તિદેવીનું પણ આગમન થયા સિવાય રહેતું નથી.** આ તું આટલો ધાર્મિક નિવડ્યો તેનું કારણ તારી માતાની ધાર્મિકતા સિવાય અન્ય કાંઇ પણ નથી." આ પ્રમાણે કહી તેઓ શ્રીમતી સુખદેવી પાસે ગયા. સુખદેવીએ રામાયણનો પાઠ સમાપ્ત થઇ ગયા પછી અત્યંત પ્રેમથી લાલાજીની સાથે વાર્તાલાપ કર્યો. લાલાજીએ પોતાના આગમનનું કારણ દર્શાવીને સર્વ કથા એવી રીતે કહી કે જેથી કરીને સુખદેવી અતિ પ્રસન્ન થઇ. '**મોટી વહુની મોટાઈ**' ની કથા શ્રવણ કરીને સાસુએ કહ્યું કે: "એ મોટા ગૃહની પુત્રી છે. તેણે પોતાના માવતરની ખાનદાનીને યોગ્યજ કાર્ય કર્યું છે."

જ્યારે મનોહરની પત્નીએ જાણ્યું કે પોતાના કલહકંકાસની કથા છેક પોતાનાં સાસુ સુધી પહોંચી ગઇ છે, ત્યારે તે ઘણીજ શરમાઇ

ગઈ તથા લાલાજીના ચાલ્યા ગયા પછી તેણે સાસુ પાસે જઈને પોતાના સકળ અપરાધોની ક્ષમા માગી.

એ દિવસે સુખદેવીના ગૃહમાં ઘણોજ આનંદ થઇ ગયો. લાલાજીએ પણ તે દિવસે ત્યાંજ ભોજન કર્યું. બન્ને વહુઓએ મળી જઇને ભોજન તૈયાર કર્યું તથા બન્ને ભાઇઓએ સત્કારપૂર્વક લાલાજીને ભોજન કરાવ્યું. ભોજન બનાવવામાં દામોદરદાસની પત્ની સ્વયં અન્નપૂર્ણાસ્વરૂપ હતી. સુખદેવીએ જ્યારે લાલાજી ભોજન કરી ઉઠ્યા ત્યારે પૂછ્યું કે: “ભોજન કેવું થયું છે?” લાલાજીએ પેટ ઉપર હાથ ફેરવતાં કહ્યું કે: “ભોજન બનાવવામાં પણ નમાર્ગી ‘**મોટી વહુની મોટાઇ**’ ક્યાં ઉતરે તેમ છે!”

પશુમાંથી મનુષ્ય.

(૧)

દુર્ગો માળી ડોકટર મહેન્દ્ર બેરિસ્ટરને ત્યાં નોકર હતો. તેને પાંચ રૂપીઆ પગાર મળતો. તેના ઘરમાં તેની સ્ત્રી અને બે ત્રણ નાનાં બાળક હતાં. સ્ત્રી આડોશી પાડોશીનું દળણું દળતી અને બે બાળક આમથી તેમથી લાકડાં, છાણાં વીણી લાવતાં. પણ આટલો બધો યત્ન કરવા છતાંયે તેને નિર્વાહમાં ઘણીજ તંગી ભોગવવી પડતી હતી. દુર્ગો ડોકટર સાહેબની નજર ચુકાવીને બાગમાંથી ફુલ વીણી લેતો અને બજારમાં જઇ પુજારીઓને વેચતો હતો. કોઇ કોઇ વખત ફળ ફળાદિ ઉપર પણ હાથ મારતો હતો. આ એની પગાર ઉપરાંતની આવક હતી. આ આવકમાંથી તે મીઠું, મરચું, તેલ આદિનો ખર્ચ કાઢતો હતો. તેણે ઘણી વખત ડોકટર મહોદયને પગાર વધારવાને માટે પ્રાર્થના કરી હતી. પરંતુ ડોકટર રોકડું કહી દેતો કે "મેં તને બાંધ્યો તો છે નહિ, તારો નિર્વાહ અહીં ન ચાલતો હોય તો બીજે ક્યાંક ચાલ્યો જા. માળીઓનો કાંઇ દુષ્કાળ નથી." ચાલતી રોજી છોડી દઇને બીજી નોકરી શોધવા જવાનું દુર્ગામાં સાહસ નથી. વળી તેને આથી વધારે પગાર મળવાની આશા પણ નહોતી. તેથી તે નિરાશ થઇ પોતાના દિવસ કાઢતો અને પોતાના ભાગ્ય માટે રડતો.

ડોકટર મહોદયને બાગબાની ઘણી પ્રિય હતી. બાગમાં તેમણે નાના પ્રકારના ફુલોના તેમજ સારાં સારાં ફળોનાં છોડ જુદે જુદે ઠેકાણેથી મંગાવીને રોપાવ્યાં હતાં. વૃક્ષોપર આવેલાં ફળ જોઇ ડોકટર

સાહેબને હાર્દિક આનંદ થતો હતો, અને પોતાના મિત્રને ત્યા વખતો વખત બાગમાંથી ગુલછડ્ડા, શાકભાજી વગેરેની ભેટ મોકલાવતા હતા. તેમને જાતે ફળો ખાવાનો શોખ નહોતો પણ મિત્રોને ખવરાવવામાં અસીમ આનંદ પ્રાપ્ત થતો હતો. પ્રત્યેક ફળની મોસમમાં મિત્રોને મિજબાની માટે નોતરવામાં આવતા હતા. આવી મિજબાનીઓ તેમના મનોરંજનનાં મુખ્ય સાધન રૂપ હતી.

એક વખત ઉનાળાના દિવસોમાં ડોકટરે કેટલાક મિત્રોને કેરીની મિજબાનીનું આમંત્રણ કર્યું. એક આમ્રુસના વૃક્ષપર કેરીનાં ખુબ ફળો આવ્યાં હતાં. ડોકટર આ ફળોને રોજ જોયા કરતા અને આ ઝાડને આ પહેલીજ વારનાં ફળ આવેલાં હોવાથી તે પોતાના મિત્રો પાસેથી તેની મીઠાશ અને સ્વાદનાં વખાણ સાંભળવા ચાહતા હતા. કોઈ એક પહેલવાનને પોતાના શિષ્યોનાં કર્તવ્ય દેખાડવાથી જેવો આનંદ થાય તેવોજ આનંદ ડોકટરને આવી બાબતોથી થતો હતો. આટલાં મોટાં સુંદર અને સુકોમળ કેરીનાં ફળ કોઈ પણ વખત તેમના જોવામાં આવ્યાં નહોતાં. આ ફળોના સ્વાદમાં તેમને એટલો બધો વિશ્વાસ હતો કે તેમાંથી એક ફળ ચાખી સ્વાદની ખાત્રી કરવાની પણ જરૂર તેઓને લાગતી નહિ. અને તે મુખ્ય કરીને એટલા માટેજ કે એક ફળ ઓછું થાય તો એકાદ મિત્ર તેના રસાસ્વાદનથી વંચિત રહે.

એક દિવસે ચૈત્ર મહિનામાં સંધ્યા સમયે મિત્રો આવીને બગીચામાં હોજને કિનારે ખુરશીઓપર બેઠા. બરફ અને દુધનો પ્રબંધ પ્રથમીજ કરવામાં આવ્યો હતો. પણ હજી સુધી ફળ તોડયા નહોતાં. ડોકટર પ્રથમ ફળોને ઝાડ ઉપર દેખાડયા પછીજ તોડાવવા

ચાહતા હતા કે જેથી ફરી કોઇને એ ફળ આ બાગનાં નથી, એવો શક જાય નહિ. જ્યારે સઘળા ભેગા થયા ત્યારે તેણે કહ્યું "આપને કષ્ટ તો પડશે, પણ ચાલીને ફળોને ઝાડપર જોવા મહેરબાની કરો. તે ઘણુંજ મનોહર દસ્ય છે. ગુલાબમાં પણ એવી લોચનપ્રિય લાલી ભાગ્યેજ હશે. રંગ ઉપરથીજ સ્વાદ ટપકશે. મેં એની કલમ ખાસ મુંબાઇ તરફથી મંગાવી હતી અને તેને ખાસ ધ્યાન રાખીને ઉછેરવામાં આવી છે."

મિત્રમંડળ ઉઠયું: ડાકટરે સૌથી આગળ ચાલવા માંડયું. માર્ગની બન્ને બાજુ આવેલી ગુલાબની કયારીઓની છટા બતાવતા બતાવતા તેઓ તે આંબાની સામે આવી પહોંચ્યા; પણ આશ્ચર્ય! તેપર એક પણ ફળ જણાતું નહોતું! ડાકટરે વિચાર્યું કે કદાચ તે ઝાડ નહિ હોય તેથી તેમણે બે પગલાં આગળ વધીને બીજું ઝાડ જોયું. વળી પણ આગળ વધ્યા, પણ તે ઝાડ તો જણાયુંજ નહિ. છેવટે પાછા ફરીને વિસ્મિત દશામાં આફુસના ઝાડ આગળ આવી ઉભા. વૃક્ષ તો આજ છે. પણ તે ઉપરનાં ફળનું શું થયું? વીશ, પચીશ કેરીઓ હતી. તેમાંથી એકનો પણ પત્તો નથી! તેમણે મિત્રો તરફ અપરાધ પૂર્ણ નેત્રોએ જોઇને કહ્યું:—

"આ ઝાડપર એક પણ ફળ નથી એ આશ્ચર્ય છે. આજે સવારે મેં જોયું ત્યારે તો ફળો લટકતાં હતાં. આ જુઓ ફળોનાં ડીટાં પણ છે. અવશ્ય આ કામ માળીનુંજ છે. આજે હું એનાં હાડકાં પાંસળાં રંગીશ. તે પાજીએ મને કેટલો દગો દીધો છે તે મારૂંજ મન જાણે છે! આપ સર્વને વ્યર્થ કષ્ટ થયું તેથી મને ઘણીજ શરમ આવે છે. ખરેખર અત્યારે મને જે દુઃખ થાય છે તેનું વર્ણન

મારાથી કરી શકાતું નથી. આવાં, રંગીન કોમળ અને કમનીય ફળ મેં મારી જીંદગીમાં કદિ જોયાં નહોતાં. તે આમ લુપ્ત થઈ ગયાં તેથી મારૂં હૃદય ટુકડે ટુકડા થઈ જાય છે.

આટલું કહીને તે નિરાશાની વેદનાથી ખુરશીપર બેસી પડયા. મિત્રોએ સાંત્વના આપતાં કહ્યું:—"સર્વ જગાએ નોકરો આવાજ હોય છે; આ લોક જાતનાજ પાજી હોય છે. તમારે અમારા કષ્ટનો વિચાર કરવો નહિ. આફુસ ન હોય તો ભલે, બીજાં ફળ લાવો."

એક સજ્જને કહ્યું–"સાહેબ મને તો બધી કેરીઓ એક સરખીજ માલુમ પડે છે. આફુસ, પાયરી, સફેદા, જફરિ, દશહરિ, આ સર્વમાં મને તો કાંઇજ તફાવત જણાતો નથી. કોણ જાણે શાથી આપને તફાવત ભાસે છે!"

બીજા સજ્જને કહ્યું—"મારૂં પણ એમજ માનવું છે. ખેર હાલ જે ફળ મળે તે મંગાવો. ગઇ વસ્તુનો અફસોસ શું કામનો?" ડાકટરે વ્યથિક ભાવે કહ્યું, "એમ તો કેરીની અછત નથી, આખો બાગ ભરેલો છે. સારી પેઠે ખાઓ અને ઘેર પણ લઇ જાઓ. તે બીજા કોના માટે છે? પણ તે કેરીનો તો રંગ રૂપ અને સ્વાદ ઓરજ હતો. આપ નહિ માનો; તે આફુસની એવી તો ચમક, રંગ અને રૂપ હતાં કે જાણે ગુલાબી સફરજન! સફરજન પણ દેખાવમાંજ સુંદર, બાકી એ આફુસની રૂચિવર્ધક સુંદરતા અને અમૃતમય કોમળતા એમાં નજ હોઇ શકે. માળીએ એટલો બધો અનર્થ કર્યો છે કે જાણે તેને ગોળીએ મારીને ઠાર કરૂં! જો આ વખતે સામે દેખાય તો તેને ફટકાવીને અધમુઓજ કરી નાંખુ."

માળી બજારમાં ગયો હતો. ડાકટર સાહેબે ગાડીવાન પાસે

કેટલીક કેરીઓ ઉતરાવી મંગાવી. મિત્રોએ કેરીઓ ખાધી, દૂધ પીધું અને ડોકટરને ધન્યવાદ આપી પોત પોતાના ઘર તરફનો રસ્તો પકડયો! હજી પણ ડોકટર તો હોજને કિનારે હાથમાં હંટર લઇ માળીની વાટજ જોઇ રહ્યા હતા. બસ આ સમયે સાક્ષાત ક્રોધનીજ મૂર્તિ બની ગયા હતા.

(૨)

થોડી રાત જતાં દુર્ગો બજારમાંથી આવ્યો. તે આમ તેમ જોતો જોતો આવતો હતો. જ્યારે તેણે ડોકટરને હોજના કિનારાપર હાથમાં હંટર લઇ બેઠેલા જોયા, ત્યારે તેના હોશકોશ ઉડી ગયા. તે સમજ્યો કે આજ તો ચોરી પકડાઇ ગઇ! ચોરી પકડાઈ જવાના ડરથી આજે તેણે બજારમાં વધારે વખત ગાળ્યો હતો. તેણે માની લીધું હતું કે ડોકટર સાહેબ કયાંક ફરવા ગયા હશે, તે દરમિયાન હું છાનો માનો મારી ઝુંપડીમાં જઈ પહોંચીશ અને સવારે કાંઇ પુછપાછ થશે તો મને સફાઇથી ઉત્તર આપવાનો સમય મળશે, અને કહીશ કે સરકાર મારી ઝુંપડીની જડતી લો; અને આવી રીતે મામલો દબાઈ જશે. સમય, હુશિયાર ચોરનો સર્વથી મોટો મિત્ર છે, એકેએક ક્ષણ તેને નિર્દોષ સાબીત કરવામાં મદદ કરે છે. પણ જ્યારે તે તાજેતરમાંજ પકડાઇ જાય છે ત્યારે તો પછી છટકી જવાનો રસ્તોજ રહેતો નથી. દુર્ગોના પગ થંભી ગયા, છાતી ધબકવા લાગી, ડોકટરની નજર તેનાપર પડી હતી; હવે પાછું ફરવું તેના માટે વ્યર્થ હતું.

ડોકટરે તેને દૂરથી જોતાંજ ઉભા થઇને તેને શિક્ષા કરવાનો વિચાર કર્યો. પણ તે કાયદાશાસ્ત્રી હોવાથી વિચાર કર્યો કે પ્રથમ તેનું સાંભળવું આવશ્યક છે. તેને ઇશારો કરી પાસે બોલાવ્યો અને

પૂછયું–"આપુસના ઝાડ ઉપર ઘણી કેરીઓ હતી; તેમાં એક પણ નથી. શું થયું ?"

દુર્ગાએ નિર્દોષતાના દેખાવ સાથે ઉત્તર આપ્યો, "હજુર, હું હાલ બજારમાં ગયો ત્યાં સુધી તો ઝાડ પર બધી કેરીઓ હતી; આટલા સમયમાં કોઇ તોડી ગયું હોય તો તે હું કહી શકતો નથી."

ડાક્ટર–"તને કોનાપર શક જાય છે ?"

દુર્ગો—"સાહેબ, હવે હું કોનું નામ દઉં! આટલા બધા નોકર-ચાકર છે; કોણ જાણે કોનીયે નજર બગડી હશે."

ડાક્ટર—"મારો શક તો તારાજ ઉપર છે. જો તેં ઝાડપરથી તોડીને મુકી હોય તો અહીં લાવ; નહિ તો ચોખ્ખે ચોખ્ખું કહી દે કે તેંજ તોડી છે. છેવટે મારે તને ખરાબમાં ખરાબ રીતે સજા કરવી પડશે."

ચોર કાંઇ એકલી સજામાંથી બચવા માગતો નથી પણ અપમાનમાંથી બચવા માગે છે. તે જેટલો અપમાનથી ડરે છે તેટલો સજાથી ડરતો નથી. જ્યારે તેને સજામાંથી બચવાની કોઇ આશા રહેતી નથી ત્યારે પણ તે પોતાનો અપરાધ કબૂલ કરતો નથી. તે અપરાધી બની છુટી જવા કરતાં નિર્દોષ બની દંડ ભોગવવાનું વધારે પસંદ કરે છે. જો દુર્ગાએ આ વખતે અપરાધ કબૂલ કર્યો હોત તો સજામાંથી બચી શકત, પણ તેણે કહ્યું—"આપ માલિક છો; નજરમાં આવે તે કરો, પણ મેં તો કેરીઓ તોડી નથી. આપજ બતાવો કે આટલા દિવસ સુધી મેં આપની તાબેદારી કરી છે, પણ પાંદડું પણ ચોર્યું છે ?"

ડાક્ટર—"શું તું સોગંદ ખાય છે ?"

દુર્ગો—"જી હા, જો મેં કેરીઓને હાથ લગાડ્યો હોય તો મને રત્નાગર સાગરના સમ."

ડોક્ટર—"મને આ સોગંદપર વિશ્વાસ નથી. તું પ્રથમ લોટામાં પાણી લાવ, તેમાં તુળશીનાં પાન નાંખ, બાદ સોગંદ ખાઇને કહે કે જો મેં કેરીઓ તોડી હોય તો મને મારા છોકરાના સમ. ત્યારેજ મને તારા કથનમાં વિશ્વાસ આવે."

દુર્ગો—"સાહેબ, સાચને આંચ શાની? આપ કહો તે સોગંદ લઉં. જો મેં કામ કર્યુંજ નથી તો મને સોગંદ શું કરશે!"

ડોકટર—"વારૂ, વાતો કર નહિ, જઇને પાણી લઇ આવ."

ડોકટરને માનવ-ચરિત્યનું જ્ઞાન હતું. કેમકે તેમને સદૈવ અપરાધીઓ સાથેજ વ્યવહાર રહ્યા કરતો હતો.

જો કે દુર્ગો મોઢેથી અકડાઇને વાતો કરી રહ્યો હતો પણ તેના હૃદયમાં ભય હતો. તે પોતાની ઝુંપડીમાં આવ્યો, પણ લોટામાં પાણી લઇને જવાની હિંમત ચાલી નહિ. તેના હાથ ધ્રુજવા લાગ્યા. રત્નાગરનું પાણી લેવાથી જેમના પર દૈવી કોપ થયા હતા તેવી વાતોનું સ્મરણ થયું. ઇશ્વરના સર્વજ્ઞપણાનો આવો મર્મસ્પર્શી વિશ્વાસ તેને કદિ થયો હતો નહિ. તેણે નિશ્ચય કર્યો કે—"હું જુઠું બોલી રત્નાગરનું પાણી તો ઉપાડીશ નહિ. એ મારાથી નહિ બને. કદાચ રજા આપવામાં આવશે તો ગમે ત્યાં નોકરી શોધી લઇશ: અને નોકરી નહિ મળે તો મજુરી કયાં ગઇ છે? કોદાળી ચલાવીશ તોપણ સાંજ સુધીમાં અડધો શેર લોટ તો મળીજ રહેશે." તે ધીમે ધીમે ઠાલી હાથે પાછો આવીને ડોકટરની સામે ઉભો.

ડોકટર સાહેબે કરડા સ્વરે પૂછ્યું—"પાણી લાવ્યો?"

દુર્ગો—" સાહેબ, હે રત્નાગરનું જળ તો નહિ ઉપાડું."

ડૉક્ટર—" ત્યારે, તેંજ કેરીઓ તોડી એમ સાબિત થાય છે."

દુર્ગો—" સાહેબની નજરમાં આવે તેમ ખરૂં. માનો કે મેંજ કેરીઓ તોડી. પરંતુ હું પણ આપનો ગુલામજ છું. રાતદિવસ તાબેદારી કરૂં છું. બાલબચ્ચાં કેરીઓને માટે રડે તો હું કયાં જાઉં? આ વખતે માફી આપશો તો ફરીથી આવું નહિ કરૂં."

ડૉક્ટર એટલો બધો ઉદાર નહોતો. તેણે એજ મહાન ઉપકાર કર્યો કે દુર્ગાને પોલીસને હવાલે કર્યો નહિ કે તેના ઉપર હંટર ચલાવ્યો નહિ. તેમની ધાર્મિક શ્રદ્ધાએ તેમને કાંઇક નરમ કરી દીધા હતા. પણ આવા દુર્બળ હૃદયના મનુષ્યને પોતાને ત્યાં કાયમ રાખવો એ તેને ઠીક ન લાગ્યું. તેણે તેજ વખતે દુર્ગાને પાણીચું આપી દીધું અને તેનો અડધા માસનો પગાર જપ્ત કરી લીધો.

(૩)

કેટલાક માસ બાદ એક દિવસે ડૉક્ટર પોતાના મિત્ર પ્રેમશંકરના બાગમાં ફરવા ગયા. ત્યાંથી તે સારી સારી કલમો લાવવા ધારતા હતા. પ્રેમશંકરને પણ બાગબાનીનો ઠીક પ્રેમ હતો. એ બન્ને મિત્રો આ બાબતમાં સમાનતા ધરાવતા હતા પણ અન્ય સર્વ વિષયોમાં એ બન્ને એક બીજાથી ભિન્ન હતા. પ્રેમશંકર સંતોષી, સરળ અને સહૃદય મનુષ્ય હતો. તેણે કેટલાંક વર્ષ અમેરિકામાં રહીને કૃષિ-વિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો અને અહીં આવીને પણ એજ ધંધાને પોતાની આજીવિકાનો આધાર બનાવી લીધો હતો. માનવ-ચરિત્ર અને વર્તમાન સામાજીક સંગઠનના વિષયમાં તેના વિચારો વિચિત્ર હોવાથી શહેરના સભ્યસમાજના લોકો તેની ઉપેક્ષા

કરતા હતા અને તેને જક્કી લેખતા હતા. એમાં સંદેહ નથી કે તેના સિદ્ધાંતો તરફ લોકોને એક પ્રકારની તાત્વિક સહાનુભૂતિ હતી. પણ તે તાત્વિક સિદ્ધાંતો વ્યાવહારિક હોવાના વિષયમાં તેમને ઘણી શંકા હતી. સંસાર, કર્મ-ક્ષેત્ર છે, મિમાંસા-ક્ષેત્ર નથી. અહિંઆં તો સિદ્ધાંત એ સિદ્ધાંતજ રહે છે. વ્યાવહારિક ઘટનાઓ સાથે તેનો સંબંધ નથી.

ડૉકટર બગીચામાં પહોંચ્યા ત્યારે તેમણે પ્રેમશંકરને કયારામાં પાણી પાતો જોયો. કુવા ઉપર એક મનુષ્ય પંપથી પાણી કાઢી રહ્યો હતો તેને મહેંદ્રે તરતજ ઓળખ્યો. તે દુર્ગો માળી હતો. તે વખતે ડૉકટરના મનમાં દુર્ગા પ્રત્યે એક વિચિત્ર ઈર્ષ્યાનો ભાવ ઉત્પન્ન થયો. જે નરાધમને તેમણે દંડ કરી પોતાને ત્યાંથી કાઢી મૂકયો હતો તેને આ ઠેકાણે નોકરી કેમ મળી ! જો આ વખતે દુર્ગો ચીંથરેહાલ અને રડતી સુરતે દેખાયો હોત અને ડૉકટરને જોતાંજ તેને પગે પડયો હોત, તો કદાચ ડૉકટરને તેનાપર દયા પણ આવત. સંભવિત છે કે કદાચ તે તેને કાંઇ ઈનામ પણ આપત અને પ્રેમશંકર પાસે તેની કાંઇ પ્રશંસા પણ કરત; કેમકે તેનો સ્વભાવ દયાળુ હોઇ પોતાના નોકરો પર તેની કૃપા-દૃષ્ટિ રહેતી. પણ તેમની એ કૃપામાં, અને તેઓ કૂતરા તેમજ ઘોડા ઉપર જે કૃપા રાખતા તેમાં કાંઇજ ફરક નહોતો. તેમની કૃપાનો આધાર "ન્યાય" પર નહોતો, પરંતુ "દીનદયા"ના સિદ્ધાંતપર રહેતો હતો. દુર્ગાએ ડૉકટરને જોયા કે તરતજ કુવા ઉપર ઉભે ઉભે અદબથી સલામ કરી અને પાછો પોતાના કામમાં લાગી ગયો. તેનું આ અભિમાન ડૉકટરના હૃદયમાં ભાલાની માફક સાલવા લાગ્યું. ડૉકટરે દુર્ગાને પોતાને ત્યાંથી કાઢયા બાદ દુર્ગો સુખી થયો એ વિચારે તેનો ક્રોધ વધ્યો. તેને પોતાની

સહૃદયતાનું જે અભિમાન હતું તેને મહાન્ અઘાત લાગ્યો.જેવો પ્રેમ-શંકર તેની સાથે હાથ મેળવી તેને ક્યારાઓમાં ફરવા લઇ ગયો કે તરતજ ડોકટરે તેને પૂછ્યું "આ આદમી આપને ત્યાં કેટલાક દિવસથી છે ?"

પ્રેમશંકર—છ સાત મહિના થયાં હશે.

ડોકટર—કાંઇ ઉચાપત તો કરતો નથી ને? તે મારે ત્યાં માળી હતો. તેની હાથ ચાલાકીથી થાકી મેં રજા આપી હતી. કોઇ વખત ફુલ તોડી વેચી ખાતો હતો તો કોઇ વખત છોડઉપાડી લઇ જતો હતો. અન્ય ફલફલાદિનું તો કહેવુંજ શું ? તેની આવી ટેવને લીધે તે બચતજ નહિ. એક વખતે મેં મારા મિત્રોને નોતર્યા હતા. આફુસના આંબાપર ઘણી કેરીઓ આવી હતી. જ્યારે બધા આવીને બેઠા ત્યારે હું તેમને ફળ બતાવવા માટે લઈ ગયો તો એકેએક કેરી ગુમ ! બસ પૂછશોજ નહિ કે તે વખતે મારી શું સ્થિતિ થઈ? મેં તેજ વખતે આ મહાશય(!) પ્રત્યે ધિક્કાર દર્શાવ્યો. ઘણોજ દગલબાજ આદમી છે; અને વળી એવો ચતુર કે તેને પકડવો મુશ્કેલ. કોઇ કાબેલ વકીલ જેવો માણસ હોય તોજ તેને પકડી શકે. તે એવી સફાઇ અને ખુબીથી વાત કરે છે કે આપણે તો એના મોઢા સામેજ જોઇ રહીએ. આપને તો કદિ દગો દીધો નથીને ?

પ્રેમશંકર—"જી ના, કદિ નહિ. મને હજુ તેને શિક્ષા કરવાનો પણ પ્રસંગ આવ્યો નથી. અહીંતો ખુબ મહેનત કરે છે અને એટલી કે તે બપોરની રજામાં પણ આરામ લેતો નથી. મને તેના પર એટલો બધો વિશ્વાસ બેસી ગયો છે કે મેં તેના ભરોસે આખો બાગ મૂકી દીધો છે. આખા દિવસમાં જે કાંઇ આવક થાય છે તે મને સાંજના ગણી આપે છે અને તેમાં કદિ એક પાઇનો પણ ફેર પડતો નથી."

ડોકટર—એજ એની ખુબી છે કે આપની ઉંઘે અસ્ત્રે હજામત કરે તો પણ આપને ખબર પડે નહિ. આપ એને શું પગાર આપો છો ?

પ્રેમશંકર—અહીં કોઇને પગાર આપવામાં આવતો નથી. બધાનો લાભમાં સરખો હિસ્સો હોય છે. આખા મહિનામાં લાગતા ખર્ચ જતાં જે કાંઈ બચે છે તેમાંથી દશ ટકા ધર્માદા ખાતે કહાડીને બાકીના રૂપીઆ સર્વ સરખે ભાગે વહેંચી લઇએ છીએ. ગયા મહિનામાં રૂા. ૧૪૦–૦–૦ ની આવક થઇ હતી. અમે, મારા સુદ્ધાં સાત માણસ છીએ. જેથી અમારા ભાગે વીશ રૂપીઆ આવ્યા. આ વખતે નારંગીઓ ઘણી થઇ છે. વટાણાની શીંગો, શેરડી, કોબી આદિની પણ સારી પેદાશ થઇ છે તેથી આ મહિને દરેકને ચાળીશ રૂપીઆથી ઓછા આવશે નહિ.

ડોકટર મહેન્દ્રે આશ્ચર્યથી પૂછ્યું—"આટલામાં આપનો ખર્ચ ચાલે છે ?"

પ્રેમશંકર—જી હા, ઘણીજ સુગમતાથી. હું એ લોકોના જેવાંજ કપડાં પહેરૂં છું અને એમના જેવોજ ખોરાક ખાઉં છું; અને મને બીજું કાંઇ વ્યસન નથી. અહીં માસિક વીશ રૂપીઆ ગરીબોને મફત આપવામાં ખરચાય છે, આ રૂપીઆ સહીઆરી આવકમાંથી જુદા કાઢવામાં આવે છે જેથી કોઇને કોઈ જાતની આપત્તિ થતી નથી. આ સાઇકલ કે જે આપ જુવો છો તે પણ સહીઆરી આવકમાંથીજ ખરીદી છે. જેને જરૂર પડે છે તે તેનો ઉપયોગ કરે છે. મને આ બધાઓ અધિક કાર્યકુશળ માને છે અને સર્વે મારાપર વિશ્વાસ રાખે છે. બસ. હું એ સર્વમાં મુખ્ય છું. હું તેમને જે સલાહ આપું છું તે તેઓ માને છે. કોઇ પણ એમ નથી સમજતો કે તે

કોઇનો પણ નોકર છે. સૌ પોત પોતાને ભાગીદાર-માલિક-માને છે અને તનતોડ મહેનત કરે છે. જ્યાં કોઇ માલિક હોય છે અને બીજા એના નોકરો હોય છે ત્યાં એ બન્નેમાં સદા જુદાઈજ રહ્યા કરે છે. માલિક એમ માને છે કે નોકરથી જેટલું પણ વધારે કામ લેવાય તેટલું લેવું. નોકર એમ ઇચ્છે છે કે જેટલું ઓછું તેટલું ઓછું કરવું. તેમનામાં ખરો સ્નેહ અથવા સહાનુભૂતિનું તો નામ સરખું પણ હોતું નથી. યથાર્થ રીતે જોતાં તેઓ એક બીજાના શત્રુજ હોય છે. એવા ધોરણનું ખરાબ પરિણામ હું અને આપ જોઈજ રહ્યા છીએ. મોટા અને નાના આદમીઓનાં પૃથક પૃથક દળ બની ગયાં છે અને તેમની વચ્ચે ઘોર સંગ્રામ ચાલી રહ્યો છે. ચિહ્નોથી માલમ પડે છે કે હવે આ વિરોધ થોડાજ દિવસનો મહેમાન છે. હવે એને સ્થાને સહકારિતાનું આગમન થવાનું છે. મેં અન્ય દેશોમાં આવા ઘાતક સંગ્રામનાં દૃશ્યો જોયાં છે અને મને તે પ્રત્યે ઘૃણા થઈ ગઈ છે. સહકારી બજાજ આપણને આ સંકટમાંથી મુક્ત કરી શકે તેમ છે.

ડાક્ટર—તો એમજ કહોને કે આપ સોશિયાલિસ્ટ છો!

પ્રેમશંકર—જી ના, હું સોશિયાલિસ્ટ કે ડેમોક્રટ કાંઈ પણ નથી. હું તો કેવળ ન્યાય અને ધર્મનોજ અદના સેવક છું. મારા સમજવા પ્રમાણે વિદ્વત્તા કરતાં નિસ્વાર્થપણું ઘણું ઈષ્ટ છે. હું આપણી આત્મિક અને માનસિક શક્તિઓને, બુદ્ધિસામર્થ્યને, ધન અને વૈભવના ગુલામ બનાવવા માગતો નથી. મને હાલની-આપણા લોકોની સભ્યતા ઉપર અને તેમને મળતાં શિક્ષણ ઉપર વિશ્વાસ નથી. વિદ્યાનું ફળ છે ઉદારતા, સ્વાર્થત્યાગ, સહાનુભૂતિ, ન્યાયપરા-

યણુતા અને દયાશીલતા. જે શિક્ષણ આપણને નિર્બળોને સતાવવા માટે તૈયાર કરે, જે શિક્ષણ આપણને ધરા અને ધનના ગુલામ બનાવે, જે શિક્ષણ આપણને ભોગ વિલાસમાં ડુબાડે, જે શિક્ષણ આપણને બીજાનું રક્ત પીને પુષ્ટ થવાને ઉત્સુક બનાવે. તે શિક્ષણ નથી પણ ભ્રષ્ટતાજ છે. જો કોઈ મૂર્ખ મનુષ્ય લોભ અને મોહના પંજામાં ફસાઈ પડે તો તે ક્ષમ્ય છે, પરંતુ વિદ્યા અને સભ્યતાના ઉપાસકોની સ્વાર્થાન્ધતા તો અત્યંત લજ્જાજનક છે. આપણે વિદ્યા અને બુદ્ધિ-બળને વૈભવોના શિખરે પહોંચવાના સાધન–માર્ગરૂપ બનાવી લીધાં છે, પણ વાસ્તવમાં તો તે સેવા અને પ્રેમનાજ શિખરે પહોંચવાનાં સાધન હતાં. મનુષ્ય જેમ વધારે વિદ્વાન હોય છે, તેટલોજ મોટો સ્વાર્થસેવક તે હોય છે એ કેવી વિચિત્રદશા છે? બસ. આપણી સઘળી વિદ્યા અને બુદ્ધિ, આપણો સઘળો ઉત્સાહ અને અનુરાગ બસ એક ધન–લાલસા પાછળજ વપરાય છે. આપણા પ્રોફેસર સાહેબને એક હજારથી ઓછું વેતન મળે તો તેમનું મોઢું ચઢે; આપણા દીવાની અને ફોજદારી ન્યાયાધીશોને સેંકડો અને હજારોના પગાર મળે તો પણ તેઓ પોતાના નસીબનાં રોદણાંજ રડયા કરે છે; આપણા ડોકટર સાહેબો રોગી મરે કે જીવે તો પણ તેમની ફીમાં વાંધો પડે નહિ એમ ઇચ્છે છે; અને આપણા વકીલ સાહેબો (માફ કરજો) ઇશ્વરને એજ પ્રાર્થના કરે છે કે–હે પ્રભુ ! ઇર્ષ્યા અને દ્વેષનો લોકોમાં પ્રકોપ કર કે જેથી અમે સોનાનાં નળીયાં ચડાવી દઇએ ! “ સમય એ ધન છે.” આજ વાકયને અમે ઇશ્વરવાકય સમજી રહ્યા છીએ. આ મહાન્ પુરૂષોમાંની પ્રત્યેક વ્યક્તિ, સેંકડો નહિ પણ હજારો–લાખો ગરીબોની આજીવિકા ગડપ કરી જાય છે, તો પણ તે જાતિના ભકત હોવાનો દાવો કરે છે અને પોતાના સ્વજાતિપ્રેમનો ડંકો

વગાડતા ફરે છે ! પેદા બીજા કરે, પરસેવો બીજા ઉતારે અને ખાવું તથા મુછોપર તાલ દેવો એ એમનું કામ ! મારા માનવા પ્રમાણે **સમસ્ત શિક્ષિત સમુદાય માત્ર નકામોજ નહિ, પણ અનર્થકારી પણ છે.** આ હકીકત ખરીજ હોય તો બોર્ડીંગો અને સ્કુલો કહાડી સસ્તી કીર્તિ ખાટી રહેલાઓએ પણ એવા દેશની જળોરૂપ શિક્ષિતોની સંખ્યા વધારનારાં કર્મોથી વિરમવુંજ ઘટે છે.

ડોકટરે ઘણાજ ધૈર્ય સાથે પૂછ્યું—તો શું તમારી એવી મરજી છે કે અમો સઘળાઓ મજુરી કરીએ !

પ્રેમશંકર—જી ના, પરંતુ એમ થાય તો તેથી મનુષ્ય જાતિ પર મહાન ઉપકાર થાય. મારો જે વાંધો છે, તે કેવળ માણસ માણસની સ્થિતિઓ વચ્ચે પ્રવર્તી રહેલી અન્યાય ભરી અસમાનતા સામે છે. જો એક મજુર પાંચ રૂપીઆમાં પોતાનો નિર્વાહ કરી શકે છે તો એક માનસિક કામ કરનાર આદમીને માટે એથી બેવડી, તેવડી આવક પુરતી થવી જોઇએ અને એ વધુ આવક પણ એટલાજ માટે હોવી જોઇએ કે તેને કાંઇક ઉત્તમ ભોજન, વસ્ત્ર તથા સુખની આવશ્યકતા હોય છે. પણ **પાંચ અને પાંચ હજારનું, કે પચાસ અને પચાસ હજારનું અસ્વાભાવિક અંતર શા માટે હોવું જોઇએ ?** એટલુંજ નહિ પણ આપણો સમાજ તો પાંચ અને પાંચલાખના અંતરનો પણ તિરસ્કાર કરતો નથી; એ તેની તો ઉલટી અધિક પ્રશંસા કરે છે ! શાસન-પ્રબંધ, વકીલાત, ચિકિત્સા, ચિત્ર-રચના, શિક્ષા, દલાલી, વ્યાપાર, સંગીત અને આવા પ્રકારની સેંકડો અન્ય કળાઓ શિક્ષિત સમુદાયની જીવન-વૃત્તિ બની ચૂકી છે, પરંતુ એમાંની એક પણ કળા મૂળ દ્રવ્યની પેદાશ યા તેમાં

ઉમેરો નથી કરતી. બસ તેનો સઘળો આધાર બીજાઓની મૂળ દ્રવ્યની પેદાશ ઉપરજ છે. મારા લક્ષમાં નથી આવતું કે જે ઉદ્યોગ ધંધાઓ માણસોને જીવતા રાખવાની વસ્તુઓ પેદા કરે છે કે જેનાપર જીવનનું અવલંબન છે તે ધંધાઓને ઉપલા ધંધાઓ કરતાં નીચા સમજવામાં આવે છે કે જે ધંધાઓનું કામ કેવળ મનોરંજન કરવાનું અથવા બહુબહુ તો પૈસા વધારે પેદા કરવામાં મદદ કરવાનુંજ છે! જો આજેજ સઘળા વકીલોને દેશનિકાલ કરવામાં આવે, સઘળો અધિકારી વર્ગ લુપ્ત થઇ જાય અને સઘળા દલાલો સ્વર્ગમાં જાય તો પણ સંસારનું કામ ચાલશેજ; બલ્કે હાલના કરતાં તે વધારે સરલતાથી ચાલશે. ખેડુતો ભૂમિ ખેડશે, વણકરો લુગડાં વણશે, સુથાર, દરજી, લુહાર, ચર્મકાર, સર્વ કોઈ પૂર્વવત્ પોતપોતાનું કામ કરતાજ રહેશે. તેમનીજ પંચાયતો તેમના દુઃખોનો અંત આણશે. પણ, જો ખેડુત ન હોય તો આખી દુનિયા ક્ષુધાની પીડાથી વ્યાકુળ થઇ જાય! આમ છતાં આવો મહત્વનો ધંધો કરનાર ખેડૂતને માટે માસિક પાંચ રૂપીઆ ઘણા માનવામાં આવે છે અને વકીલ અથવા ડાકટરને માટે પાંચ હજાર પણ પુરતા નહિ!!

ડાકટર--આપ અર્થશાસ્ત્રનો પેલો મહત્વપૂર્ણ સિદ્ધાંત ભૂલી જતા લાગો છો, કે જે સિદ્ધાંતને Division of labour 'શ્રમ વિભાગ' કહે છે. પ્રકૃતિએ પ્રાણીઓને ભિન્નભિન્ન શક્તિઓ આપી છે અને તેના વિકાસને માટે ભિન્નભિન્ન સ્થિતિઓની આવશ્યક્તા છે.

પ્રેમશંકર—હું ક્યારે એમ કહું છું કે પ્રત્યેક મનુષ્યે મજુરીજ કરવી જોઇએ. ના. જેને પરમાત્માએ વિચારવાની શકિત આપી છે તે શાસ્ત્રોનું વિવેચન કરે, જે ભાવનામય હોય તે કાવ્ય રચના કરે

અને જેને અન્યાય ન ગમતો હોય તે વકીલાત પણ કરે. મારૂં કહેવું તો માત્ર એજ છે કે ભિન્નભિન્ન ધંધાઓના દરજ્જામાં અને તેનો બદલો મેળવવામાં આટલો બધો જુલ્મી ફેરફાર રહેવો જોઇએ નહિ. માનસિક અને ઔદ્યોગિક કામો વચ્ચે આટલો તફાવત છેકજ ન્યાયની વિરૂદ્ધ છે. અનિવાર્ય આવશ્યક્તાવાળા ધંધાઓની ઉપર અનાવશ્યક અને જેના વગર ચાલી શકે એવા ધંધાઓની પ્રધાનતા હોય. એ પ્રકૃતિના નિયમોથી છેકજ ઉલટું છે. કેટલાક સજ્જનોનો એવો મત છે કે એમ નહિ રહે તો ગુણી લોકોના અનાદર થશે અને સંસારને તેમના સદ્વિચાર અને સતકાર્યોથી લાભ પહોંચી શકશે નહિ. પરંતુ આવું કહેનારા ભૂલી જાય છે કે સંસારના મોટામાં મોટા પંડિતો, મોટામાં મોટા કવિઓ, મોટામાં મોટા શોધકો અને **મોટામાં મોટા શિક્ષકો ધન અને પ્રભુતાના લાભ-લોભથી મુક્ત હતા.** આપણા અસ્વાભાવિક જીવનનું એક ખરાબ પરિણામ એ પણ છે કે આપણે બળાત્કારે કવિ અને શિક્ષક બની બેસીએ છીએ ! અત્યારે સંસારમાં જે અગણિત લેખક અને કવિ, વકીલ અને શિક્ષક વર્ગ ઉભરાઇ જાય છે તેઓ સર્વ પૃથ્વીપર માત્ર ભાર રૂપ થઇ રહ્યા છે. જ્યારે તેમને માલમ પડશે કે આ દિવ્ય (!) કળાઓમાં કાંઇ લાભ નથી ત્યારેજ તે લોકોને જનસમાજ કવિ છે નહિ કે જોઇ જાણી શકશે. સંક્ષેપમાં એજ કે ધનના અસામાન્ય લોભે અને ઉપરીપણાએ આપણા સમસ્ત સમાજને ઉલટ-પુલટ કરી દીધો છે.

ડોકટર મહેન્દ્ર અધીરા થઇ ગયા અને બોલ્યા-મહાશય સમાજ -સંગઠનનું આ રૂપ ભલે દેવલોકને માટે ઉપયુક્ત હોય પણ ભૌતિક

સંસારને માટે અને આ ભૌતિક કાળમાં તો તે કદાપિ ઉપયોગી થઈ શકશે નહિ.

પ્રેમશંકર—અલબત્ત, એ કાગના વાઘની પેઠે વૃથા બ્હીવરાવનારી માન્યતાને લીધેજ અદ્યાપિર્યંત ધનવાનોનું, જમીનદારોનું અને શિક્ષિત સમુદાયનું પ્રભુત્વ જામેલું અને ટકેલું છે. પણ આથી પહેલાંયે કેટલીક વખત આ પ્રભુત્વને ધક્કા પહોંચી ચુકયા છે અને ચિહ્નોપરથી માલુમ પડે છે કે નજદિકના ભવિષ્યમાં ફરીથી પણ તેનો પરાજય અવશ્ય થવાનો છે; અને કદાચ તે પરાજય નિર્ણયાત્મક હંમેશ માટેનો પણ થાય. સમાજનું ચક્ર સામ્યથી આરંભ થઈ પાછું સામ્યપરજ સમાપ્ત થાય છે. એકાધિપત્ય, જમીનદારોનું પ્રભુત્વ અને વાણિજ્યનું પ્રાબલ્ય એ તેની મધ્યવર્તી દશાઓ છે. વર્તમાન ચક્રે એ મધ્યવર્તી દશાઓનો ભાગ લીધો છે અને તે પોતાના અંતિમ સ્થાનની નજદીક આવતું જાય છે પણ આપણી આંખો અધિકાર અને પ્રભુતાના મદથી એવી ભરેલી છે કે આપણને આગળ કે પાછળનું કાંઈ સુઝતું નથી. ચારે બાજુથી જનતાવાદનો ઘોર નાદ આપણા કાને આવે છે. પણ આપણે એવા નિશ્ચિંત-જડ છીએ કે આપણે તેને સાધારણ મેઘ ગર્જનાજ માનીએ છીએ, આપણે તો હજી એવીજ વિદ્યાઓ અને કળાઓમાં લીન-લુબ્ધ છીએ કે જે વિદ્યા-કળાઓનો આધાર માત્ર બીજાઓની ખરી મહેનતપરજ છે; આપણાં વિદ્યાલયોની સંખ્યા વધતીજ જાય છે; આપણાં વકીલખાનાંઓમાં હવે તણખલું પણ મૂકવાની જગ્યા નથી; ગલીએ ગલીએ ચ્હા કોફીની દુકાનો અને આહારગૃહો તથા ફોટો સ્ટુડીઓ નીકળ્યા કરે છે, અને ડોકટરોની સંખ્યા રોગીઓની સંખ્યાથી પણ વધી જશે એવો ભય લાગે છે! આટલું છતાંયે હજુ આપણી આંખો ઉઘડતી નથી.

આપણે હજી પણ આ અસ્વાભાવિક જીવન—આ સભ્યતાના જાદુથી બહાર નીકળવાની કોશીષ કરતા નથી. આપણે શહેરોમાં કારખાનાંઓ અને દુકાનો ખોલતા ફરીએ છીએ; અને તે બધું એટલાજ માટે કે મજુરોની મહેનતથી આપણે જબ્બર બનીએ! ૩૦ થી ૪૦ ટકા લાભની કલ્પના કરીને આપણે ફૂલ્યા સમાતા નથી પણ કોઈ જગ્યાએ જોવામાં આવતું નથી કે કોઈ શિક્ષિત સજ્જને કપડા વણવાનું અથવા તો જમીન ખેડવાનું* શરૂ કર્યું હોય. જો કોઇ દુર્ભાગ્યવશ એવું કરે તો ઉલટી તેની મશ્કરી કરવામાં આવે છે. બસ આપણે તો એમનેજ માનપ્રતિષ્ટા યોગ્ય માનીએ છીએ, કે જેઓ ગાદીતકીએ બેસી રહે, હાથ પગ ન હલાવે અને લેવડદેવડમાં વ્યાજ વટાવમાં લાખોની ઉથલપાથલ અને પેદાશ કરતા હોય...

આ વાત ચાલતી હતી એવામાંજ દુર્ગો માળી એક ટોપલીમાં નારંગીઓ, ગોબીનાં ફુલ, અખરૂટ, વટાણાની શીંગો આદિ ગોઠવીને લાવ્યો અને તે સઘળું ડાકટર સાહેબની સામે મૂક્યું. તેના ચહેરાપર એક પ્રકારનો ગર્વ હતો જાણે કે તેનો આત્મા જાગૃતજ થઈ ગયો છે. તે ડાકટર સાહેબની સામે એક માંચડાપર બેસી ગયો અને બોલ્યો "સાહેબ આપને કયી કયી કલમો જોઇએ છે? આપ મહેરબાની કરી શેઠને એક કાગળ પર નામ ઉતારી આપશો તો હું કાલે આપના મકાન પર પહોંચતી કરીશ. આપનાં બાલબચ્ચાં તો સારી પેઠે છે ને?"

---

* ગુજરાતમાં ગાંધીજીના સત્યાગ્રહાશ્રમ જેવી લાખો પૈકી કોઈ કોઇ સંસ્થા હોય એજ માફ.

ડોકટરે કાંઈક સંકોચાઇને કહ્યું " હા, બાળકો સારાં છે; તું અહીં સારી પેઠે છે ને ?"

દુર્ગો—જી હા, આપની દયાથી ઘણી સારી રીતે.

ડોકટરે ઉઠીને ચાલવા માંડયું. પ્રેમશંકર તેને વિદાય કરવા માટે દરવાજા સુધી આવ્યો. ડોકટર મોટરમાં બેસી " મિયાં પડયા પણ ટંગડી ઉંચી " કહેવતને સાર્થક કરતા હસતા હસતા બોલ્યા—" હું આપના સિદ્ધાંતોનો પુરેપુરો પક્ષપાતી નથી, પણ આ એક પશુને મનુષ્ય બનાવ્યો તેમાં તો સંદેહ નથીજ. એ આપના સત્સંગનુંજ ફળ છે. પણ ક્ષમા કરજો. હું ફરીથી પણ કહું છું કે આપ તેનાથી ચેતતા રહેજો. યૂજેનિકસ (સુ–પ્રજા–જનન શાસ્ત્ર) હજુ સુધી કોઈ એવી શોધ નથી કરી શકયું કે જે જન્મ સંસ્કારોને મટાડી શકે !

શાંતિ.

(૧)

વૃદ્ધાવસ્થાને લીધે રાયબહાદુર રામચંદ્રદત્તનો સ્વભાવ જરા ચીઢીઓ થઈ ગયો હતો; અને તેથી સંસારનાં બધાં સુખ હોવા છતાં પણ એમના હૃદયમાં શાંતિ ન હતી. મનુષ્યના હૃદયને શાંતિ ઘણી પ્રિય હોય છે. અને તે સદા શાંતિની તૃષ્ણાથી વ્યાકુળ રહે છે. રાયસાહેબને ત્યાં કોઇ પ્રકારની ખોટ નહતી; ધન પણ કમી ન હતું; પરિવાર પણ ભરપૂર હતો; પુત્ર, પુત્રીઓ, અને પૌત્ર ઇત્યાદિ બધાં હતાં–માત્ર ન હતી હૃદયમાં શાંતિ !

રાયસાહેબ એક દિવસ વિચાર કરતા બેઠા હતા કે કયા પ્રકારથી હૃદયને શાંતિ મળે ? તેઓ પોતાના પાછલા જીવન ઉપર વિચાર કરી રહ્યા હતા. તેઓ ચિંતન કરતા હતા કે હું એક દિવસ કહેતો હતો કે જો હું લક્ષાધિપતિ બની જાઉં તો મારો વખત બહુજ શાંતિમાં વિતશે અને મારે કોઈ પ્રકારની ન્યૂનતા નહિ રહે. કોઇ પ્રકારની સામગ્રીની ખોટ નહોય એજ સુખશાંતિ. એમ હું એ સમય સમજતો હતો. ઇશ્વરે જ્યારે ધન આપ્યું અને લક્ષાધિપતિ બનવાની મારી અભિલાષા પૂર્ણ થઇ ત્યારે વળી એવી ઇચ્છા થઇ આવી કે કોઈ ઇલકાબ મળે તો પછી મારે બીજું કાંઇ ન જોઇએ અને પછી મારૂં બાકીનું જીવન શાંતિથી પુરૂં કરી શકીશ. ઇશ્વરે મારી આ અભિલાષા પૂરી કરી દીધી અને રાયસાહેબનો ઇલ્કાબ મળ્યો. પરંતુ તે પછી મેં મારૂં હૃદય તપાસ્યું તો તેમાં શાંતિ આવેલી જણાઇ નહિ; એક વાસના પૂરી થાય તે પહેલાંજ બીજીનો જન્મ થતો.

પુત્રની અભિલાષા પુર્ણ થતાં પૌત્રની થઇ. તે પૂરી થતાં કોઇનું લગ્ન કરવાની તો કોઇની સગાઇ કરવાની બાબતો નીકળ્યાજ કરતી. બસ બધું મિથ્યાજ છે. લોકો કહે છે કે સાંસારિક સુખોમાં શાન્તિ છે—વાસનાઓ પૂર્ણ થવામાં શાંતિ છે. પરંતુ સત્ય તો એજ છે કે શાંતિ કશામાંજ નથી. જો શાન્તિ હોય તો સંસારને ત્યજવામાં અને સંન્યાસી બની જવામાંજ છે. જો એમ ન હોય તો મોટા મોટા યોગીઓ અને જ્ઞાનીઓ સંસાર છોડીને સંન્યાસ કેમ લે છે? ઠીક છે, આ સંસારને છોડી દેવાથી મારા મનને વિશ્રામ મળે છે.

રાયસાહેબ આ વિચારોમાં હતા એટલામાં પાછળનો દરવાજો ઉઘડયો અને તેમનો સૌથી મોટો દિકરો અંદર આવ્યો. રાયસાહેબે ચમકીને તેને પૂછ્યું: " કૃષ્ણ શું છે ? "

કૃષ્ણદત્ત ક્રોધે ભરાયો હતો; બાપે એટલું પૂછતામાં તો તે કઠણ શબ્દોમાં બોલ્યો, "શું હોય ? વિષ્ણુદત્તે (કૃષ્ણદત્તના નાના ભાઇએ) તો બસ મારા નાકમાંજ દમ લાવી દીધો છે! એનોજ હુકમ ચાલે એમ એ ઇચ્છે છે. આજ મારે એક જરૂરના કામે જવું હતું. મેં કહાવ્યું હતું કે આજ મોટર બીજે ન જાય; પરંતુ કોઇનું કામ થાય વા બગડે તેની એને શી પરવા!"

રાયસાહેબ—તો આખરે એણે કર્યું શું?

કૃષ્ણ—કર્યું શું? મોટર લઇને કંઇક ચાલ્યો ગયો. અનવરખાં શોફરે કહ્યું કે મોટા બાબુએ પોતાના કામ માટે મોટર રોકેલી છે. પણ તે તેણે ન માન્યું અને ઉલટી તેને બેચાર ખરી ખોટી સંભળાવી દીધી. આખરે નોકરનું શું ચાલે? તેને તો મોટર લઇજ જવી પડી.

રાયસાહેબ નમ્રતાપૂર્વક બોલ્યા, "ખેર, હવે તો લઈ ગયો. તું ગાડી જોડાવ અગર ઘોડા ઉપર જા."

કૃષ્ણ—તમે પણ કહી દીધું કે ગાડી જોડાવ કે ઘોડા ઉપર જા ? આમજ તેનું સાહસ વધતું જાય છે. તે સમજે છે કે બાપુજી તો કંઇ બોલતાજ નથી એટલે ચાહે તેમ કરે છે.

રાયસાહેબ—"તો આખરે તું ચાહે છે શું ?"

કૃષ્ણ—ચાહું છું એ કે મારે માટે એક બીજી મોટર મંગાવો. ગાડી ઘોડા ઉપર જવા આવવાનું મને ફાવતું નથી ને મોટર ઉપર નાના બાબુનો અધિકાર. હું બહુજ ગમ ખાઇને રહ્યો છું નહિ તો રોજ ઝઘડા થયા કરે.

રાયસાહેબ—સારૂં, હું તેને સમજાવી દઇશ અને નહિ માને તો તને બીજી મોટર મંગાવી આપીશ.

કૃષ્ણદત્ત જતો હતો ત્યારે રાયસાહેબે ઠંડો શ્વાસ લઇ કહ્યું, "મને એટલી પણ સ્વતંત્રતા નહિ કે ક્ષણભર એકાંતમાં શાંતિપૂર્વક બેસી શકું ! ઉફ્ ! હું તો આ જંજાળથી થાકી ગયો."

એક તરફથી કૃષ્ણદત્ત ગયો કે બીજી તરફથી તરતજ પાછળનું બીજું બારણું ઉઘડ્યું, અને પૂર્ણ ઉમ્મરની બે છોકરીઓ છમ છમ કરતી અંદર આવી. તેઓ પરસ્પરમાં વાત કરતી આવતી હતી. એક કહેતી હતી કે " ગમે તેમ થાય તો પણ હું તો બાપાજીને કહીને આજેજ બનાવરાવીશ."

બીજી બોલી—"તું બનાવરાવીશ તો શું હું નહિ બનાવરાવું ?" રાયસાહેબે પાછા વળીને જોયું. એટલી વારમાં તો બન્નેય તેમના

પાસે આવી પહોંચી. રાયસાહેબ પોતાના મોંપર કિંચિત હાસ્ય લાવીને બોલ્યાઃ " શું છે કૃષ્ણા ? શું બનાવવાની વાતચીત છે ? "

કૃષ્ણા—બાપુજી, આજ હું રાય શ્યામચરણને ઘેર ગઇ હતી. ત્યાં (રાય શ્યામચરણની પુત્રી) સુભદ્રાને માટે આજ હીરાજડિત કંકણ બનીને આવ્યાં છે. બાપુજી શું કહું ! એવાં કંકણ તો મેં કદિ જોયાં નથી. બાપુજી મારે માટે પણ એવાં એક જોડી બનાવરાવો.

બીજી છોકરી—અને મારે માટે પણ.

રાયસાહેબ—તમારી પાસે તો બે ત્રણ કંકણ છે. એજ પહેરવાની વારી નથી આવતી તો બીજાં બનાવીને શું કરશો ?

કૃષ્ણા—બાપુજી, તે એવાં નથી. બાપુજી. મને એવાં બનાવી આપો.

રાયસાહેબ—સારૂં, પણ પહેલાં એને જોઉં તો ખરો ! નમુનો મળશે ત્યારે તેવાં બનશે.

કૃષ્ણા—નમુનો મેળવવો એમાં તે શી મોટી વાત ! એમને ત્યાં માણસ મોકલોને !

રાયસાહેબ—સારૂં; જોઇ લેવાશે.

કૃષ્ણા—નહિ. હમણાંજ મંગાવો; ફરી પાછા તમે ભૂલી જાઓ.

રાયસાહેબની ઇચ્છા આ સમયે જરા એકાંતમાં રહેવાની હતી; પરંતુ છોકરીઓ એવી મંડી કે એમને ઉઠવુંજ પડ્યું અને કંકણ મંગાવવાની તજવીજ કરવી જ પડી !

(૨)

રાય રામચંદ્રદત્તે પોતાના મિત્ર રાય શ્યામચરણને કહ્યું: " તમારું આ કહેવું તો ઠીક છે કે ગૃહસ્થાઇથી વધીને—ખાસ કરીને એવી ગૃહસ્થાઇ કે જેમાં કોઇ પ્રકારની ખામી ન હોય—કોઇ વસ્તુ વધારે સુખદાયક નથી; પરંતુ મને તો સુખની અપેક્ષાએ દુઃખ જ અધિક અનુભવાઇ રહ્યું છે. આજ આ ઝગડા ઉઠીને ખડા થાય છે તો કાલે બીજો ! બસ કાંઇને કાંઇ લપ રોજનું રોજ હોયજ ! ભૂત મુવું કે પ્રેત જાગ્યુંજ હોય ! રોજની માગણીઓનો માર્યો હું તો કંટાળી જ ગયો છું. જમીનદારીનો પ્રબંધ તો વળી જુદો હોઇને તેણે પણ નાકમાં દમ લાવી નાખ્યો ! શું શું કરૂં ને શું શું જોઉં ! ઘરના હાલ પણ એવા કે બસ કોઈ કોઇથી ઉતરે તેમ નથી ! એકનું કર્યું કર્યું, એટલે બીજાનું મોઢું ચઢ્યું જ હોય ! બિમારીએ પણ બસ જાણે ઘરમાં અડ્ડોજ જમાવ્યો છે; આજ એકને તાવ, બીજાને સળેખમ ! એક હજી સાજનું ન થયું હોય ત્યાં બીજું પડ્યું જ હોય ! કોઇ ઘડી એવી નથી જતી કે જેમાં ચિંતાથી બચું. દિવસમાં એક કે અર્ધો કલાક પણ હું શાંતિમાં ગાળી શકતો નથી.બતાવો, શું કરૂં ? "

રાય શ્યામચરણ મંદ હાસ્ય કરતા બોલ્યા: " ગૃહસ્થાઇનું સુખ તો એજ છે; એને દુઃખ સમજવું એ જ મારી સમજ પ્રમાણે મોટી ભૂલ છે. "

રાય રામચંદ્ર—સંભવ છે કે કોઇ લોકોને એમાંથી સુખ પણ મળતું હોય, પરંતુ ભાઇ ! મને તો એ ઘોર દુઃખજ જણાય છે.

રાય શ્યામચરણ—તો તમે શું ચાહો છો ?

રાય રામચંદ્ર—હું તો હવે એ ચિંતાઓમાંથી છૂટકારો માગું છું.

અને ચાહું છું કે મારા બાકીના દીવસ શાંતિપૂર્વક ઇશ્વરભજનમાં ગાળી શકું.

રાય શ્યામચરણ આ વાત ઉપર ખૂબ હસ્યા અને બોલ્યા: " તો એમજ કહોને કે મોક્ષની તૈયારી કરવા ચાહો છો !"

રાય રામચંદ્ર ગંભીરતાથી બોલ્યા: " આ હસવાની વાત નથી. મોક્ષને માટે તૈયારી કરવી એ તો બહુ કઠિન વાત છે. હું તો કેવળ એટલુંજ ચાહું છું કે મારા હૃદયમાં શાંતિ રહે."

રાય શ્યામ.—હૃદયને શાંત રાખવું એ તો માણસની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓ જંજાળમાં ફસાઇ રહ્યા છતાં કદિ અશાંતિની ફરીયાદ નથી કરતા; અને તમારા જેવા પણ ઘણાક છે કે જેમને કદિ કોઈ પણ અવસ્થામાં શાંતિ નથી.

રાય રામચંદ્રને રાય શ્યામચરણની વાત જરા પણ રૂચી નહિ. તે બોલ્યા: " સંભવ છે કે એવા લોક પણ હોય કે જેમને અશાંતિની ફરીયાદ નહિ હોય; પરંતુ મને તો આજ સુધી એવો કોઇ નથી મળ્યો."

રાય શ્યામચરણ બોલ્યા: " એમાંનો એક તો હું જ તમારી સામે મોજૂદ છું."

રાય રામચંદ્ર મૃદુ હાસ્ય કરીને બોલ્યા:–હજી તમારી અવસ્થા પણ કેટલી છે ! તમારે તો હજી સંસારનાં બહુ સુખ લુંટવાં છે. તમારા હૃદયમાં અભિલાષાઓ છે; ઉમંગ છે. તેથી તમને કશા ઉપર અણગમો નથી. જ્યારે મારી ઉંમરે પહોંચો અને શાંતિની ફરીયાદ ન કરો ત્યારે જ હું સમજીશ કે તમે એવી પ્રકૃતિના છો.

રાય શ્યામ૦—ઠીક, ત્યારે બતાવો કે કોઇ ઉપાય તમને જડ્યો ?

રાય રામચંદ્ર—મને તો એ સૂઝયું છે કે સંન્યાસ લઇ લઉં.

રાય શ્યામચરણ આંખ ફાડીને બોલ્યાઃ-સંન્યાસ! આપ શું કહો છો ?

રાય રામચંદ્ર—એ જ મારા હૃદયની સાચી આકાંક્ષા છે.

રાય શ્યામ૦—નહિ, નહિ, એ તો કાંઈ વાત છે! તમારે સંન્યાસ લેવાની જરૂર જ શી છે ?

રાય રામચંદ્ર—તો પછી શું કરૂં ?

રાય શ્યામચરણ કેટલીક પળ વિચાર કરીને બોલ્યાઃ-મારી સમજ પ્રમાણે તો એ ઠીક લાગે છે કે તમે થોડા દિવસ માટે-એટલે બે ચાર મહિના માટે તમારી જાગીરના કોઇ એક નાના ગામડામાં ચાલ્યા જાઓ. ત્યાં રહેવાથી તમારી બધી અશાંતિ દૂર થશે.

રાય રામચંદ્ર—પણ ત્યાં ચાલ્યો જાઉં તો અહીંનો કારભાર કોણ કરે ?

રાય શ્યામ૦—ત્યારે તમે સંન્યાસ લઇ લેશો ત્યારે કોણ કરશે !

રાય રામચંદ્ર—ત્યારે તો કોઇ કરે વા ન કરે તેનું મારે શું ! સંસાર સાથે નાતો છોડી દીધા પછી મારે એની શી ચિંતા ?

રાય શ્યામ૦—પરંતુ બે ચાર માસ તો તમારા બાહોશ મુનીમ પણ કામ ચલાવી શકે. તમે કમમાં કમ એટલું તો કરી જ જુઓ, એમાં સફળતા ન મળે તો પછી જેમ યોગ્ય લાગે તેમ કરજો. તમે જશો તો હું પણ ત્યાં આવીશ અને તમે રહેશો ત્યાં સુધી તમારી સાથે રહીશ.

રાય રામચંદ્ર—વારૂ, એ પણ ઠીક છે. એ કરી જોઇએ.

(૩)

સાંજના પાંચ વાગી ચુકયા છે. લક્ષ્મણપુરનો ખેડુત આ
દિવસ ખેતરમાં કામ કરીને ઘેર આવી થાકયો પાકયો ખાટલા
આળોટી રહ્યો છે. રાય રામચંદ્ર દત્ત અને રાય શ્યામચરણ
સમગે ફરવા નીકળ્યા છે અને એક બીજા સાથે વાતચીત કર
કરતા ધીમી ગતિથી જાય છે.

રાય રામચંદ્ર દત્ત બોલ્યાઃ "ભાઇ. આટલી વાતમાં તો જ
પણ સંદેહ નથી કે જે આનંદ ગામડામાં મળે છે તેનો સામો ભ
પણ શહેરમાં નથી જુઓ કેવો સુંદર દેખાવ છે! ઘાસ કેવું લ
લીલું છે? આથમના સૂર્યનાં કિરણો લીલા ઘાસ ઉપર કેવી શો
આપી રહ્યાં છે! હવા પણ કેટલી મંદ અને શિતળ છે!"

રાય શ્યામ૦—ભલા, એવો આનંદ શહેરમાં તે કયાંથી
ત્યાંના બાગ બગીચા અને બધું જ કૃત્રિમ હોય છે. અહિંયાં
બનાવટનું નામ જ નહિ: જે છે તે કુદરતી છે. જુઓ સામે રૂ
ઝાડ ઉભું છું. એના ઉપર એક પણ પાંદડું નથી; તોયે આટ
લીલાં ઝાડ વચ્ચે તે કેવું સારૂં દેખાય છે! તે પોતાની જૂદી
સુંદરતા ધરાવે છે. અહીંનું સુકું ઘાસ અને ઝાડી પણ પોતા
અલગજ સુંદરતા ધરાવે છે.

રાય રામચંદ્ર—બેશક; ખેડુતો પણ જુઓ કેટલા પ્રસન્ન છે
આખો દિવસ કામ કરીને આ થાકયો હાર્યો બળદ જોડી ઘેર જ
છે, તે છતાં પણ ચાલતો ચાલતો આનંદથી કેવું ગાઇ રહ્યો છે! પર
ભાઇ, આ લોકમાં દરિદ્રતા બહુ છે.

રાય શ્યામ૦—દરિદ્રતા ન હોય તો શું હોય? મોસમમાં તે બિચારા જેટલું પેદા કરે છે, તેમાંથી કેટલુંક તો સરકાર ધારો ભરવામાં ચાલ્યું જાય. કેટલુંક કરજમાં અને વ્યાજમાં જતું રહે; કેટલુંક બાવા, બ્રાહ્મણ, હવાલદાર, ચોરો, મંદિર, વસવાયાં વગેરેના લાગામાં તણાઇ જાય; અને થોડું ઘણું જે બચવા પામે તે પેટ ભરવા માટે પણ મુશ્કેલીથી પૂરતું થાય; એટલે પછી તેઓ દરિદ્ર ન હોય તો બીજું શું? આવી દશામાં એમની પાસે એટલાં સાધન પણ ક્યાંથી હોય કે જેથી તેઓ પોતાની જમીનમાં વધારે પાક ઉપજાવી શકે! વળી પોતાની ખેતીને સુધારવાથી પણ શો લાભ? ખેડુત બદલાવાનો ભય તો સદા ઝઝુમ્યાજ કરતો હોય એટલે મહા મહેનતે કાંઈક કરે તો પણ ખેડુત બદલાયો એટલે વૃથા જાય!

રાય રામચંદ્ર—ખરી વાત છે. વારૂ ચાલો, આવો પેલા ઝાડની ઘટામાં બેસીએ.

બન્ને જણ ત્યાં જઇ એક પત્થર ઉપર બેઠા. ત્યાં ચોતરફ વૃક્ષોની ઘન ઘટા તથા ઝાડી આવી રહી હતી.

રાય શ્યામ૦—આપણને અહીં આવ્યે પંદર વીસ દીવસ થઇ ગયા; એટલા દિવસમાં તમને કંઇ શાંતિ મળી?

રાય રામચંદ્ર કંઇક દીલગીરીથી મૌન રહ્યા પછી બોલ્યા:—"સુખ તો અવશ્ય મળ્યું; પરંતુ એ કંઇ વાસ્તવિક શાંતિ નથી. મનમાં કંઇક ઉદ્વેગ રહ્યાજ કરે છે."

રાય શ્યામ૦—ખેર, હજી તો દિવસ પણ કેટલા થયા છે! ધીમે ધીમે તમને શાંતિ મળશે.

રાય રામચંદ્ર—મળે તો ના નહિ, પણ મને તો આશા નથી. મારૂં હૃદય તો કહે છે કે આ પ્રકારથી શાંતિ નહિ મળે.

રાય શ્યામ૦—હું ધારૂં છું કે તમે કંઈક નિરાશાવાદી છો.

રાય રામચંદ્ર—મારા જેવી દશા જો તમારી થાય તો તમે પણ નિરાશાવાદીજ થાઓ.

રાય શ્યામ—ત્યારે શું તમે એમજ ધારો છો કે તમને આ પ્રકારથી શાંતિ નહિ મળે ?

રાય રામચંદ્ર૦—મારૂં તો એમજ માનવું છે.

રાય શ્યામ૦—જો તે પ્રકારે નહિ તો પછી કેવા પ્રકારે શાંતિ મળી શકે ?

રાય રામચંદ્ર—હું કહેતો આવ્યો છું તેમ સંસારત્યાગ કરીને સંન્યાસ લેવાથી.

રાય રામચંદ્રના મોઢામાંથી આ વાક્ય નીકળ્યું એટલામાં તો એક બાજુથી ઊંચે સ્વરે હસવાનો અવાજ સંભળાયો. બન્ને મિત્રો ચમકીને એક બાજુના સામું જોવા લાગ્યા.

રાય રામચંદ્રે કહ્યું: "આ હસવાનો અવાજ કયાંથી આવ્યો!"

રાય શ્યામ૦—કંઇક આટલામાંથીજ આવ્યો.

રાય રામચંદ્ર—હસનારનો અવાજ પણ ઘણો ગંભીર માલુમ પડે છે.

રાય શ્યામ૦—આ તરફ તો છે પણ જંગલ જેવું. માણસ છેક પાસે હોય તો પણ દેખાય નહિ.

રાય રામચંદ્ર—હસનારના શબ્દપરથી એમ નથી લાગતું કે તે કોઈ ગામડિયો—

એટલામાંજ સામે થોડેક દુર એક વૃદ્ધ આવતો જણાયો. એના વેશપરથી જણાયું કે તે કોઇ ભિક્ષુ હતો.

રાય રામચરણ ધીમા સ્વરથી બોલ્યાઃ " અહો ! ઠીક છે. ૭ સાત દિનપર એએક ગોવાળીઆ કહેતા હતા કે આ જંગલમાં એક ધરડો બાવો થોડાક દિવસથી આવીને રહ્યો છે. કેવળ દિવસે એકવાર વસ્તીમાં–" રાય શ્યામચરણ ચુપ થયા, કેમકે એટલીવારમાં તો વૃદ્ધ તેમની પાસે આવ્યો. બન્ને જણ ડોસાના મોઢા સામે કેટલીક વાર સુધી જોઇ રહ્યા. ડોસાનો પહેરવેશ વિચિત્ર અને મેલો હતો. ચહેરા ઉપર લાંબી શ્વેત દાઢી હતી; તેની મોટી ભવ્ય આંખોમાં એક વિચિત્ર પ્રકારની ચમક હતી; શરીરનો વર્ણ શ્યામ હતો; તો પણ મુખ ઉપર એવું તેજ હતું કે જેથી બન્ને જણ મૌન રહી તેના તરફ જોઇજ રહ્યા.

ડોસો સામે આવીને ઉભો અને મશ્કરી કરીને બોલ્યોઃ "કોણ સંસારને બુરો કહે છે ? કોનો જીવ સંસારમાંથી ઉઠી ગયો છે ? કોણ સંસાર છોડીને સંન્યાસી બનવા ચાહે છે ? "

ડોસાએ આ શબ્દો ઘણી નિર્ભયતાથી અને એવી રીતે ઉચ્ચાર્યા કે જાણે કોઈ મહાન વૃદ્ધ રાજા કોઇ નાના બચ્ચાને પૂછતો હોય ! રાય રામચંદ્રને આ ડોસાની ધૃષ્ટતા બૂરી લાગી. પરંતુ મોઢેથી કંઇપણ બોલવાનું સાહસ તે ન કરી શકયા. શ્યામચરણ પણ ચુપકીથી બેસી રહ્યા.

ડોસો ફરીથી બોલ્યોઃ " મેં હમણાંજ સાંભળ્યું હતું કે કોઇ સંસાર છોડીને સંન્યાસી બનવાનું કહેતું હતું. "

આ વખતે શ્યામચરણ સાહસ કરીને બોલ્યા–"મારા આ મિત્ર ગૃહસ્થાઇની અશાંતિથી કંટાળ્યા છે; એને લીધે કહેતા હતા કે મારે સંન્યાસી બનવું છે. એ કહેતા હતા કે હૃદયમાં શાંતિ નથી. "

ડોસો કેટલીક ઘડી રાય રામચંદ્ર તરફ જોઇ રહ્યા પછી ફરીથી હસીને બોલ્યો: " શાંતિ ચાહો છો ? સંસાર છોડી જંગલમાં રહીને અથવા કોઇ ઝુંપડી કે પર્વતની ખોમાં શાંતિ શોધવા ચાહો છો ? તમારો આત્મા ભુલાયો છે અને હૃદય ભ્રમમાં પડ્યું છે. સંસારથી કશુંજ બહાર નથી. જંગલ પણ સંસારમાં છે; પહાડ પણ સંસારમાં છે; તમે પણ સંસારમાં છો; ત્યાગીઓ અને તવંગર લોકો પણ સંસારમાં છે, જ્ઞાન અને અજ્ઞાન અશાંતિને શાંતિ બધું સંસારમાંજ છે. પહાડમાં સંસાર છે. જંગલમાં સંસાર છે, ગૃહસ્થાઇમાં સંસાર છે, ત્યાગમાં સંસાર છે, તમારામાં સંસાર છે, મારામાં સંસાર છે. શરીર અને મન પોતેજ સંસાર છે; જ્યાં સુધી એ બે વસ્તુઓ છે ત્યાં સુધી કદિ તે છૂટી શકતો નથી. તે તમારા શરીરમાં છે, મનમાં છે, તમારા રોમેરોમમાં છે. ગૃહસ્થાઇ કે વસ્તીથી અલગ રહીને તમે શાંતિ મેળવવા ચાહો છો ? તે ભૂલ છે. એ પ્રકારથી શાંતિ મળે છે ખરી, પરંતુ એ પ્રકાર હજુ તમારે માટે દૂર છે, અને વસમો છે. તમારા જેવા લોક કે જેમના આયુષ્યનો મોટો ભાગ વિષય વાસનાઓ પાછળ ગયો છે તેઓ સંન્યાસી બનીને કદિ પણ શાંતિ નહિ મેળવી શકે. કોઇ પણ અસાધારણ બાબત જુવાનીમાંજ સારી રીતે બની શકે છે. પણ એ અવસ્થામાંજ સંન્યાસનો વિચાર કોઈ પૂર્વના યોગભ્રષ્ટનેજ આવી શકે છે. અને તે સાંસારિક એકાંતની શાંતિને ખાતર, લૌકિક શાંતિને ખાતર નહિ પણ અમાપ અદ્દભૂત આનંદમયી સદાની શાંતિ અર્થેજ હોય છે; અને તેને માટેની અસામાન્ય સાધના પણ બલિષ્ટ યુવાવસ્થામાંજ બની શકે છે. તમારે માટે માર્ગ છે તે નજીકને પગથિયેજ પગ મૂકવાનો છે; અને તે પગથિયું તે નિષ્કામ લોકસેવાનું છે જે શાંતિને તમે ઇચ્છો છો

તે તમને એજ ડગલામાં મળી શકે તેમ છે. તમે ચાહો ત્યારે તે મેળવી શકો. તેને માટે સૌથી ટુંકો માર્ગ નક્કી કરવાની આવશ્યક્તા છે. તમારા નાનકડા ઘર–કુટુંબને બદલે તમારા ગામ કે દેશને ઘર સમજી તેના રહેવાસીઓને કુટુંબ માનો. જો તમારી પાસે ધન હોય તો પૂર્ણ વિચાર અને કાળજી રાખી તેમના ભલા પાછળ તે ખરચીને તમે ઇચ્છો છો તેથી પણ વધુ શાંતિ મેળવી શકશો. હજારો લોક અજ્ઞાન અને નિર્ધન છે તેમને ધનવાન અને જ્ઞાનવાન બનાવવાની કોશીષ કરો; એમને ઉદ્યોગ ધંધા શીખવો; વિદ્યાલય અને પાઠશાળા ખોલો; અનાથો માટે આશ્રમો બાંધી તેમને ધંધાનું અને ધર્મનીતિનું જ્ઞાન આપો, ગરિબ બહેનોની આપત્તિઓ અને હરકતો જાણીને તેના ઉપાય કરો, તેમને તેમના ધંધામાં વધુ કુશળતા અને પેદાશ વધે તેવું શિક્ષણ અપાવો; તમારાથી સહેલાઇથી બની શકે એવાં તમારા અધિકારને ખાસ બંધબેસતાં થઇ પડે એવાં આવાં કામો કરવાં એજ હવે તમારો સ્વધર્મ છે; એ ધર્મ બજાવશો ત્યારેજ શાંતિ મળશે.

જો તમારી પાસે ધન ન હોય ને વિદ્યા હોય તો તમારા સહસ્રો મૂર્ખ ભાઇઓને વિદ્વાન બનાવો એટલે તમને સાચી શાંતિ મળશે. જો તમારામાં બળ હોય તો તમારા અસંખ્ય બળહીન ભાઇઓને બળવાન બનવાનો માર્ગ બતાવો એટલે તમને શાંતિ મળશે. કેવો સીધો માર્ગ! કેટલો સહેલો ઉપાય! ભૂલ છે, ભૂલ છે, તમારે સંસારથી અલગ થઇને શાંતિ શોધવી એ ભૂલજ છે. પોતાની શક્તિ અને સાધનનો વિચાર ન કરતાં દૂરદૂરના વિચાર કરવા એનું નામજ ભ્રમણા છે. પરમાર્થ કરો, પરોપકાર કરો. એમાંજ તમને શાંતિ મળશે અને એ શાંતિ તમને પરમ શાંતિરૂપ મોક્ષના અધિકારી પણ બનાવશે."

આટલું કહીને વૃદ્ધ ફરીથી જોરથી હસ્યો અને "ભૂલ છે-ભૂલ છે" એમ બબડતો બબડતો ચાલ્યો ગયો. બન્ને મિત્રોએ એક બીજાની સામે જોયું. રાય રામચંદ્રે એક લાંબો શ્વાસ લઇને કહ્યું: "બેશક હું ભૂલ્યો હતો—હું ભ્રમમાંજ પડયો હતો!"

(૪)

ઉપલા બનાવને બે વર્ષ વીતી ગયા પછી બન્ને મિત્રોની જોડી આજે એક જગ્યાએ વાત કરતી બેઠી છે. રાય શ્યામચરણે હસીને રાય રામચંદ્રને પૂછયું: "કહો જોઇએ હવે તમને શાંતિની ફરિયાદ રહી છે."

રાય રામચન્દ્ર પ્રસન્ન મુખથી બોલ્યા: "જરા પણ નહિ. આ બે વર્ષમાં તો મેં ગામડાઓમાં દસ પંદર પાઠશાળાઓ ખોલાવી છે; છ સાત અનાથાશ્રમો ખોલાવ્યાં છે; અત્યંત ગરીબ બાળકોને મદદ આપીને આગળ ભણવાની સુગમતા કરી આપી છે; મારી જમીનદારીમાંથી ખેડુત બદલવાનો રિવાજ એકદમ ઓછો કરી નાખ્યો છે; અને ખેડુતોને નાણાંની તેમજ ખેતીવાડી ખીલવવાના જ્ઞાનની મદદ આપીને તેમની ખેતીની ઉન્નત્તિ કરી રહ્યો છું. જ્યારે જ્યારે એ અનાથાશ્રમમાં અનાથ બાળકોને હસતાં રમતાં જોઉં છું, ગામડાંમાં શિક્ષણની અને ખેડુતોની થવા માંડેલી ઉન્નત્તિ ઉપર દૃષ્ટિ નાખું છું અને જેઓને વિદ્યાપ્રાપ્તિ માટે કોઇ પ્રકારની મદદ ન હતી તેઓને વિદ્યાનો લાભ લેતા જોઉં છું તે તે સમયે મને જે આનંદ થાય છે અને જેટલી શાંતિ મળે છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી."

સચ્ચાઇનું ફળ.

(૧)

વસંતલાલ પર ઘણા લોકો દાઝે બળતા હતા અને તક મળે તો ધીમે રહીને તેની નિંદા પણ કરી લેતા. આ ઇર્ષ્યાનું કારણ એ હતું કે તે સત્યાચરણી અને એકવચની હતો. બેઇમાની કરનારાઓનાં પોકળ તે ખુલ્લાં પાડી દેતો. પછી તે ભલેને ગરીબ હોય કે મોટો તવંગર હોય. શહેરનો ઓનરરી મેજીસ્ટ્રેટ હોય કે મહોલ્લામાં ચણા શેકનારો એક ગરીબ ભાડભૂંજો હોય, ગમે તે હોય પણ તેણે જો સત્ય કે સદાચાર વિરુદ્ધ કાંઇ પણ આચરણ કર્યું હોય તો વસંતલાલ પોતાની નાની સરખી કપડાંની દુકાન પર બેસીને તેનાપર તીવ્ર ટીકાઓ કરતો.

ધીમે ધીમે તે શહેરમાં પ્રસિદ્ધ થઇ ગયો. નાનું છોકરૂં સુદ્ધાંયે જાણતું કે વસન્ત એકવચની છે અને તે કોઇનો પક્ષપાત કરતો નથી. અનેક લોકો તેની પાસે પોતાનાં દુઃખ દર્દની વાતો કહેવા-રોદણાં રડવા-આવતા અને વસન્ત પણ પોતાના સમયનો ભોગ આપીને તેમની કહાણી ધ્યાન દઇને સાંભળતો અને પોતાથી બનતી મદદ કરતો.

ઈ. સ. ૧૯૦૭ માં સ્વદેશીના સપાટાની સાથે બોયકોટનો પવન દેશમાં પુર જોશથી ફુંકાતો હતો તે સમયે ખોટો ડોળ કરનારાં વરસાદી દેડકાં બહુ ઉત્પન્ન થયાં હતાં. સ્વાર્થસાધુ દુકાનદારોએ પોતાની દુકાનપર 'અહિં સ્વદેશી માલ મળે છે.' 'ગંજાવર

સ્વદેશી માર્ટ' ઇત્યાદિ મોટાં મોટાં સાઇનબોર્ડ લગાડી દીધાં હતાં. અને જથાબંધ વિદેશી માલમાં બે ચાર તાકા સ્વદેશી માલના રાખીને સઘળો માલ સ્વદેશી તરીકે ખપાવવાનો અને લોકોમાં ચઢી આવેલા દૂધના ઉભરા જેવા આ ઉત્સાહના ઉભરાનો લાભ લેવાનો બનતો પ્રયત્ન કરતા હતા.

શહેરના પ્રસિદ્ધ વકીલ કુંજવિહારીએ તે દિવસે સ્વદેશીની સભામાં એક જુસ્સાભર્યું ભાષણ આપ્યું વિદેશનો વ્યાપાર કેવી રીતે આપણા વ્યાપારને હોઇઆં કરી ગયો અને ગરીબ હિંદનું રહ્યુંસહ્યું ધન પણ પરદેશી માલ કેવી રીતે ઘસડી જાય છે તે વિષયપર જોર-દાર શબ્દોમાં એક પ્રોત્સાહક વ્યાખ્યાન આપ્યું અને સ્વદેશી વસ્તુઓ વાપરવાની પ્રતિજ્ઞા લેવાની શ્રોતાઓને જબરદસ્ત અપીલ કરી. લોકો આ ભાષણથી એટલા તો મુગ્ધ બની ગયા કે હાથ ઉંચા કરી કરીને પ્રતિજ્ઞાઓ લેવા માંડયા. ભાવાવેશમાં, વકીલ સાહેબે પહેરેલી ઈંગ્લીશ ટોપી, વિલાયતી મજલીનનો ડગલો અને સોનાની ફ્રેમનાં ચશમાં તરફ કોઈનું ધ્યાનજ ગયું નહિ! તેઓ જાણે આંખે કંઈ જોતાજ ન હોય એમ જણાતું હતું. તેઓ તો ફક્ત વકીલ સાહેબનું જોરદાર વ્યાખ્યાન સાંભળતા હતા. તેમના કાન ખુલ્લા હતા પણ આંખો બંધ હતી. જનસમાજમાં જ્યારે ક્ષણિક ઉભરો આવે છે ત્યારે સ્વાભાવિકરીતે આવીજ સ્થિતિ થાય છે.

પરંતુ હજારોની ભીડમાંથી આંખવાળો પણ એક જણ નીકળી આવ્યો. તેણે ઉભા થઇને ઉંચા હાથ કરીને કહ્યું: "વકીલ સાહેબ પ્રથમ તો ખુદ આપ સાહેબપરજ પગથી તે માથા સુધી વિદેશી ઢોળ ચડાવેલો છે! આપ નામદારજ પ્રથમ દેશમાં બનેલી ચીજો

વાપરવાની પ્રતિજ્ઞા લ્યો. કાશ્મીરના રેશમ તથા બનારસ કે ભાગલપુરનાં રેશમને માટે આપ નાણુાંની કોથળી છોડવા જેટલો અનુગ્રહ સ્વદેશપર કરવા તૈયાર છો? વ્યાખ્યાન આપ્યા પહેલાં આપે આપની પોતાની સુરત તો દીલના અરીસામાં જોઈ લેવી હતી!"

લોકોના ઉત્સાહના અગ્નિપર આ વાક્યોએ ઘી રેડ્યું, પણ વકીલ સાહેબના ઉત્સાહાગ્નિપર તો આ શબ્દોએ પાણી રેડ્યા જેવીજ અસર કરી. બીચારા એકદમ ચાટ પડી ગયા. એક સાધારણ દુકાનદાર, કે જેને ન્હોતું આવડતું તર્કશાસ્ત્ર કે નહોતા આવડતા કાયદા, તેના એક સાધારણ પ્રશ્નનો ઉત્તર પણ વાણીનાં વડાં કર્યા કરનાર વકીલ સાહેબ ન આપી શક્યા. તેમનું મ્હોં ઉતરી ગયું. ગળામાં કફ ભરાયો; ગળું ખુંખારીને તે ધીમેથી માત્ર આટલુંજ બોલી શક્યા: "ભાઇ, આપનું કહેવું સત્ય છે; હું મારી ભૂલ સુધારીશ."

પોતાના મિત્રની સાથે ઘેર જવાને માટે વકીલ સાહેબ ગાડીમાં બેઠા ત્યારે પણ તેમના મુખ ઉપર હજુ પ્રસન્નતા આવી ન હતી. તેમને જતાં જોઇને લોકોએ હમેશની માફક ન તો તાળીઓ વગાડી, કે નતો 'વન્દેમાતરમ્' નો પોકાર કર્યો. એક પરદેશી મુસાફર રેલ્વે સ્ટેશનપરથી ભાડાની ગાડીમાં બેસીને ઉતારે જાય તેમ વકીલ સાહેબ ગાડીમાં બેસીને ચૂપચાપ ઘેર ઉપડી ગયા. સભામાં તેમનું સ્થાન હવે આપણા સાધારણ વસંતલાલને મળ્યું! લોકો તેને ઘેરી વળ્યા. કોઇ કહેતું કે "ભાઈ ખૂબ કરી. પછવાડેથી તો સહુએ બોલે પણ મ્હોડા પર ઝાડવું એનું નામજ ખરી બહાદુરી." તે સઘળાને જવાબ દેતો કે "ભાઈ, બનવું હોય તો સાચા સ્વદેશી બનો. ખાલી વાતોજ કરવી શા કામની?"

સભા વિસર્જન થઇ ગઇ પરંતુ વકીલ સાહેબના દીલમાં આ વાતનો ડાઘ બેસી ગયો.

(૨)

બીજે દિવસે વસંતલાલ પોતાની દુકાનમાંનાં સઘળાં વિદેશી કપડાંની ગાંસડી બાંધીને કોઇ અંગ્રેજ વેપારીને ત્યાં લઇ ગયો અને થોડી ઘણી ખોટ ખાઇને તે સઘળાં વેચી નાખ્યાં. હવે તેની દુકાને ફક્ત ખાદીનાં શુદ્ધ સ્વદેશી કપડાંજ મળે છે.

ત્રણ વર્ષ વીતી ગયાં. લોકોનો સ્વદેશપ્રેમ અને 'સ્વદેશી'નો નિશો કયારનોએ ઉતરી ગયો હતો. સ્વદેશી માલનાં સાઇનબોર્ડપર ધૂળ ચડી ગઇ. કેટલાકોએ તો તે ઉતારીને પોતાનાં બાળકોને રમવા આપી દીધાં; કેટલાક લોકોએ વળી ટાંગી રાખ્યાં અને સમજ્યા કે ભલેને રહ્યાં આપણું શું જાય છે? દુકાનની શોભા છે. ધૂળ ચડી જવાને લીધે અક્ષરો પણ ઝાંખા પડી ગયા અને બોર્ડપર 'સ્વદેશી માલ' વાંચો કે 'વિદેશી માલ' વાંચો, સઘળું સરખુંજ થઇ ગયું. મતલબ કે કાળે 'સ્વદેશી' 'વિદેશી'નો ભેદ પાછો ટાળી નાખ્યો.

પરંતુ વસંતલાલની દુકાન અને તેના શરીરપર ઉપલા દીવસ પછી વિદેશી કાપડ ન ચડ્યું તે નજ ચડ્યું. તે સ્વદેશી માલજ વાપરતો અને સ્વદેશીનોજ વેપાર કરતો. સાથે સાથે હમેશની માફક સિદ્ધાન્ત વગરના મનુષ્યોની નીડર સમાલોચના પણ તે કર્યાજ કરતો. ભલે તે અમલદાર હોય, વકીલ હોય શેઠશાહુકાર હોય, મહાજન હોય કે ગમે તે હોય પણ સત્યના માર્ગેથી ચલિત થતાંજ તે એની નીડર, કડક અને તીવ્ર ટીકાનો ભોગ થઇ પડતો. કોઇનો

પણ હગાઇ કે ધૂર્તતાની તેને ખબર પડતી તો જ્યાં સુધી તે એના મ્હોંપર સાચી વાત ન ઝાડતો ત્યાં સુધી એને ચેન પડતું નહિ. લોકો કહેતા કે વસન્તલાલ સ્વદેશીનો ભોગ થઈ પડ્યા છે. પહેલાં પોતાના વેપારમાંથી તે મહીને પચાસ સાઠ રૂપીઆ પાડતો, પણ હવે સ્વદેશી માલ રાખ્યા પછી મહા મુશ્કેલીએ તેને પંદર વીસ રૂપીઆ મળે છે. મહોલ્લાની સ્ત્રીઓ કહેતી કે વસન્તની સ્ત્રી પાસે હવે આગળ જેટલાં ઘરેણાં નથી. પહેલાં તો દર વર્ષે તે એકાદ ઘરેણું નવું ઘડાવતી! તેને બદલે હવે તેને દર વર્ષે એકાદ વેચવું પડે છે!

લોકો તેને કહેતા કે "ભાઇ દુનિઆની રૂખ પ્રમાણે ચાલો! શા માટે નકામું નુકશાન વહોરી લો છો?" તે હસીને જવાબ આપતો કે "હું તો મારા અંતઃકરણ પ્રમાણેજ ચાલું છું. **ઇમાનદારીના દસ રૂપીઆ બેઇમાનીના હજારો રૂપીઆ કરતાં પણ અધિક છે.** હું થોડી આવકમાં પણ ઘણા સુખથી રહું છું. મને કોઇ વાતની ખોટ નથી." આ જવાબ સાંભળીને શીખામણ દેવા આવનારાઓ આગળ ન બોલી શકતા.

શરાફ રામમોહનરાયે પોતાના નોકરને એક દહાડો ખૂબ માર મારીને કહાડી મુક્યો, તેનો બે માસનો પગાર નીકળતો હતો તે પણ ન આપ્યો. નોકર રોતો રોતો વસન્તલાલને ત્યાં આવ્યો. કમર, વાંસો, માથું, ચહેરો, ઇત્યાદિપર પડેલી મારની નિશાનીઓ બતાવી તેણે પોતાની કહાણી એને કહી સંભળાવી. વસન્તલાલે કહ્યું: "ફિકર ન કરતો ભાઈ, હું બંદોબસ્ત કરૂં છું. તું રો નહિ; અહીં બેસીજા."

દફ્કાતરો બંધ કરી તે સીધો શરાફને ઘેર ગયો. તે ગયો તે સમયે રામમોહન શેઠ ત્રાડ પાડી પાડીને બોલતા હતા: "ઇમદાદ, તેં

હજુ તો એ સસરાને ઓછો માર્યો. કહે છે કે મારી છોકરી તમારે ત્યાં કામ કરવા નહિ આવે. બેઇમાન બદમાશ નહિ તો!"

આ શબ્દો બોલતા હતા એટલામાંજ વસન્તલાલ ત્યાં આવી પહોંચ્યો. તેને જોઇને રામમોહન શેઠ ન-ન-પ-પ થઈ ગયા અને બોલ્યા: "આવો ભાઈ વસન્તલાલ, કેમ આવ્યા?"

વસન્તલાલે કહ્યું: "શેઠ સાહેબ, આપનો નોકર મારી પાસે આવ્યો હતો. તેણે મને જે કંઈ કહ્યું છે તે તો હું આપને શું કહું? પણ આમ કરવું એમાં આપની શોભા નહિ. શું આમ કરવા માટે પરમેશ્વરે આપને આટલા ધનદોલત આપ્યાં છે? ખેર, હવે થયું તે થયું. કૃપા કરીને આપ એ ગરીબ માણસના પગારના રૂપિયા આપી દો એટલે નિકાલ પતે."

રામમોહન શરાક કંઈક કરડાકીમાં બોલ્યા: "વસન્તલાલ, બીજાની બાબતમાં તમે શા માટે નકામા પડતા ફરો છો? તમારી આવી ટેવથી શહેરના મોટા મોટા શેઠ શાહુકારો અને અમલદારો તામારાપર નારાજ છે. હું તમને સાચા અને ઇમાનદાર આદમી સમજું છું અને તમારા માટે મારા મનમાં માન છે. હું તમને શીખામણ દઉં છું કે આવી પારકી બાબતોમાં માથું ન મારો; તમે તમારૂં કામ સંભાળો. આવ્યા છો નોકરનો પક્ષ લઇને; કોઈ પંચ છો?"

વસન્તલાલે સહેજ હસીને કહ્યું: "પારકાની બાબતોમાં હું જાણી જોઇને માથું નથી મારતો. કોઈ બિચારો દુઃખ રડવા આવે છે તો હું વિચાર કરૂં છું કે હું કાંઈ કામ કરી શકું એમ છું કે નહિ. જો કામ આવી શકું એમ હોય તો અન્યાય દૂર કરવાને માટે તનતોડ

મહેનત કરૂં છું, આપની શીખામણ હું માથે ચડાવું છું, પરંતુ જરા કૃપા કરીને કહેશો કે નોકરનો પગાર લેણો નીકળે છે કે નહિ ?"

રામમોહન—નીકળે છે તો ખરો, પણ હું તે બદમાસને આપીશ નહિ.

વસન્તલાલ—શા માટે નહિ આપો ? તેને આપના આચરણ-પર શંકા આવવાથી પોતાની યુવાન પુત્રીને આપને ઘેર રાતને સમયે કામ કરવા ન મોકલી તેટલા માટે ? શેઠ સાહેબ આમ રૂપિયા રોકીને આપ કોઇની આબરૂપર તરાપ નહિ મારી શકો. વિચાર કરો આપને પણ પુત્રીઓ છે.

રામમોહન ખૂબ ગુસ્સે થઇને ત્રાડી ઉઠયા: "અરે, કોઈ છે કે ! આને બહાર કાઢો."

વસન્તલાલ—"અરે ! એમાં કોઇને બોલાવવાની શી જરૂર છે ? હું જાતેજ ઉઠીને જાઉં છું. આ સમયે આપ ગુસ્સામાં છો. પરંતુ થોડીવાર પછી જ્યારે આપનો ક્રોધ ઉતરી જાય ત્યારે આપના આચરણપર શાન્તિથી વિચાર કરજો અને પગારના લેણા નીકળતા રૂપિઆ નોકરને બોલાવીને આપી દેજો. કાલ સવાર સુધીની મુદત આપું છું."

શરાફ સાહેબના બડબડાટપર જરાયે ધ્યાન આપ્યા વિના વસ-ન્તલાલ ઉઠીને ચાલતો થયો.

(૩)

કોલેજનો અભ્યાસ કરીને તરતજ બહાર નીકળેલા તાજા વકી-લોમાં જેવો દેશપ્રેમ ઉભરાઈ જતો જોવામાં આવે છે તેવો દેશપ્રેમ તેમનો વકીલાતનો ધંધો જામી ગયા પછી તેમનામાં જોવામાં આ-

વતો નથી. આનાં અનેક કારણુ છે. કોલેજના શિક્ષણના પ્રભાવની છાપ હજુ મગજપર તાજીજ હોય છે; અહીંતહીંની અવનવી વાતોથી તેમનું મગજ ઉત્સાહપૂર્ણ હોય છે; શરીરમાં જુવાનીનું લોહી કંઇક ઔર જુસ્સાથી દોડતું હોય છે. આ સઘળાં કારણોને લીધે નવા નવા વકીલો સભાઓમાં હાજરી આપે છે; પ્લેટફોર્મ ગજાવે છે અને કંઇ કંઇ સંસ્થાઓના ઓનરરી સેક્રેટરી પણ બને છે. આ સિવાય એક બીજું પણ કારણ છે. નવા નવા હોવાને લીધે વકીલાત ચાલતી નથી, વખત ખૂટતો નથી અને મનમાં પ્રબળ ઇચ્છા હોય છે કે આપણું નામ નીકળે તો ઘરાકી જામતાં વાર લાગે નહિ; માટે કંઇક જાહેરનું કાર્ય કરવું જોઇએ. આ કારણથી પણ નવા વકીલો દેશપ્રેમી નીવડે છે અને પછી જ્યારે તેમની વકીલાત તેજીપર આવતી જાય છે અને લક્ષ્મીદેવીના નુપુરનો ઝંકાર ઘરમાં સંભળાવા લાગે છે ત્યારે દેશભક્તિનાં કાર્યો તરફથી દિલ ઉઠતું જઇને અધિક કમાવા તરફ કે પછી આરામ લેવા તરફ મન દોડે છે અને કોલેજમાંથી નીકળતી સમયનો તેમનો સર્વ જુસ્સો ઠંડો પડી જાય છે તથા એક નાની સંસ્થાના સેક્રેટરી કહેવડાવવા કરતાં મોટા મોટા અમલદારોના ઓળખીતા કહેવડાવવાનું વધારે પસંદ પડવાને લીધે સેક્રેટરીપણું છોડી દેવામાં આવે છે. વર્ષમાં જ્યારે એકવાર ડીસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં કોન્ગ્રેસ અને કોન્ફરન્સો ભરાવાનો સમય આવી લાગે છે. ત્યારે તેટલો સમય પાછો તેમનો દેશપ્રેમ ઉછળે છે. દેશપ્રેમના બહાના તળે હવાપાણીની ફેરબદલી, સહેલસપાટા અને મેળમુલાકાત ઇત્યાદિને માટે કલકત્તા કે લાહોરમાં ભરાવાની કોન્ગ્રેસની મુસાફરીએ જવાની તૈયારીઓ થાય છે. બસ, છેવટે તેમનો દેશપ્રેમ આ હદે આવીને ઉભો રહે છે અને એમ કરતાં જો કોન્ગ્રેસના મંડપમાં

ભાષણ કરવાનો યોગ મળી આવે અને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવે તો એ સઘળું નકામાં ગણાય છે !

બીજે દિવસે પણ રામમોહન શેઠે નોકરનો પગાર નહિ ચુકવવાથી વસંતલાલ એક નવા વકીલ સાહેબ પાસે ગયો અને તેમની મદદથી દીવાની કોર્ટમાં દાવો માંડયો. વકીલ સાહેબ નવા સવા હોવાથી તેમણે વસંતલાલનો બહુ આદરસત્કાર કર્યો.

૧૫ મી તારીખની મુદત પડી. શરાફ રામમોહન શેઠ પોતાના મિત્ર વકીલ કુંજવીહારીને લઇને મુન્સફ સાહેબને મળવા ગયા. મુન્સફ સાહેબ નવાજ આવેલા હતા. તેમની સાથે અહીંતહીંની વાતો કરી અને ઘેર આવીને મુન્સફ સાહેબનાં છોકરાંઓ માટે નાગપુરનાં સંતરાં, કાશ્મીરનાં સક્કરજન અને પોતાના બગીચાની ઉંચી જાતની આપુસ કેરીઓનો કંડીઓ ભરીને તેમને ઘેર મોકલ્યો. મુન્સફ સાહેબે તે સ્વીકારવાની બહુયે ના કહી છતાં પણ કંડીઓ પરાણે આપવામાં આવ્યો. બીજે દિવસે મુકર્દમો હતો.

કોર્ટમાં ભીડ પુષ્કળ હતી. એક તરફ અસહાય.નિર્ધન નોકર હતો અને બીજી બાજુએ લક્ષાધિપતિ શરાફ હતા. નોકરના મદદગાર વસન્તલાલ અને એક નવો વકીલ બન્ને જણ હતા. જ્યારે બીજી બાજુએ શરાફ રામમોહનની મદદમાં અર્ધો ડઝન વકીલ હતા ! રૂા. ૨૪ નો દાવો હતો અને આ નાના મુકર્દમામાં આટલી બધી ભીડ જોઇને મુન્સફ સાહેબને આશ્ચર્ય થયું; પરંતુ તેમને વધુ આશ્ચર્યજનક તો એ લાગ્યું કે પ્રતિવાદીની જગ્યાએ લખપતી શરાફ રામમોહનરાયનું નામ હતું અને તેમની તરફથી પાંચ વકીલોના લશ્કર સાથે વકીલ કુંજવિહારી હાજર હતા. તેમણે પટાવાળાને બોલાવીને ધીરેથી

પણ પાસે બેઠેલો વકીલ કુંજવિહારી સાંભળે એવી રીતે કહ્યું કે "ઘેર જઇને કહી આવ કે ગઈ કાલે શરાફ રામમોહનને ત્યાંથી આવેલાં ફળ કોઈ ખાય નહિ."

મુકદ્દમો શરૂ થયો. વાદીના વકીલે કહ્યું: "જો શરાફ રામમોહનરાય મારા અસીલના રૂપિઆ નીકળતા હોવાની મ્હોડેથી ચોક્ખા નાજ કહેતા હોય તો દાવો ખેંચી લેવાને અમે તૈયારજ છીએ."

મુન્સફ સાહેબે ગુસ્સાભર્યા ચહેરે કુંજવિહારી સામે જોઇને કહ્યું: "પ્રતિવાદીને બોલાવો."

વકીલ—સાહેબ તેમનો મુનીમ હાજર છે.

મુન્સફ—તેને મોકલીને પ્રતિવાદીને બોલાવી મંગાવો.

વકીલ—તેમની તબીયત આજ કેટલાક દિવસ થયાં નરમ રહે છે.

મુન્સફ—શું કહ્યું? કેટલાક દિવસ થયાં? ગઇ કાલે સાંજે તો એ તમારી સાથે મારે ઘેર મળવા આવ્યા હતા!

કુંજવિહારીને થયું કે પૃથ્વી માર્ગ આપે તો સમાઈ જાઉં! તેને ચક્કર આવવા લાગ્યાં. ન્યાયનો પૂર્ણોજ્જવલ પ્રકાશ કોર્ટમાં સર્વત્ર પ્રસરી રહ્યો હતો. કુંજવિહારીની આંખો આ તેજ સહન ન કરી શકી, પરંતુ વસન્તલાલનું હૃદય તો આ પ્રકાશ ઝીલીને પ્રફુલ્લ બની ગયું. કોર્ટમાં શાંતિ વ્યાપી ગઈ.

મુન્સફ સાહેબે હુકમ કર્યો: "શરાફ રામમોહનરાયને ખુદને કોર્ટમાં હાજર કરો.

બહાર આવીને શરાફ સાહેબના વકીલોએ પેલા નોકરને રાજી-

નામું આપવાને સમજાવ્યો. નોકરને ત્રીસ રૂપિયા આપવામાં આવ્યા. તેણે રાજીનામું આપ્યું દાવો કાઢી નાંખવામાં આવ્યો.

મુકર્દમાના આવા પરિણામને લીધે શરાફ રામમોહન અને તેના વકીલો પર જે અસર થઇ તે તો થઇજ. પરંતુ મુનસફ સાહેબે પાછી મોકલેલી ફ્રુટની ટોપલીએ તો તેમના હૃદયને સખત આઘાત કર્યો.

(૪)

ધીમે ધીમે આ મુકર્દમાની સઘળી બીના લોકોમાં ફેલાઇ ગઇ. શહેરના લોકો વસન્તલાલને મુબારકબાદી આપવા લાગ્યા. કોઇ કહેતા કે "ભાઇ ઠીક કર્યું; ખૂબ પછાડ્યો. આજ કેટલા દિવસ થયાં ચઢી ગયો હતો; ઇત્યાદિ." વસંતલાલ કહેતો કે "એમાં પછાડવાનું શું હતું? અદાલતમાં તો એમ થયાજ કરે. કોર્ટના મામલા છે એટલે એવું તો હંમેશાં બન્યા કરે. મારી પ્રશંસા કરવાને બદલે દીન દુઃખીઓને મદદ કરો તો પ્રભુ કલ્યાણ કરશે!"

એક દિવસ સાંજે વસંતલાલ ભોજન કરી લીધા પછી પોતાની સ્ત્રી સાથે વાતો કરતો હતો. તેની સ્ત્રી ગામડાની હતી. વાંચતાં લખતાંયે તે શીખી ન હતી; પરંતુ વસન્તલાલના સહવાસથી તેનામાં બહુજ ફેરફાર થઇ ગયો હતો. તેનામાં શહેરની સ્ત્રીઓના વાતચીતના સફાઇ અને હાવભાવ તો ન હતાં, પરંતુ સચ્ચાઇ અને વિનયની તો તે પ્રતિમાજ હતી. પોતાના પતિના પરોપકારી સ્વભાવને લીધે તે એને ઇશ્વર સમાન ગણતી અને લોકોમાં વસંતલાલની સ્તુતિ થતી સાંભળીને તે બહુ આનન્દ પામતી. જો કોઈ એનું બૂરૂં બોલતું તો તે આકુળ વ્યાકુળ થઇ જતી. આજે તેણે કોઇ સ્ત્રીને મ્હોડેથી વાત સાંભળી હતી કે શરાફ રામમોહનરાય વસન્તલાલની વિરૂદ્ધ એક મોટી ખટપટ કરી રહ્યાં છે અને તેને કોઈ ફંદામાં ફસાવવાની યુક્તિ કરે છે. જે સ્ત્રીએ તેને આ વાત કહી હતી તેણે એમ પણ કહ્યું હતું કે

વસન્તલાલે આવાં કામોમાં માથું ન મારવું જોઇએ. એક હલકા નોકર માણસને તેની વિરૂદ્ધમાં મદદ આપવી એ સારૂં નજ ગણાય. પોતાની સ્ત્રીને મ્હોડેથી આ બધું સાંભળી લીધા પછી વસન્તલાલ બોલ્યો: "હું જાણું છું કે સાધારણ કપડાં અને સાદા ખોરાક સિવાય હું તને બીજું કાંઇ આપી શકતો નથી; પણ મને આશા છે કે તું આટલેથી સંતુષ્ટ રહેતી હઇશ. જો તને કાંઈ પણ ચીજની જરૂર હોય કે ખોટ હોય તો મને કહે. હું તે મટાડવાને બનતી કોશિશ કરીશ."

સ્ત્રી—"સાદાં કપડાં અને સાદા ખોરાકની સાથે મને આપના હૃદયમાં જે સ્થાન મળે છે એજ મારે મન સ્વર્ગના રાજ્ય સમાન છે; પણ મારી એક ઇચ્છા એ છે કે તમે લોકોના આવા મફતના બખેડાઓમાં ન પડો. લોકો આપનું ખૂરૂં બોલે છે તે મારાથી સહન નથી થતું."

એટલામાં બહારથી કોઇ બોલાવતું હોય એવો અવાજ આવ્યો. વસન્તલાલે બહાર જઇને જોયું તો ન્યાયમૂર્તિ મુન્સફ સાહેબ મંદ મંદ હસતા આંગણામાં ઉભા હતા. !

તેમને જોતાંજ વસન્તલાલ આશ્ચર્યથી બોલી ઉઠ્યો: "સાહેબ, આપે તકલીફ લીધી? કંઇ હુકમ?"

મુન્સફ—"વસન્તલાલ, તમારો પરિચય થવાથી મને બહુ આનંદ થાય છે. અહીં હું 'સાહેબ' નથી, મને 'સાહેબ' કહીને નહિ પણ 'શ્યામનાથ' કહીને બોલાવો. વારૂ, બેસો તો ખરા; તમારૂં એક કામ પડ્યુંછે."

વસન્ત તો સ્તબ્ધજ થઇ ગયો. જે ન્યાયમૂર્તિને તેણે અદાલતમાં ન્યાયાસનપર જોયા હતા અને પૂર્ણ ભક્તિભાવથી જેને તેણે પોતાના હૃદયમાં બેસાડ્યા હતા તે ખુદ આજે હસતા હસતા હાથમાં રેકેટ લઇને ચાલીને તેને ઘેર આવ્યા! તે તો બિચારો કાંઇ સમજીજ ન શક્યો.

બન્ને ઘરમાં ગયા. બેસતાં વારજ મુન્સફ સાહેબે બોલવાનું શરૂ કર્યું: "મને એક મિત્ર તરફથી ખબર મળ્યા છે કે શરાફ રામમોહ-

નશાય અને વકીલ કુંજવિહારીલાલ તમારા સામે એક ભયંકર કાવત્રું ઘડી રહ્યા છે. આવી સ્થિતિમાં તમારે અહિં રહેવું સહિસલામત નથી. તમે એકલા છો; ન કરે નારાયણને કાંઈ અનિષ્ટ થયું તો તમારી સ્ત્રીના શા હાલ? શહેરના લોકો અને લાંચીઆ અમલદારો સઘળા તમારી વિરૂદ્ધ છે. આમ હોવાથી મેં એક યુક્તિ શોધી કાઢી છે. જો તમે માનો તો તમને પણ લાભ થશે અને મારૂં કામ પણ પાર પડશે."

વસન્ત—"સાહેબ સત્યને રસ્તે ચાલવાથી જે પણ થશે તે સારાને માટેજ હશે. પરંતુ આપના શા ઉપયોગમાં આ સેવક આવી શકે એમ છે તે કહો. આપની ન્યાયનિષ્ટાએ તો મને આપને આધીન બનાવી દીધો છે."

મુન્સફ—"સાંભળો, મારા સસરા મોટા જમીનદાર હતા. તે ગુજરી ગયા છે. તેમની વિધવા–મારી સાસુ અને એક નાની પુત્રી–મારી સાળી એ બંને હાલમાં એકલાં છે. તેમની જે જાગીર તથા સ્થાવર જંગમ મીલકત છે તેની દેખરેખ રાખનાર હાલમાં કોઇ નથી. મેં કેટલાંયે માણસો રાખ્યાં, પણ જયારે જઇને જોઉં ત્યારે હિસાબમાં ગડબડ હોયજ. મારી એવી ઇચ્છા છે કે તમે તમારી સ્ત્રીને લઇને તે જાગીરપર જાઓ. માસિક રૂ. ૧૦૦) નો પગાર તથા રહેવાને માટે મફત મકાન તમને ત્યાં મળશે. હું તમને મારા નોકર નહિ પણ મિત્ર સમજીશ. કહો કબુલ છે? મને ખબર છે કે તમારી દુકાનમાં બહુ માલ ભર્યો નથી. કાલના દિવસમાં તેને વેચી સાટી બધો બંદોબસ્ત કરી દો અને રાતની ટ્રેનમાં અહિંથી ઉપડી જાઓ. ભાઇ વસન્તલાલ, મને નિરાશ ન કરશો. હું તમારી પાસે આટલી મદદ માગવા આવ્યો છું."

વસન્તનું મન હર્ષ અને શોકને હિંદોલે ચહડયું. મુન્સફ સાહેબની સહૃદયતા, વિનયશીલતા અને ઉદારતા જોઇને તે તેમની વાતનો અસ્વી-

કાર કરી શક્યો નહિ. તે બોલ્યોઃ " આપ મારી હદ ઉપરાંત કદર કરો છો. મારે માટે રૂા. ૩૦)નો પગાર બસ છે. મોટી ખુશીથી હું આપની આજ્ઞા ઉઠાવીશ. પરંતુ મને આ શહેર છોડતાં બહુ દુઃખ થાય છે."

મુન્સફ—" વસન્તલાલ, તમારા જેવો આદમી હજારમાં એક પણ મળવો મુસ્કેલ છે. મારૂં માનો તો શહેરનો મોહ છોડી દો અને કાલ રાતની ગાડીમાં અહિંથી ઉપડી જાઓ."

વસન્ત—"પણ જો આપને આ વાત કહેવી હતી તો આપ મને આપને બંગલે બોલાવીને પણ કહી શકત. અહિં આવવાની તસ્દી લેવાની શી જરૂર હતી."

મુન્સફ—" મારા પોતાના કામ માટે તમારા જેવા પરોપકારી પુરૂષને મારે ઘેર બોલાવવાનો મને શો અધિકાર હતો? વારૂ, હવે આજથી તમે એમના નોકર અને મારા મિત્ર બન્યા છો. લો આ પહેલા માસનો પગાર તમને અગાઉથી આપું છું. આટલું કહી મુન્સફ સાહેબે દસદસ રૂપિયાની દશ નોટે વસન્તલાલના હાથમાં મૂકી.

વસંતલાલે બહુયે ના કહી પણ તેમણે નોટો પાછી લીધી નહિ આવો પ્રામાણિક માણસ મેળવવાની ખુશાલીની વાત પોતાની સ્ત્રીને કહેવાના હરખમાંને હરખમાં મુન્સફ સાહેબ ત્યાંથી એકદમ ઉઠીને રસ્તે પડ્યા.

વસન્તલાલની સ્ત્રી તો આ સઘળું સાંભળીને સ્તબ્ધજ થઇ ગઇ. મ્હોડા અને આંખોના ચાળા ચસ્કા કરતાં તો તેને આવડતું ન હતું, પરંતુ પ્રેમના આવેશમાં તે પતિને ગળે વળગી પડી અને આનંદનાં આંસુ સારવા લાગી.

નિડરતા અને સત્યના આચરણમાં પ્રથમ નુકશાન જણાય તો પણ આખરે તો તેનો બદલો સત્ય રૂપી પ્રભુ આપે છે જ.

સાચો પતિપ્રેમ.[×]

"હે કાળી માતા! મારા પતિને જીવાડજે. હું મારા ઘરથી તારા મંદિર સુધી દરેક ત્રણ ત્રણ પગલે પૃથ્વીપર લોટતી લોટતી આવી તારી પૂજા કરીશ." મૃત્યુના દુઃખથી રીબાતા એક હિંદુ યુવકની યુવાન સ્ત્રીની આ પ્રાર્થના હતી. આ યુવતી લક્ષાધિપતિની પુત્રી છે અને લક્ષાધિપતિની પુત્રવધૂ છે. યુવતી કલકત્તામાં ઉછરી છે અને કલકત્તામાંજ પરણાવેલી છે. તે સુંદર છે તેવીજ સુશિક્ષિત પણ છે. લોકો કહે છે કે ભણ્યા ગણ્યાથી પ્રાચીન સંસ્કાર બદલાઇ જાય છે; પણ કેવળ યુરોપિયન ઢબનું શિક્ષણ લેનાર સ્ત્રીઓનાજ સંસ્કાર બદલાય છે. પરંતુ કદાચ સંસ્કાર બદલાઈ જાય તો પણ વિપત્તિના સમયે, વિશેષ કરીને જ્યારે હિન્દુસ્ત્રીને પતિના જીવનની આશંકા આવે છે ત્યારે તે પોતાના કુળનો પ્રાચીન સંસ્કાર તરફ ફરીને પાછી આવે છે.

કાળી માતાએ યુવતીના હૃદયના ઉંડાણમાંથી નીકળેલી પ્રાર્થના સ્વીકારી. યુવક જીવ્યો. હવે યુવતીની પ્રતિજ્ઞા પુરી કરવાની વારી આવી. યુવતી એક મોટા કુટુંબની હિંદુ લલના છે. બહારના કોઇએ તેના પગની પાની સુદ્ધાં જોઈ નથી, તેમ કદી પગે ચાલીને કયાંય તે ગઇ નથી. હવે તેને માત્ર ચાલવાનુંજ નથી, પણ લક્ષાધિપતિની પુત્રીને, લક્ષાધિપતિની પુત્રવધુને પોતાના સુકુમાર શરીરે સડકના કાંકરાપર આળોટવાનું પણ છે. યુવતી તે કરવાને માટે જવા તૈયાર થઇ. કેમ તૈયાર ન થાય? તે હિંદુ સ્ત્રી છે, પતિ તેના દેવ છે, તેનું જીવન સર્વસ્વ જે પતિ તે તેની પ્રાર્થનાનુસાર જીવ્યો છે. કાળી

× આ એક સત્ય ઘટના છે—**સંપાદક.**

માતાની આવી અસાધારણ કૃપા પ્રાપ્ત કરીને તે શું તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરતાં પાછી પડે ?

યુવતી સાસરેથી નીકળી સડકપર આવી. રાત્રીના બે વાગ્યા હતા. કાળીઘાટ ત્યાંથી આશરે ત્રણ ગાઉ ઉપર છે, અને તે પોતાના શરીરની નિર્બળતાથી જાણતી હતી કે મોડેથી નીકળવાથી ધારેલા સમયે પહોંચી શકાશે નહિ. તે અંધારી રાત્રી છતાં આટલી વહેલી તે કારણથી નીકળી પડી હતી.

દરેક ત્રીજા પગલે તે પૃથ્વીપર લોટતી લોટતી આગળ ચાલી. લુગડાં ધૂળથી મલિન થવા લાગ્યાં. તેની કંચન જેવી ઉજ્જવળ કાયા પર ધૂળ લાગી. વારંવાર સડકપર આળોટતે આળોટતે જવાથી સવાર પડી ગઇ. સડકપર મ્યુનિસિપાલિટીના માણસોએ છંટકાવ કરવાથી સડકપર બધે કાદવ થઇ ગયો. યુવતી આ કાદવમાં પણ આળોટતી આળોટતી આગળ ચાલી. સૂર્યોદય થયો હતો. સડકપર ચાલનારની ભીડ હતી. કાદવમાં આળોટતી આગળ ચાલતી યુવતીની બન્ને બાજુએ જોવા એકઠા મળેલા લોકોનો મોટો મેળો ભરાઇ ગઈ હતો.

આશ્ચર્યમાં ડુબેલાં નરનારીઓની બન્ને બાજુ થયેલ ભીડની વચ્ચે સડકના કાદવમાં આળોટતી યુવતી માતાના મંદિર આગળ પહોંચી ગઇ ત્યારે સવારના નવ વાગ્યા હતા. એક સાથે સાત કલાક સુધી સડક સાથે સંગ્રામ કરવાથી તેના થાકનો પાર રહ્યો નથી. કાદવથી ખરડાયલું તેનું મુખ જોનાર પરિચિત મનુષ્ય પણ તેને ઓળખી શકે એમ નહોતું. શરીરમાં કાંકરા વાગવાથી સેંકડો જગાએથી લોહી નીકળતું હતું, તો પણ તે પતિના મંગળાર્થે પોતાના શરીરને માતાના પાદારવિંદમાં લાવી સમર્પણ કરવા સમર્થ થઇ તેથી તેના મનનો વિમળ આનંદ તેનાં નેત્રો અને હોઠો પર ચમકી રહ્યા હતો.

પતિની જીવનરક્ષાને માટે આવી પ્રતિજ્ઞા કરી તે પૂર્ણ કરવાથી સતી સ્ત્રીના હૃદયમાં જે સંતોષની અમૃતધારા વહે છે તેના મધુર આનંદની ખુબી હિન્દુ લલનાજ જાણે છે. હિંદુ સ્ત્રીઓની ભીડથી કાળીમાતાના મંદિરનું વિશાળ આંગણું પરિપૂર્ણ થઇ ગયું હતું. મંદિરમાંથી મનુષ્ય ઉભુ રહી શકે એવી સર્વ જગ્યાએ સ્ત્રીઓજ નજરે પડતી હતી. સર્વના મોઢેથી "ધન્ય ધન્ય" ધ્વની નીકળી રહ્યાં હતો. સતી સ્ત્રીના આ વિરલ કાર્યપર ઝાંઝ, ઘડિયાળ, શંખ આદિ વિજય વાદ્યોના અવાજોથી કાળીઘાટ ગુંજાયમાન થઇ રહ્યો હતો. બ્રાહ્મણો પણ જયજયકારનો ગગનસ્પર્શી કોલાહલ મચાવી રહ્યા હતા. મોટા મેળાઓ વખતે જેવી ધામધુમ હોય છે, તેવીજ ધામધુમ પતિવ્રતા સ્ત્રીની ચારે બાજુ માતાના મંદિરમાં દેખાઈ રહી હતી. મોટા મેળામાં માતાની મૂર્તિનાં દર્શન કરવાનો જેટલો ઉત્સાહ સર્વસાધારણ હોય છે તેવોજ ઉત્સાહ આજે કાદવથી ખરડાયલી આ સ્ત્રીનાં દર્શન કરવાનો છે. કેટલીએ બ્રાહ્મણ સ્ત્રીઓ તેની ન્નતભાતનો વિચાર કર્યા સિવાય તેનાં ચરણ સ્પર્શ કરવા પડાપડી કરી રહી હતી ત્યાં પછી અન્ય જાતિની સ્ત્રીઓની સંખ્યા અને ઉત્સાહની તો વાતજ શી કહેવી ?

આજે પણ એ હિંદુ સ્ત્રી હયાત છે અને આ ઘટનાનો અક્ષરે અક્ષર સત્ય છે. પૃથ્વીપરની જે સભ્ય જાતો સભ્યતાની કેટલીએ સામગ્રી ધરાવવા છતાં ઉત્તમ આર્યલલનાઓના ઉંડા ગૃહસુખથી વંચિત રહે છે તેમને માટે અને તેમનું જોઇ યુરોપિયન બની બેઠેલી હિન્દી સ્ત્રીઓને સમજવા અને વિચારવા માટે આ ઘટનામાં ઘણો મસાલો છે. જીવન કાંઇ રમત નથી અને સ્વાર્થત્યાગનું સુખ એ કાંઈ મૃગતૃષ્ણા નથી. તેના સત્યનું સમાધાન પૃથ્વીપર માત્ર એકલા હિંદુઓએ જ પ્રાપ્ત કર્યું હતું અને તે સમાધાન અનુસારજ હિંદુઓનું જાતીય

જીવન ગઠિત કરવામાં આવ્યું હતું. દુર્દૈવકાળે અમારી બુદ્ધિ ભ્રષ્ટ કરી દીધાં છે. કિંતુ અનેક સારા પદાર્થો ખોવા છતાં પણ અદ્યાપિપર્યંત આપણે આપણું ગૃહસુખ જેટલું સ્થિર રાખી શકયા છીએ તેના આગળ અનેકાનેક રાજરાજેશ્વરોને પણ ઉભા રહી આપણી તુલનાથી તેમના અભાગ્યનો વિચાર કરવો પડે છે. માત્ર આપણે એકલા હિંદી સ્ત્રી પુરૂષોજ આપણી આ દરેક પ્રકારની કુગતિના કલેશકર દીવસો છતાં પણ માથું ઉંચું કરી કહી શકીએ છીએ કે સંસારમાં શુદ્ધ ગૃહસુખ છે તો તે અમારાંજ કુટુંબોમાં છે. જો ગૃહસુખનું ઉમદા શિક્ષણ લેવું હોય તો તે માત્ર પતિપરાયણ હિંદુસ્ત્રીઓ પાસેથીજ જગત લઇ શકે તેમ છે.

જ્યારે આપણે સાંભળીએ છીએ કે વિલાયતની વિદુષી નારીઓ પ્રતિપ્રેમના બંધનમાં પડવા ઇચ્છતી નથી, જ્યારે આપણે સાંભળીએ છીએ કે ઘરનું એકદેશીય જીવન તેમને રસ વિનાનું લાગે છે, જ્યારે માલુમ પડે છે કે તેમને માટે પતિમાં આત્મસમર્પણ કરવું અસંભવિત છે, ત્યારે દુઃખદ ચિત્ત એજ વિચાર કરવો પડે છે કે કયા ગુરૂની શિક્ષાએ નારીલતાને આવી શુષ્ક અને કઠીન હૃદયા બનાવી દીધી! સાવધાન હિંદુઓ!!! અંગ્રેજી શિક્ષણ આપવાના પ્રવાહમાં પડી અમૃતના ભ્રમથી પોતાના ઘરમાં ઝેરનો પ્યાલો લાવતા નહિ. હિંદુલલનાને કદિપણ એવું શિક્ષણ મળવું જોઇએ નહિ કે જે તેમના ખરા ગૃહ-સુખમાં અને સ્વધર્મમાં બાધક થઇ પડે. સ્ત્રીવર્ગ માટે ખાસ તેમના બરનું શિક્ષણ તેમની માતૃભાષા દેશભાષા અને ધર્મભાષા દ્વારા અપાય એ તો બહુજ જરૂરી છે. પરંતુ તેમને અંગ્રેજી ભાષા પણ શીખવાનો અને ગૌરાંગો સાથે હસ્તધૂનન કરાવવાનો પણ શોખીનો અભખરો લાગ્યો છે, તેનાં લાભ હાની કાંઇ થોડાં વિચારનીય નથી.